દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 107 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 May 2026, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૭ મે ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | ૫ | ૬ | ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# તમિળનાડુમાં ખેલ થવાનોઃ વિજયને સત્તાથી દૂર રાખવા દ્રમુક-અન્ના દ્રમુક જોડાણ કરશે?

**સરકાર રચવામાં વિજયનો પનો ટૂંકો પડે છે અને આ જ અસમંજસનો ફાયદો લેવા કટ્ટર દુશ્મનો દ્રમુક-અન્ના દ્રમુક સાથે આવીને વિજયને સત્તાથી દૂર રાખવાની દોડધામ શરૂ કરી છે**

ચેન્નઇઃ ટીવીકેના વડા વિજય બુધવારના રોજ તમિળનાડુના ગવર્નર રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને મળ્યા હતા અને રાજ્યમાં સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો. આ મુલાકાત તેમની પાર્ટી એકમાત્ર સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરી આવ્યાના બે દિવસ પછી થઇ છે. જો કે પાર્ટી પાસે સામાન્ય બહુમત કરતાં ઓછી બેઠકો છે. આથી વિજય ગુરુવારે હવે શપથ નહીં લે. જોકે અત્યારની અસમંજસની પરિસ્થિતિનો ફાયદો લેવા માટે દ્રમુક અને અન્ના દ્રમુક વચ્ચે મંત્રણા શરૂ થઈ છે અને કટ્ટર દુશ્મને વિજયને સત્તા પરથી દૂર રાખવા માટે જોડાણ કરે એવી પણ અટકળો છે. આ આખી રમતની પાછળ ભાજપનો પડદા પાછળથી દોરીસંચાર હોવાનું કહેવામાં આવે છે. અત્રે નોંધનીય છે કે તાજેતરની ચૂંટણીઓમાં ટીવીકેએ ૨૩૪ સભ્યોની તમિળનાડુ વિધાનસભામાં ૧૦૮ બેઠકો પર જીત મેળવી હતી. જ્યારે સરકાર બનાવવા માટે જરૂરી બહુમતી ૧૧૮ હોય છે.

વિજયને બહુમતીનો આંકડો પાર કરવામાં મદદ કરી શકે તેવા નાના પક્ષોમાં ડીએમકેના સાથી પક્ષ વિદુથલાઇ ચિરુથાઇગલ કાચી(વીસીકે)એ હજુ સુધી કોઇ નિર્ણય લીધો નથી. જ્યારે ડાબેરી પક્ષો અને ઇન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ(આઇયુએમએલ)એ ટીવીકે દ્વારા સંપર્ક કરવા છતાં સમર્થન આપવાનો ઇનકાર કર્યો છે. કોંગ્રેસે પાંચ વિધાનસભ્ય સાથે ટેકો આપ્યો હોવા છતાં વિજયને ૧૧૮ના આંકથી પાંચ વિધાનસભ્યની ઘટ પડે છે અને વિજયને ટેકો આપવો કે નહીં એ માટે વીસીકેની આજે ગુરુવારે બેઠક યોજાવાની હતી પણ દ્રમુક અને અન્ના દ્રમુક વચ્ચે ગુપ્ત મંત્રણા શરૂ થતા વીસીકેની ગુરુવારની બેઠક રદ કરાઈ છે.

ટીવીકેના સ્થાપક વિજય લોક ભવન તરફથી મળેલા નિમંત્રણ બાદ બપોરે ૩-૧૫ વાગ્યે રાજ્યપાલને મળ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમની સાથે પાર્ટીના નેતાઓ પણ હાજર રહ્યા હતા. જેમાં 'બુસી' એન આનંદ, આધવ અર્જુન, કે એ. સેનગોટ્ટાઇન, સી ટી નિર્મલ કુમાર અને અન્યોનો સમાવેશ થતો હતો.

કોંગ્રેસ પાર્ટી દ્વારા ટેકો જાહેર કર્યાના કલાકો પછી વિજય રાજ્યપાલને મળ્યા હતા. આ પહેલા ટીવીકે વડા અને કોંગ્રેસના નેતાઓ વચ્ચે અહીં એક બેઠક પણ યોજાઇ હતી. એક બાજુ ટીવીકે, વીસીકે અને બે ડાબેરી પક્ષો તરફથી સમર્થન મેળવવા માટે ઉત્સુક દેખાઇ રહી છે- જે હજુ પણ ડીએમકેના નેતૃત્વ હેઠળના ગઠબંધનનો ભાગ

(જુઓ પાનું ૨) ▸▸



**બેઠકઃ** ચેન્નઈમાં બુધવારે લોક ભવન ખાતે યોજાયેલી બેઠક દરમિયાન તમિળગા વેત્રી કળગમ (ટીવીકે)ના વડા થલપતિ વિજય સાથે તમિળનાડુના ગવર્નર રાજેન્દ્ર આર્લેકર. (એજન્સી)

## અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ હાથવેંતમાં

**૧૪ મુદ્દાના પ્રસ્તાવ પર સમજૂતીની આશા છે**

તહેરાનઃ અમેરિકા અને ઇરાન વચ્ચે સૌથી મોટો વિવાદ અણુ કાર્યક્રમ રોકવાની સમયમર્યાદાને લઈને છે.એક અહેવાલ મુજબ ઈરાને પાંચ વર્ષના પ્રસ્તાવ મૂક્યો છે જ્યારે અમેરિકા આ સમયમર્યાદા ૨૦ વર્ષની હોય એમ ઈચ્છે છે. આ પરિસ્થિતિમાં વચ્ચેનો માર્ગ કાઢવાના પ્રયાસ ચાલી રહ્યા છે.

અમેરિકા અને ઇરાન વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થવાની આશા બંધાઈ રહી છે. બંને દેશ વચ્ચે ૧૪ મુદ્દાની સમજૂતીનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હોવાને કારણે હવે એવું માનવામાં આવી રહ્યું છે કે આ યુદ્ધ સમાપ્ત થવાનો અને પરમાણુ વાતચીતનો માર્ગ નક્કી થઈ રહ્યો છે.

અમેરિકા માની રહ્યું છે કે તે ઇરાન સાથે સમજૂતીની ખૂબ જ નજીક છે જે એક પાનાનાં એમઓયુના સ્વરૂપમાં હશે. આ એમઓયુનો ઉદ્દેશ યુદ્ધને સમાપ્ત કરવાનો અને પરમાણુ વાટાઘાટ માટે વ્યાપક ઢાંચો તૈયાર કરવાનો છે.

અમેરિકાને આશા છે કે આગામી ૪૮ કલાકમાં ઇરાન અમુક મહત્ત્વના મુદ્દે જવાબ આપશે. જોકે હજુ સુધી બંને દેશ વચ્ચે કોઈ અંતિમ સમજૂતી નથી થઈ, પરંતુ યુદ્ધ શરૂ થયું ત્યાર બાદ બંને દેશ વચ્ચેના વાતચીતની આ સૌથી વિશ્વસનીય સ્થિતિ છે.

ઇરાન યુરેનિયમ ઍન્રિચમેન્ટ કાર્યક્રમ પર કામચલાઉ રોક લગાવશે અને અમેરિકા ઈરાન પરનો પ્રતિબંધ હટાવશે તેમ જ તેની ફ્રીઝ કરેલી સંપત્તિ છૂટી કરવા સહિતની બાબતોનો પ્રસ્તાવિત સમજૂતીમાં સમાવેશ થાય છે. જોકે આ તમામ

(જુઓ પાનું ૨) ▸▸

## ટાગોરની જન્મજયંતી-નવમી મેએ બંગાળમાં નવી સરકારની રચના

**નરેન્દ્ર મોદી - અમિત શાહ આ સમારંભમાં હાજર રહેશે**

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં નવમી મેએ ભાજપની પ્રથમ સરકારનો શપથગ્રહણ સમારોહ અહીંના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે એવી જાહેરાત ભાજપના રાજ્ય એકમના વડા સામિક ભટ્ટાચાર્યએ બુધવારે કરી હતી. રાજ્યમાં ટીએમસીનાં પંદર વર્ષના શાસનનો અંત આણ્યા બાદ ભાજપ ઔપચારિક રીતે સત્તા ગ્રહણ કરવા સજ્જ થઈ ગયો છે.

પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર શપથગ્રહણ સમારોહ ૧૦:૦૦ વાગ્યે શરૂ થશે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, ભાજપના પ્રમુખ નીતિન ગડકરી સહિત અનેક કેન્દ્રીય પ્રધાન આ સમારોહમાં

(જુઓ પાનું ૨) ▸▸

## રાજીનામું નહીં આપુંઃ મમતાનો ફરી હુંકાર

પશ્ચિમ બંગાળમાં ભાજપે મુખ્ય પ્રધાનના શપથ ગ્રહણની તૈયારીઓ આરંભી છે. તો બીજી તરફ મમતા બેનરજીએ ફરી એક વાર આકરા તેવર દર્શાવ્યા છે. તેમજ કહ્યું છે કે હું રાજીનામું નહીં આપું. અમે હાર્યા નથી અમને હરાવવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળમાં ભાજપની શાનદાર જીત બાદ મમતા બેનરજી અત્યારે આકરાપાણીએ છે અને રાજીનામું નહીં આપવાની જીદ લઈને બેઠાં છે. સૂત્રોના કહેવા પ્રમાણે, મમતાનું આ નિવેદન બંધારણ કરતા રાજકીય ચાલ વધારે હોવાનું લાગે

(જુઓ પાનું ૨) ▸▸

## સુવેન્દુ દસ દિવસમાં એક બેઠક ખાલી કરશે

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીને તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભવાનીપુર બેઠક પરથી હરાવનારા અને નંદીગ્રામથી ત્રીજી વખત જીત મેળવનારા ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ બુધવારે કહ્યું કે તેઓ ૧૦ દિવસની અંદર જીતેલી બે બેઠકોમાંથી એક ખાલી કરશે.

સુવેન્દુ અધિકારીએ જણાવ્યું કે તેઓ કઇ બેઠક તેમની પાસે રાખશે તે પાર્ટીનું કેન્દ્રીય નેતૃત્વ નક્કી કરશે. તેમણે કહ્યું કે હું ૧૦ દિવસની અંદર એક બેઠક ખાલી કરીશ. જો કે હું કઇ બેઠક મારી પાસે

(જુઓ પાનું ૨) ▸▸

## બિહારમાં આજે કૅબિનેટ વિસ્તરણઃ નીતીશ-પુત્ર પ્રધાન બની શકે છે

પટનાઃ બિહારના પ્રધાનમંડળનું ગુરુવારે આજે વિસ્તરણ થશે. બિહારના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને જેડી-યુના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતીશ કુમારના પુત્ર નિશાંત કુમાર આજે મંત્રીપદના શપથ લઈ શકે છે. નોંધનીય છે કે ૪૫ વર્ષીય નિશાંત કુમાર થોડા મહિના અગાઉ જેડી-યુમાં સામેલ થયા હતા. જેડીયુના વરિષ્ઠ નેતાઓએ તેમને મંત્રીમંડળમાં સામેલ થવા માટે રાજી કર્યા હતા. સૂત્રના જણાવ્યા અનુસાર, કેબિનેટ વિસ્તરણ સમારોહમાં તેઓ શપથ લે તેવી શક્યતા છે.

એક સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે જ્યારથી તેઓ પાર્ટીમાં જોડાયા હતા, ત્યારથી કાર્યકરોની ઇચ્છા હતી કે નિશાંત સરકારમાં જોડાય. ગયા મહિને તેમને નાયબ મુખ્ય પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હોત પરંતુ તેઓ સહમત થયા નહોતા. આખરે તેઓ કેબિનેટમાં સામેલ થવા માટે સહમત થયા હતા.

રાજ્યસભાના સભ્ય બન્યા પછી તેમના પિતા નીતીશ કુમારે મુખ્યપ્રધાનનું પદ છોડવાનો નિર્ણય લીધા પછી એન્જિનિયરિંગમાં સ્નાતક થયેલા નિશાંત કુમારે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. નીતીશ કુમારના રાજીનામા બાદ જ્યારે ભાજપના નેતા સમ્રાટ ચૌધરીના નેતૃત્વમાં નવી સરકાર બનાવવામાં આવી ત્યારે એવી

(જુઓ પાનું ૨) ▸▸

## હિમંતાએ આપ્યું રાજીનામુંઃ ૧૧મી મેએ આસામમાં નવી સરકારના શપથ શક્ય

ગુવાહાટીઃ આસામ વિધાનસભાની ચૂંટણી એનડીએની જીત બાદ નવી સરકારની ગઠનની તૈયારી શરૂ કરવામાં આવી છે. આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વ સરમા રાજ્યપાલને ઔપચારિક રીતે રાજીનામું સુપરત કર્યું હતું. તેમજ આસામમાં નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૧૧ મેના રોજ યોજાઇ શકે છે. તેમજ હિમંતા બિસ્વા સરમા ફરી મુખ્ય પ્રધાનપદના શપથ લઈ શકે છે.

સરમાએ કેબિનેટના પ્રધાનો સાથે રાજીનામું આપી દીધું છે.જેનાથી ભાજપની આગેવાની હેઠળની નવી સરકારની રચનાનો માર્ગ મોકળો થયો. ભાજપની આગેવાની હેઠળની એનડીએએ ૧૨૬ સભ્યોની વિધાનસભામાં ૧૦૨ બેઠકો મેળવી છે. આસામમાં વિધાનસભાની ચૂંટણીઓ ૯ એપ્રિલના રોજ એક જ તબક્કામાં યોજાઈ હતી અને ૪ મેના રોજ પરિણામ જાહેર થયા હતા.

મુખ્ય પ્રધાનના કાર્યાલયે એક્સ પોસ્ટમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૬ ની આસામ ચૂંટણીનાં પરિણામોની ઔપચારિક જાહેરાત બાદ અને નવી સરકારની રચનાને સરળ બનાવવા માટે હિમંતાએ લોકભવન ખાતે રાજ્યપાલ લક્ષ્મણ આચાર્યને મુખ્ય પ્રધાનપદનું રાજીનામું સુપરત કર્યું હતું. તેમની સાથે કેબિનેટ પ્રધાનોએ પણ રાજીનામું આપ્યું હતું. ■

## ચૂંટણી કમિશનરની નિમણૂકનો કાનૂન ઘડવાનો આદેશ સંસદને અમે આપી શકીએ?: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ મુખ્ય ચૂંટણી કમિશનર અને નાયબ ચૂંટણી કમિશનરોની નિમણૂકની પ્રક્રિયાના નિયમન માટે નવો કાયદો બનાવવાનો સંસદને અમે આદેશ આપી શકીએ? એવો પ્રશ્ન સુપ્રીમ કોર્ટે બુધવારે કર્યો હતો.

મુખ્ય ચૂંટણી કમિશનર અને નાયબ ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે જવાબદાર કમિટીમાંથી મુખ્ય ન્યાયાધીશને હટાવતા વર્ષ ૨૦૨૩ના કાયદાની યોગ્યતાને પડકારતી અરજીની સુનાવણી કરતા દીપાંકર દત્તા અને સતીશચંદ્ર શર્માની બનેલી ખંડપીઠે આ ટિપ્પણી કરી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર અને નાયબ ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે જવાબદાર કમિટીમાંથી મુખ્ય ન્યાયાધીશને હટાવતા વર્ષ ૨૦૨૩ના કાયદાની યોગ્યતાને પડકારતી અરજીની સુનાવણી મોકૂફ રાખવાની કેન્દ્ર સરકારની વિનંતીને સુપ્રીમ કોર્ટે બુધવારે એમ કહીને નકારી કાઢી હતી કે

(જુઓ પાનું ૨) ▸▸

## કચ્છમાં સતત બીજે દિવસે ડ્રગ્સના પેકેટ્સ મળ્યાં, નધણિયાતી પાકિસ્તાની બોટ મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી જિલ્લા કચ્છના સમુદ્રકાંઠેથી કરોડોની કિંમતના કેફી પદાર્થો બિનવારસુ હાલતમાં મળી આવવાની શરૂ થયેલી ઘટનાઓ વચ્ચે આંતરરાષ્ટ્રીય જળસીમા નજીકથી એક બિનવારસ પાકિસ્તાની બોટ મળી આવતા સરહદી વિસ્તારમાં હાઈ અલર્ટ જાહેર કરી ઘૂસણખોરોની શોધખોળ માટે સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

મળતી વિગતો મુજબ, સીમા સુરક્ષા દળની પેટ્રોલિંગ પાર્ટી કોટેશ્વર નજીક આવેલા પડાલા ક્રિક વિસ્તારમાં પેટ્રોલિંગ કરી હતી, ત્યારે આ પાકિસ્તાની બોટ તેમની નજરે પડી હતી. સુરક્ષા જવાનો બોટ સુધી પહોંચે તે પહેલાં જ તેમાં સવાર પાકિસ્તાની ઘૂસણખોરો ક્રિક વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિનો લાભ ઉઠાવી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

જપ્ત કરવામાં આવેલી આ બોટની પ્રાથમિક તલાશી લેતા તેમાંથી હાલમાં કોઈ વિસ્ફોટક કે વાંધાજનક સામગ્રી મળી આવી નથી. તેમ છતાં, સુરક્ષા એજન્સીઓ આ

(જુઓ પાનું ૨) ▸▸

## કેરલમમાં કોને સોંપાશે મુખ્ય પ્રધાનની ખુરશી?

કોચીઃ કેરલમ વિધાનસભાની ચૂંટણીનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે. ૧૦૨ બેઠક જીતીને યુડીએફએ દસ વર્ષ બાદ જોરદાર સત્તા વાપસી કરી છે. હવે રાજ્યના મુખ્ય પ્રધાનપદે કોણ આવશે એ ચર્ચા શરૂ થઈ ચૂકી છે. મુખ્ય પ્રધાનના પદે ત્રણ દાવેદારોના નામ ચર્ચામાં છે. રમેશ ચેન્નિથલા, વીડી સતીશન અને કેસી વેણુગોપાલનું નામ રેસમાં છે. આ ત્રણેય કોંગ્રેસ પક્ષમાંથી આવે છે અને જિલ્લા કક્ષાએ મોટું નામ ધરાવે છે. મુખ્ય પ્રધાનની પસંદગી કરવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડે મુકુલ વાસનિક અને અજય માકનને જવાબદારી સોંપી છે. હાલમાં તેઓ કેરલમમાં છે. ધારાસભ્યોનો મત જાણ્યા બાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે. કેરલમમાં ૧૪૦ વિધાનસભા

(જુઓ પાનું ૨) ▸▸

## અમૃતસરમાં લશ્કરી મથક નજીક વિસ્ફોટઃ આઈએસઆઈની કરતૂત

નવી દિલ્હીઃ અમૃતસરના ખાસામાં આર્મી કૅન્ટોન્મેન્ટની સરહદની દીવાલ નજીક કરવામાં આવેલા વિસ્ફોટો ઓછી તીવ્રતા ધરાવતા હોવાનું પંજાબના ડીજીપી ગૌરવ યાદવે બુધવારે કહ્યું હતું. મંગળવારે રાત્રે આ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. જોકે આ વિસ્ફોટમાં કોઈને ઈજા ન થઈ હોવાનું તેમણે કહ્યું હતું. વિસ્ફોટની જવાબદારી કોઈ ગ્રૂપે સ્વીકારી ન હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આ વિસ્ફોટ પાછળ પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈનો હાથ હોવાની શક્યતા જણાઈ રહી છે.

અમારું માનવું છે કે આજે (બુધવારે) ઑપરેશન સિંદૂર શરૂ કર્યા હોવાની તારીખ હોવાને કારણે વિસ્ફોટ કરીને પંજાબમાં અશાંતિ ઊભી કરવાની તેમની યોજના હોઈ શકે છે, એમ તેમણે કહ્યું હતું. અમુક અસામાજિક તત્ત્વો પંજાબમાં અશાંતિ ઊભી કરવા ઈચ્છે છે અને પંજાબમાં અશાંતિ હોવાની છાપ ઊભી કરવા માગે છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે વર્તમાનમાં પંજાબ દેશનું સૌથી શાંત રાજ્ય છે અને ત્યાં કોઈપણ પ્રકારનો ઉપદ્રવ કે અશાંતિ નથી. (એજન્સી)■

## ભારત-વિયેટનામનું પચીસ અબજ ડૉલરના વેપારનું લક્ષ્ય

**બંને દેશ વચ્ચે ૧૩ કરાર પર સહીસિક્કા થયા**

નવી દિલ્હીઃ ભારત અને વિયેટનામ બુધવારે તેમના દ્વિપક્ષી સંબંધોને નવી ઊંચાઈ પર લઈ ગયા હતા. આ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૩૦ સુધીમાં બંને દેશો વચ્ચે વાર્ષિક પચીસ અબજ ડોલરના વેપારનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિયેતનામના રાષ્ટ્રપતિ તો લામ વચ્ચેની યોજાયેલી બેઠકમાં વેપાર, સંરક્ષણ અને ક્રિટિકલ મિનરલ્સ જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન મોદી અને વિયેટનામના રાષ્ટ્રપતિ વચ્ચેની બેઠક બાદ બંને પક્ષોએ ૧૩ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરારમાં ડિજિટલ પેમેન્ટ, ક્રિટિકલ મિનરલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, શિક્ષણ, બેન્કિંગ અને સંસ્કૃતિ સહિતના વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષી જોડાણનો સમાવેશ થાય છે. મોદી અને લામે આ ક્ષેત્રમાં ચીનની વધતી જતી આક્રમકતા વચ્ચે ઇન્ડો-પેસિફિકની પરિસ્થિતિ પર પણ ચર્ચા કરી અને કાયદાના શાસન, શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિમાં યોગદાન આપવાનું ચાલુ રાખવા સહમતિ વ્યક્ત

(જુઓ પાનું ૨) ▸▸

## અલંગ આવતું જહાજ અરબી સમુદ્રમાં ફસાયુંઃ પાકિસ્તાન નેવીએ સાત ક્રૂ મેમ્બરને ઉગાર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ અલંગના શિપ બ્રેકિંગ યાર્ડમાં ભંગાણ માટે આવી રહેલું જહાજ 'એમ.વી. ગૌતમ' અરબી સમુદ્રમાં ટેકનિકલ ખામીને કારણે ડૂબવા લાગ્યું હતું. આ જહાજમાં ૬ ભારતીય અને ૧ ઇન્ડોનેશિયન નાગરિક સહિત કુલ ૭ ક્રૂ મેમ્બર સવાર હતા, જેમના જીવ જોખમમાં મુકાયા હતા.

મુંબઈ સ્થિત મેરીટાઇમ રેસ્ક્યુ એન્ડ કો-ઓર્ડિનેશન સેન્ટર (એમઆરસીસી) એ તાત્કાલિક સહાય માટે પાકિસ્તાની સત્તાવાળાઓનો સંપર્ક કર્યો હતો.

પાકિસ્તાન નેવી અને તેની સિક્યુરિટી એજન્સીએ ત્વરિત પ્રતિસાદ આપી દિલધડક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. તમામ ૭ સભ્યોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે અને તેમને ખોરાક તથા તબીબી સહાય પૂરી પાડવામાં આવી છે. આ જહાજ ઓમાનથી તેની અંતિમ સફર

(જુઓ પાનું ૨) ▸▸

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મમતાએ નાટકો છોડી સુપ્રીમ કોર્ટમાં જવું જોઈએ

**પશ્ચિમ** બંગાળ વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ આવી ગયાં ને ભાજપને સ્પષ્ટ બહુમતી મળી ગઈ ત્યાં મમતા બેનરજીએ નવું નાટક આદર્યું છે. મમતા બેનરજીએ બંગાળનાં મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપવાનો ઈનકાર કરી દીધો છે. મમતાનું કહેવું છે કે, ભાજપ ગરબડો કરીને જીત્યો છે અને પોતે ચૂંટણી હાર્યાં નથી તેથી રાજીનામું નહીં આપે. વિધાનસભાની ચૂંટણી હાર્યાં પછી પોતાની પહેલી પ્રેસ કોન્ફરન્સમાં મમતાએ ભાજપ સામે ખોટી રીતે ચૂંટણી જીતવાનો આક્ષેપ મૂકીને કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસની હાર માટે ભાજપ અને ચૂંટણીપંચે કરેલી ઘાલમેલ જવાબદાર છે. આ આખી ચૂંટણી પ્રક્રિયામાં ચૂંટણી પંચને સૌથી મોટો ‘વિલન’ ગણાવતાં મમતાએ ઈવીએમમાં ગરબડ કરવાના તથા પંચની ભાજપ સાથે સાંઠગાંઠ હોવાના આક્ષેપો પણ કર્યા. મમતાના કહેવા પ્રમાણે પોતાને ષડયંત્ર રચીને હરાવાયાં હોવાથી રાજીનામું આપવાનો સવાલ જ પેદા થતો નથી.

મમતા રાજીનામું આપવાનો ઈનકાર કરીને વધુ એક તાયફો કરી રહ્યાં છે એ સ્પષ્ટ છે, કેમ કે મમતા રાજીનામું આપવાનો ઈન્કાર કરે તેનાથી કોઈ ફરક પડતો નથી. મમતાએ રાજીનામું આપવાનો ઈનકાર કરીને બંધારણીય કટોકટી પેદા કરી દીધી છે એવી વાતો થાય છે પણ વાસ્તવમાં કોઈ બંધારણીય કટોકટી નથી. કોઈ પણ રાજ્યમાં વિધનાસભાની ચૂંટણી થાય પછી જૂની સરકારનું શું થશે એ વિશે આપણું બંધારણ બિલકુલ સ્પષ્ટ છે. આગલી સરકારનાં મુખ્યમંત્રી રાજીનામું આપવાની ઔપચારિકતા કરતાં હોય છે, બાકી આ ઔપચારિકતા ના નિભાવે તો પણ એ દૂર જ થઈ જાય. જૂની વિધાનસભાની મુદત પતે એટલે જૂની સરકાર પણ ઘરભેગી થઈ જતી હોય છે.

આ સંજોગોમાં મમતા રાજીનામું ના આપે તો પણ એક વાર નવી વિધાનસભાની રચનાનું જાહેરનામું બહાર પડે એટલે આપોઆપ જ મુખ્યમંત્રીપદેથી દૂર થઈ જશે. બંગાળના રાજ્યપાલ ધારે તો એ પહેલાં પણ મમતાને દૂર કરી શકે છે કેમ કે બંધારણની કલમ ૧૬૪ હેઠળ રાજ્યમાં મંત્રીમંડળની રચના માટે કોને નિમંત્રણ આપવું તેની સત્તા રાજ્યપાલ પાસે છે. વિધાનસભાની ચૂંટણી પછી રાજ્યપાલ વિધાનસભામાં પક્ષોની ક્યા પક્ષ પાસે કેટલી બેઠકો છે તેના આધારે બહુમતી ધરાવતા પક્ષને સરકાર બનાવવા માટે આમંત્રણ આપે છે. બંગાળમાં ભાજપ પાસે બહુમતી છે તેથી રાજ્યપાલ ભાજપના વિધાનસભા પક્ષના નેતાને સરકાર રચવા નિમંત્રણ આપશે ને પછી શપથવિધિ કરાવશે એ સાથે મમતા ઘરભેગાં થઈ જશે.

બંધારણીય જોગવાઈઓને જોતાં મમતા રાજીનામું ના ધરે તેનાથી કોઈ ફરક પડતો નથી પણ સવાલ ફરક પડે કે ના પડે તેનો નથી પણ મમતાના વલણનો છે. મમતા પોતે હારી જ ના શકે એવું વલણ અપનાવીને બેઠાં છે એ હાસ્યાસ્પદ છે. મમતાએ કરેલા આક્ષેપો પણ હાસ્યાસ્પદ જ કહેવાય કેમ કે, ચૂંટણી પંચે કે ભાજપે ઈવીએમમાં ગરબડો કરી હોય કે બીજી ઘાલમેલ કરી હોય તેના કોઈ પુરાવા મમતાએ આપ્યા નથી. ચૂંટણી પંચ ભાજપનું કહ્યાગરું છે ને તેના ઈશારે વિપક્ષોને હરાવે છે એવા આક્ષેપો નવા નથી. આ વાત સાચી હોય તો પણ પુરાવા વિના તેને સાચી ના માની શકાય ને મમતા કોઈ પુરાવા આપી શક્યાં નથી.

મમતાનું વલણ લોકશાહી મૂલ્યોને અનુરૂપ પણ નથી. લોકશાહીમાં જનાદેશના આધારે કોણ સત્તામાં રહેશે એ નક્કી થાય છે. બંગાળમાં જનાદેશ સ્પષ્ટ રીતે ભાજપની તરફેણમાં છે. ૨૯૩ બેઠકોની વિધાનસભામાં ભાજપે ૨૦૭ બેઠકો જીતીને બે તૃતિયાંશ કરતાં વધારે બેઠકો મેળવી છે. મમતા પોતે આ ચૂંટણી પ્રક્રિયાનો હિસ્સો હતાં ને હવે પરિણામ પોતાની તરફેણમાં ના આવ્યાં એટલે મમતા ભાજપ ને ચૂંટણી પંચે અંચઈ કરી હોવાનું જાહેર કરીને ઊભાં થઈ જાય એવું થોડું ચાલે ? તમે ચૂંટણી લડ્યાં છો તો તેનાં પરિણામોને સ્વીકારવાની હિંમત પણ બતાવવી પડે. તેના બદલે મમતા બેનરજી સાવ હલકટાઈ પર ઉતરી આવ્યાં છે.

મમતાને ચૂંટણી પરિણામો સામે વાંધો હોય તો તેમની પાસે સુપ્રીમ કોર્ટમાં જવાનો વિકલ્પ ખુલ્લો જ છે ને આ બધાં નાટકો કરવાના બદલે મમતાએ એ વિકલ્પ અજમાવવો જોઈએ. મમતાએ ચૂંટણી પહેલાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન (એસઆઈઆર) દ્વારા મતદાર યાદીમાં થઈ રહેલા સુધારા સામે વાંધો લીધો હતો. મમતા બેનરજીએ આક્ષેપ કરેલો કે, ચૂંટણી પંચ ભાજપના ઈશારે મતદાર યાદીમાંથી પોતાના ચુસ્ત સમર્થકોનાં નામ કમી કરીને ભાજપની જીતનો તખ્તો ઘડી રહ્યું છે. એસઆઈઆર મામલે મમતા સરકારની અરજી સુપ્રીમ કોર્ટમાં પડતર છે. એ વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવેલા મતોની સંખ્યા જીતના અંતરથી ઓછી હશે તો કોર્ટ દખલ નહીં કરે કારણ કે તેમના કારણે પરિણામ પર અસર થતી નથી પણ દૂર કરવામાં આવેલા મતદારોની સંખ્યા જીતના અંતરથી વધારે હશે તો પોતે દખલ કરશે.

અત્યારે જે સ્થિતી છે તેમાં મમતાની પાર્ટી સુપ્રીમ કોર્ટમાં પરિણામોને પડકારી શકે છે કેમ કે રાજ્યમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) દ્વારા કુલ ૯૧ લાખ મતદારો દૂર થયા જ્યારે ભાજપને ટીએમસી કરતાં ૩૨ લાખ જેટલા વધારે મત મળ્યા છે. સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) દ્વારા દરેક બેઠક પર સરેરાશ ૩૦ હજાર મતદારોના નામ દૂર થયાં છે જ્યારે ભાજપને દરેક બેઠક પર સરેરાશ ૧૦,૯૬૦ મત વધુ મળ્યા છે. કપાયેલા સરેરાશ મતદારો લગભગ ત્રણ ગણા છે એ જોતાં તૃણમૂલ કોંગ્રેસનો કેસ મજબૂત છે તેથી મમતાએ બધું છોડીને સુપ્રીમ કોર્ટમાં જવાની જરૂર છે.

બંગાળ વિધાનસભાની કુલ ૨૯૩ બેઠકોમાંથી ૧૭૬ બેઠકો પર જીતનો તફાવત ૩૦ હજારથી ઓછો રહ્યો છે. તેમાંથી ૧૨૮ બેઠકો ભાજપ જીત્યો છે. મમતા આ મુદ્દે પરિણામોને કોર્ટમાં પડકારી શકે છે. મમતા એ બધું કરવાના બદલે બીજાં નાટક કરી રહ્યાં છે. આ નાટકો બંધ કરીને તેમણે કોર્ટમાં પોતાનો મુદ્દો સાબિત કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટ પણ થઈ ગયેલી ચૂંટણી રદ કરે એ વાતમાં માલ નથી પણ ચૂંટણી પંચની કામગીરીને શંકાસ્પદ ગણાવે કે કોઈ અયોગ્ય કોમેન્ટ કરે તો પણ એ મમતાનો વિજય જ હશે. મમતા પોતાના મુદ્દાને સાચો સાબિત કરી શક્યાં એ વાત સાબિત થશે.

બંગાળમાં ૯ મેએ નવી સરકારની શપથવિધિ છે એ જોતાં પણ મમતાના ધમપછાડા નિરર્થક છે. મમતા ગમે તેટલા ઉધામા કરે પણ નવી સરકારની શપથવિધિ રોકી શકવાનાં નથી કે નવી સરકારને કામ કરતી પણ રોકી શકવાનાં નથી. આ સંજોગોમાં તેમણે જનાદેશને માથે ચડાવીને માનભેર ખસી જવાની જરૂર છે. તેમાં મમતાનું ગૌરવ પણ જળવાઈ જશે ને લોકશાહીનું ગૌરવ પણ જળવાઈ જશે. બાકી આ બધા ઉધામા કરીને કશા કાંદા કાઢવાના નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, ગુરુવાર, તા. ૭–૫–૨૦૨૬, ભુવનેશ્વરી માતાનો પાટોત્સવ (ગોંડલ)

- ભારતીય દિનાંક ૧૭, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ વદ–૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ વદ–૫
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૧મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાષાઢા સાંજે ક. ૧૮–૪૫ સુધી, પછી ઉત્તરાષાઢા
- ચંદ્ર ધનુમાં મધ્યરાત્રે ક. ૨૫–૨૫ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૮, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતી : બપોરે ક. ૧૫–૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૫૮ (તા. ૮)
- ઓટઃ સવારે ક. ૦૮–૨૨, રાત્રે ક. ૨૧–૩૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – પંચમી. ભુવનેશ્વરી માતાનો પાટોત્સવ (ગોંડલ)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત, ઉપનયન, સર્વદેવ પ્રતિષ્ઠા, ગુરુ–શુક્ર ગ્રહદેવતાનું પૂજન, આંબળાના ઔષધીય પ્રયોગો, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, માલ વેંચવો, મિલકત લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું.
- આચમનઃ ચંદ્ર–સૂર્ય ત્રિકોણ ઉચ્ચ કોટિના માણસોનો સહયોગ મળે, ચંદ્ર–ગુરુ પ્રતિયુતિ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ કજિયાખોર.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય ત્રિકોણ, ચંદ્ર–ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર–મંગળ ચતુષ્કોણ. બુધ ભરણી નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, મંગળ–મીન, માર્ગી બુધ–મેષ, માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–વૃષભ, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# ઈસ્લામમાં જુમ્માઃ શુક્રવારની અહેમિયતને આટલું ઊંચું આંકવા પાછળનાં કારણો

**મઝહબે** ઈસ્લામમાં આમ તો દરેક દિવસ અને મહિનાની કોઈને કોઈ વિશેષતા રહેવા પામી છે, પરંતુ રજબ, શાબાન, રમઝાન, મોહર્રમ વગેરે મહિનાઓની જેમ જુમ્મા; શુક્રવારના દિવસની અહેમિયત; મહત્ત્વ અને શબે જુમ્આ એટલે કે જુમેરાત; ગુરુવારના મગરીબ; સમી સાંજથી લઈ શુક્રવારની વહેલી પરોઢ; ફજરના અતિ મૂલ્યવાન સમયને ઘણો જ ઊંચો આંકવામાં આવેલ છે.

– શબે જુમ્મા જેને રહેમત; ઈશ્વરીય દયા; દેણગી અને મગફેરત; છુટકારાની રાતથી પણ ઓળખવામાં આવે છે.

– હઝરત મોહમ્મદ બાકીર–રદિયતઆલા અન્હોથી રિવાયત, અક્ષરશ કથન છે કે,

– ‘અલ્લાહ દર જુમ્માના એક ફરિશ્તા; સંદેશ પહોંચાડનાર દૂતને હુકમ આપે છે કે અર્શ; આકાશ પરથી રાત્રિના પ્રારંભથી લઈને પરોઢ સુધી અવાજ આપતો રહે કે, છે કોઈ અલ્લાહનો બંદો જે મારી પાસે સવારે સૂર્યોદયના સમય સુધી દુનિયા અને આખેરત (પરલોક) સંબંધી સવાલ (માગણી) કરે અને જેને હું પૂર્ણ કરું, છે કોઈ મોમીન બંદો, જે વહેલી પરોઢના સમય સુધીમાં પોતાના ગુનાઓની તૌબા કરે, જેને હું કબૂલ કરી ક્ષમા પ્રદાન કરું, છે કોઈ બંદ એ મોમીન, જેની રોજી તંગ હોય તે મારી પાસે રોજીમાં વૃદ્ધિ અંગે યાચના કરે તો હું સવાર થવા પહેલા તેની રોજી–રોજગારમાં વધારો કરી દઉં, છે કોઈ મોમીન કેદી બંદો, જે મારી પાસે પ્રભાત પૂર્વે સવાલ–માગણી કરે અને હું તેને કેદથી મુક્તિ અપાવી દઉં અને તેના ગમ અને ફરિયાદનું નિવારણ કરી દઉં, છે કોઈ મઝલૂમ બંદો, જે સૂર્યોદય થતાં પૂર્વે મારી પાસે તેની પરના જુલમ દૂર થવા માટેની માગણી કરે તો હું જાલિમો પાસેથી તેનો બદલો લઉં અને જુલમ સહેનારનો હક તેને પાછો મેળવી દઉં...’ આ પ્રમાણેનો સાદ અલ્લાહનો ફરિશ્તો સવાર સુધી આપ્યા કરે છે.

જે રીતે શબે જુમ્માના કરવામાં આવતી નેકીઓનો સવાબ વધારે છે, તેવી જ રીતે જુમ્માના દિવસે કરવામાં આવતા ગુનાઓનો અઝાબ પણ અન્ય દિવસો કરતાં ઘણો જ વધારે છે.

હઝરત ઈમામ જાફરે સાદિક અલૈયહિસલ્લામથી રિવાયત; અક્ષરશ કથન છે કે આ દિવસે ગુના કરવાથી ડરો, જે વ્યક્તિ આ દિવસે અલ્લાહની નાફરમાની છોડી દે, તો પરવરદિગારે આલમ તેના અગાઉ થઈ ગયેલા ગુનાઓને માફ કરી દે છે અને જે શખસ શબે જુમ્માના જાહેરમાં ગુના કરે તો સૃષ્ટિનો સર્જનહાર તેના પર આખી જિંદગીના ગુનાઓનો અઝાબ અનેકગણો વધારી દે છે. આથી જરૂરી છે કે શક્ય હોય ત્યાં સુધી પવિત્ર જુમ્માના બારગાહે ઈલાહીમાં દુઆઓ, ગીરિયાજારી અને ઈબાદતમાં વિતાવવી જોઈએ. આ શબ; રાત્રિનું મૂલ્ય અમૂલ્ય છે.

હઝરત અલી અલૈયહિસલ્લામનું કથન છે, કે અલ્લાહતઆલાએ જુમ્મા; શુક્રવારના દિવસને તમામ દિવસોમાંથી ચૂંટી લીધો છે અને આ દિવસને ‘ઈદ’ ગણે છે. આ દિવસે જે હાજત, ઈચ્છા રજૂ કરવામાં આવશે તે પૂરી થશે. જો કોઈ શખસ અઝાબને પાત્ર બની ચૂક્યો હોય અને શબે શબે જુમ્મા અને રોજે જુમ્માના તે દુઆ કરે તો ખુદાવંદે કરીમ તેના અઝાબને ઉઠાવી લે છે તેમ જ જે કાર્યો મુકર્રર (નક્કી) થઈ ચૂક્યા છે તેને દુઆ થકી અટલ અને અફર બનાવી દે છે.

આખરી પયગંબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલૈયહિ વસલ્લામે ફરમાવ્યું કે જુમ્આનો દિવસ તમામ દિવસોનો સરદાર અને સૌથી મોટો દિવસ છે. આ દિવસે હક તઆલા નેકીઓનો અનેક ગણો સવાબ આપે છે, ગુનાઓને દરગુજર કરી દે છે, દરજ્જાઓ બુલંદ કરે છે; દુઆઓ કબૂલ કરે છે, સખતીઓ અને ગમોને દૂર કરે છે, મોટી હાઝતો (ઈચ્છાઓ) પૂર્ણ કરે છે, રહેમતોને બંદાઓ પર વધારી દે છે અને અસંખ્ય લોકોને જહન્નમની આગથી મુક્ત કરે છે, જે શખસ આ દિવસના હક અને બરકતને ઓળખીને પરવરદિગાર પાસે દુઆ કરે, તો અલ્લાહતઆલા પર હક છે કે તેને જહન્નમ (દોઝખ)ની આગથી આઝાદ કરી દે. જો કોઈને ઈન્તેકાલ (મૃત્યુ) શબે જુમ્મા (શુક્રવારની રાત) કે રોજે જુમ્માના થઈ જાય તો તેને શહીદોનો સવાબ (પુણ્ય) મળશે અને કયામતના દિવસે અઝાબથી ભયમુક્ત રહેશે.

જે શખસ જુમ્માની અવગણના કરે, નમાઝે જુમ્મા (શુક્રવારની બપોરની નમાઝ) અદા ન કરે, હરામ કામ કરે અને ફરી એવા કામ ન કરવાની શરતે તૌબાન કરે તો પાક પરવરદિગારે આલમ પર લાઝીમ; હક; અધિકાર છે કે તેને જહન્નમની આગમાં સળગાવી દે.

અલ્લાહ પાક તરફથી જુમ્માની ત્રણ નેઅમતો (કૃપાઓ) – શબે જુમ્મા અર્થાત્ (ગુરુવારની મગરીબની નમાઝથી લઈ શુક્રવારની વહેલી પરોઢની; ફજરની નમાઝ), રોજે જુમ્મા શુક્રવારનો દિવસ અને નમાઝે જુમ્મા; શુક્રવારના ખરા બપોરે અદા કરવામાં આવતી નમાઝ અંગેની અહેમિયત (મહત્ત્વ અને બરકત)ને આવતા અંકના બીજા ભાગમાં વાંચીશું અને ઈસ્લામિક રાષ્ટ્રોમાં અઠવાડિક રજા જુમ્માના પાળવામાં આવતી હોવા પાછળના કારણો પર રોશની નાખીશું. ઈન્શાઅલ્લાહ; ઈશ્વર ઈચ્છાધિન.

* * *

### સાપ્તાહિક સંદેશ

સામાન્ય રીતે લોકો નમાઝ; પ્રાર્થનાને માત્ર રૂહાની; આત્મિક તરક્કી; પ્રગતિ કરવા પૂરતી મર્યાદિત; સીમિત સમજે છે, નમાઝને રૂહાની જરૂરત માને છે, જીસ્માની; શારીરિક જરૂરત નથી સમજતા, જ્યારે કે ખરી રીતે ઈન્સાન રૂહ; આત્મ અને જીસ્મ બંનેથી બનેલો છે. આ બંનેનો એક બીજા પર પ્રભાવ પડે છે. આ બંનેનું સ્વાસ્થ્ય જળવાઈ રહે, એક બીજાને કુવ્વત; બળ મળતા રહે, એટલા માટે ઈસ્લામે નમાઝને વાજીબ; ફરજિયાત કરી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### તમિળનાડુમાં ખેલ

છે- તો બીજી તરફ તેમણે હજુ સુધી કોઇ પણ સકારાત્મક સંકેત આપ્યા નથી.

એક સમાચાર એજન્સીએ સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે તમિલગા વેટ્રી કળગમ(ટીવીકે)ના વડા વિજયનું હવે ગુરુવારે આજે મુખ્ય પ્રધાનપદના શપથ નહીં લે.

સૂત્રોએ સંકેત આપ્યો કે રાજ્યપાલ હજુ સુધી ટીવીકેના દાવાથી સંતુષ્ટ નથી. કારણ કે પાર્ટી પાસે બહુમતી સમર્થન સાબિત કરવા માટે હજુ પણ સત્તાવાર આંકડા નથી. જો કે કોંગ્રેસે તેના પાંચ ધારાસભ્યો સાથે સમર્થન આપ્યું છે. જેથી કુલ સંખ્યા ૧૧૩ થઇ ગઇ છે. તેમ છતાં ગઠબંધન હજુ પણ પાછળ છે. જેથી અન્ય સંભવિત સહયોગીઓ સાથે વાતચીત વેગવંતી બની છે.

દરમ્યાન, કોંગ્રેસે ડીએમકે સાથેના તેના લાંબા સમયથી ચાલતા ગઠબંધનને તોડી નાખ્યું છે અને એક્ટરમાંથી રાજનેતા બનેલા એક્ટર વિજયની પાર્ટી ટીવીકેને સમર્થન આપવાની જાહેરાત કરી છે.

કોંગ્રેસ પક્ષે તમિળનાડુમાં સરકાર બનાવવા માટે વિજયની પાર્ટી ટીવીકેને સમર્થન આપવાની જાહેરાત કરી હતી. તમિળનાડુના કોંગ્રેસના પ્રભારી ગિરીશ ચોડનકરે ટીવીકેના વડા વિજયના સમર્થન માંગવાની વિનંતી પર કહ્યું કે તમિળનાડુ કોંગ્રેસ સમિતિ અને કોંગ્રેસ વિધાન મંડળ પક્ષના ટીવીકેને સરકાર બનાવવા માટે સંપૂર્ણ સમર્થન આપવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણયનું સ્વાગત કરતા કોંગ્રેસના કાર્યકર્તાઓએ અહીં પાર્ટીના હેડક્વાર્ટર પર સત્યમૂર્તિ ભવનમાં ફટાકડા ફોડ્યા હતા. ચોડનકરે એક નિવેદનમાં કહ્યું હતું કે વિજયે કોંગ્રેસ પક્ષને તમિળનાડુમાં સરકાર બનાવવા માટે સમર્થન આપવા માટે ઔપચારિક વિનંતી કરી હતી. તમિલનાડુના લોકો, ખાસ કરીને યુવાનોએ એક એવી ધર્મનિરપેક્ષ, પ્રગતિશીલ અને જનકલ્યાણકારી સરકાર માટે ખૂબ સ્પષ્ટ, મજબૂત જનાદેશ આપ્યો છે જે બંધારણીય સિદ્ધાંતોમાં વિશ્વાસ રાખે છે. તેમણે આગામી સરકાર બનાવવા માટે વિજયના નેતૃત્વ હેઠળના ટીવીકેને પસંદ કર્યું છે. ■

### અમેરિકા-ઈરાન

શરતોનો આધાર અંતિમ સમજૂતી પર નિર્ભર હશે. મતલબ કે સમજૂતી ન થાય તો યુદ્ધ ફરીથી શરૂ થઈ શકે છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે બુધવારે ઇરાન પર બોમ્બમારો કરવાની ધમકી આપી હતી. ટ્રમ્પે ધમકી આપી હતી કે જો ઇરાન હોર્મુઝ સ્ટ્રેટને ખોલશે નહીં તો તેના પર ફરીથી હુમલો કરવામાં આવશે. ટ્રમ્પે સોશ્યિલ મીડિયા પર પોસ્ટ કર્યું હતું કે ઇરાન સાથે યુદ્ધ જલદી સમાપ્ત થઈ શકે છે અને તેલ અને કુદરતી ગેસની સપ્લાય ફરીથી શરૂ થઈ શકે છે. પરંતુ તે બધું ઇરાન દ્વારા એક કથિત કરારને સ્વીકારવા પર આધાર રાખે છે. જોકે આ કરારની વિગતો ટ્રમ્પે આપી નહોતી. ટ્રમ્પે લખ્યું કે જો તેઓ સહમત ન થાય તો બોમ્બમારો શરૂ કરવામાં આવશે.

ચીનના વિદેશ પ્રધાને ઇરાન યુદ્ધમાં પૂર્ણ યુદ્ધવિરામની હાકલ કર્યા પછી ટ્રમ્પે ધમકી આપી હતી. ચીનના વિદેશ પ્રધાને ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી સાથેની મુલાકાત બાદ હાકલ કરી હતી. અરાઘચી ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઇઝરાયલ સાથે યુદ્ધ શરૂ થયા પછી પહેલી વાર ચીનની મુલાકાતે પહોંચ્યા હતા.

ટ્રમ્પે મંગળવારે કહ્યું કે તેઓ હોર્મુઝ સ્ટ્રેટમાં ફસાયેલા કમર્શિયલ જહાજોને બહાર કાઢવાના તેમના ટૂંકા ગાળાના પ્રયાસોને અટકાવી રહ્યા છે. એવી આશા છે કે ઇરાન સાથે કોઈ કરાર થઈ શકે છે. સોમવારે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે અમેરિકાના પ્રયાસ દરમિયાન ફાયરિંગ છતાં યુદ્ધવિરામ યથાવત્ રહ્યો છે.

યુદ્ધ પહેલા હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલ અને ગેસનો પુરવઠો, ખાતર અને અન્ય પેટ્રોલિયમ ઉત્પાદનોની સપ્લાય કરવા માટે મહત્ત્વપૂર્ણ જળમાર્ગ છે. જેને ઇરાને યુદ્ધ બાદ બંધ કરી દીધો છે. જેના કારણે ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા છે, વૈશ્વિક અર્થતંત્રને હચમચાવી નાખ્યું છે અને ચીન સહિતના મોટા દેશો પર દબાણ વધ્યું છે. ચીનના રાષ્ટ્રપતિ શી અરાઘચી સાથે મુલાકાત કરી હતી. હોર્મુઝ સ્ટ્રેટમાં હજુ પણ સેંકડો જહાજો ફસાયેલા છે. ■

### ટાગોરની જન્મજયંતી

હાજર રહેશે. બંગાળી કેલેન્ડર પ્રમાણે વૈશાખનો પચીસમો દિવસ રાજ્યભરમાં રવીન્દ્ર જયંતી તરીકે ઉજવવામાં આવે છે. જોગાનુજોગ એ દિવસે રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતી છે.

રાજકીય વર્તુળમાં શપથગ્રહણ સમારોહની તારીખની પસંદગીને બંગાળની સાંસ્કૃતિક કલ્પનામાં ભાજપના ઐતિહાસિક ઉદય અને ભાજપ બહારનો પક્ષ છે તેમ જ તે બંગાળના ભાષાત્મક સ્વભાવ અને સંસ્કારથી ન જોડાયેલો હોવાના ટીએમસીના દાવાને ખોટો પાડવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. ભાજપના નવા ચૂંટાયેલા વિધાનસભ્યોની બેઠક આઠમી મેએ સાંજે યોજવામાં આવવાની છે. જોકે મુખ્ય પ્રધાનનાં નામ અંગે તેમણે મૌન રહેવાનું પસંદ કર્યું હતું. (એજન્સી) ■

### બિહારમાં આજે

અટકળો વહેતી થઈ હતી કે નીતીશ કુમારનો પુત્ર પ્રધાન મંડળમાં હશે. જોકે, નિશાંતે પ્રધાનમંડળમાં સામેલ થવાનો ઈનકાર કર્યો હતો. સૂત્રોએ કહ્યું કે તેઓ પદ સ્વીકારતા પહેલા પાર્ટી કાર્યકર તરીકે પોતાની ઓળખ બનાવવા માંગે છે.

પરિણામે, જેડી(યુ)ના અનુભવી નેતાઓ વિજય કુમાર ચૌધરી અને બિજેન્દ્ર પ્રસાદ યાદવને મંત્રી બનાવવામાં આવ્યા અને તેમને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવ્યા. જેડી(યુ)ના સૂત્રોએ એવો પણ દાવો કર્યો હતો કે ગુરુવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપ પ્રમુખ નીતિન નબીન આ સમારોહમાં હાજરી આપશે ત્યારે પાર્ટીના લગભગ એક ડઝન નેતાઓ મંત્રી તરીકે શપથ લેશે તેવી શક્યતા છે. ■

### રાજીનામું નહીં આપું

છે. બંધારણની કલમ ૧૬૪ મુજબ, મુખ્ય પ્રધાન અને બાકીના પ્રધાન રાજ્યપાલની મરજી સુધી તેમના પદ પર રહી શકે છે. રાજ્યપાલ ઇચ્છે તો મમતાને હટાવી શકે છે. જો રાજ્યપાલ વર્તમાન મુખ્ય પ્રધાનને પદ પરથી હટાવે અને કોઈ નવી સરકારની રચના ન થાય, તો રાજ્યમાં બંધારણીય શૂન્યાવકાશ સર્જાઈ શકે છે. કલમ ૩૫૬ હેઠળ, જો મુખ્ય પ્રધાન રાજીનામું આપવાનો ઇનકાર કરીને મોટા નિર્ણયો લે છે, તો રાજ્યપાલ રાષ્ટ્રપતિશાસનની ભલામણ કરી શકે છે. ■

### સુવેન્દુ દસ દિવસમાં

રાખીશ તે પાર્ટી નક્કી કરશે. હું ભવાનીપુર અને નંદીગ્રામના લોકો પ્રત્યેની મારી જવાબદારી ભૂલીશ નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે અધિકારીએ સોમવારે ભવાનીપુરમાં બેનર્જીને ૧૫,૦૦૦ કરતાં વધુ મતોથી હરાવ્યા હતા. આ જીતે આ બેઠક બેનર્જીનું સૌથી સુરક્ષિત રાજકીય સ્થાન હોવાની ધારણાને તોડી નાખી હતી. આ સાથે પશ્ચિમ બંગાળમાં ભાજપની જોરદાર લહેર વચ્ચે ટીએમસી માટે આ એક મોટો મનોવૈજ્ઞાનિક ફટકો પણ હતો. ■

### ચૂંટણી કમિશનરની

આ બાબત સબરીમાલા કેસ કરતા વધુ મહત્ત્વની છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તના વડપણ હેઠળની નવ ન્યાયાધીશની બનેલી ખંડપીઠ હાલ કેરલમસ્થિત સબરીમાલા મંદિર સહિત ધાર્મિકસ્થળોએ મહિલાઓ સાથે કરવામાં આવતા ભેદભાવ તેમ જ વિવિધ ધર્મમાં ધાર્મિક સ્વતંત્રતાના અવકાશ સંબંધિત અરજીની સુનાવણી કરી રહી છે.

### કેરલમમાં કોને

બેઠકમાં ૧૦૨ બેઠકો પર યુડીએફે મોટી સફળતા પ્રાપ્ત કરી છે. આ વખતેની ચૂંટણીમાં એક કરોડથી વધારે મત યુડીએફને મળ્યા છે. આ મોટી જીતના જશ્ન સાથે સવાલ એ ચર્ચાય રહ્યો છે કે કેરલમના મુખ્ય પ્રધાન તરીકે કોણ આવશે? રમેશ ચેન્નિથલા, વીડી સતીશન અને કેસી વેણુગોપાલ આ ત્રણેય નેતાઓના સમર્થકો પોતાની રીતે જે તે ગણિત સમજાવી રહ્યા છે જેમ જેમ દિવસ આગળ વધે છે એમ મામલો પેચીદો બની રહ્યો છે. પાર્ટી માટે કોઈએક વ્યક્તિ પર પસંગદી ઊતારવી મુશ્કેલ છે. ■

### કચ્છમાં સતત

ઘટનાને ગંભીરતાથી લઈ રહી છે. પકડાયેલી બોટને કોટેશ્વર કાંઠે લાવીને તેની ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે. આ સાથે લખપત તાલુકાના દરિયાઈ સીમાડેથી માદક પદાર્થો મળવાનો સિલસિલો યથાવત્ રહ્યો હતો. નારાયણ સરોવર પોલીસની ટુકડીએ પેટ્રોલિંગ દરમિયાન દરિયાકાંઠેથી ચરસના ૧૦ બિનવારસુ પેકેટો જપ્ત કર્યા છે. આ જથ્થો દરિયાઈ મોજાં સાથે તણાઈને કિનારે આવ્યો હોવાની પ્રાથમિક શક્યતા જોવામાં આવી રહી છે. મળતી વિગતો મુજબ, નારાયણ સરોવર પોલીસની ટુકડી સરહદી વિસ્તારની સુરક્ષાના ભાગરૂપે દરિયાઈ પટ્ટી પર નિયમિત પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન લખપતના સુગરબેટ નજીક કિનારા પર શંકાસ્પદ પેકેટો નજરે પડ્યા હતા. પોલીસે તપાસ કરતા પ્લાસ્ટિકમાં પેક કરાયેલા ચરસના ૧૦ પેકેટો મળી આવ્યા હતા. ■

### ભારત-વિયેટનામનું

કરી છે. માનવામાં આવી રહ્યું છે કે દક્ષિણ ચીન સાગરમાં ચીનની વધતી સૈન્ય શક્તિના મુદ્દા પર બંન્ને પક્ષો વચ્ચેનો મુદ્દો પ્રતિનિધિમંડળ–સ્તરની વાટાઘાટોમાં ઉઠાવવામાં આવ્યો હતો. આ મહિનાની શરૂઆતમાં પ્રમુખ તરીકે ચૂંટાયેલા લામે મંગળવારે ભારતથી પોતાની પ્રથમ રાજકીય પ્રવાસની શરૂઆત કરી હતી. તેઓ ત્રણ દિવસની યાત્રા માટે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. ■

### અલંગ આવતું જહાજ

શરૂ કરીને અલંગ આવી રહ્યું હતું. હાલ તેને ફરી કાર્યરત કરવાના પ્રયાસો ચાલુ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેના રાજદ્વારી તણાવ છતાં, દરિયાઈ કટોકટીના સમયે બંને દેશોએ આંતરરાષ્ટ્રીય મેરીટાઇમ પ્રોટોકોલનું પાલન કરીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. નોંધનીય છે કે ગયા મહિને પણ પાકિસ્તાન નેવીએ આ જ રીતે અન્ય એક જહાજના ૧૮ સભ્યોના જીવ બચાવ્યા હતા. એક મીડિયા અહેવાલ મુજબ ગાંધીનગરમાં આવેલા ભારતીય કોસ્ટ ગાર્ડ (આઈસીજી) ના પ્રાદેશિક મુખ્યાલયને ૪ મેના રોજ રાત્રે ૧૧:૨૨ વાગ્યે એમવી ગૌતમમાં સર્જાયેલી કટોકટી અંગે જાણ કરવામાં આવી હતી. જનરેટરમાં ખામીને કારણે ૩ મેના રોજ જહાજમાં સંપૂર્ણ પાવર ફેઇલ્યોર સર્જાયો હતું. ઘટના સમયે, જહાજ પાકિસ્તાનના સર્ચ એન્ડ રેસ્ક્યુ રિજિયન(એસએસઆર)માં સ્થિત હતું. મુંબઈ સ્થિત મેરીટાઇમ રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટર (એમઆરસીસી) એ પાકિસ્તાની અધિકારીઓને જહાજ અંગે માહિતી આપી. જહાજ લગભગ ૧.૫ નોટની સરેરાશ ઝડપે પૂર્વ–ઉત્તરપૂર્વ દિશામાં વહેવા લાગ્યું. પાકિસ્તાન મેરીટાઇમ સિક્યુરિટી એજન્સી (પીએમએસએ)ના ટેકનિકલ કર્મચારીઓ જહાજ સુધી પહોંચ્યા. મૂલ્યાંકન બાદ જાણવા મળ્યું કે મુખ્ય જનરેટરનું મેન્ટેનન્સ થઇ શકે એમ નથી. ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ(આઈસીજી) એ શિપિંગ ડિરેક્ટોરેટ જનરલ, મુંબઈને વિનંતી કરી છે કે તેઓ જહાજના માલિકને ટોઇંગ સહાય માટે યોગ્ય ટગ વ્યવસ્થા કરવાની સલાહ આપે, કારણ કે જહાજમાં પ્રોપલ્શન નથી, જેના કારણે નજીકના શિપિંગ ટ્રાફિક નેવિગેશનલ જોખમ ઊભું થયું છે. ■

# પનવેલમાં બનશે આંતરરાષ્ટ્રીય સ્તરનાં મનોરંજન કેન્દ્ર

મુંબઈ: પનવેલ શહેર ટૂંક સમયમાં એક નવું અને આંતરરાષ્ટ્રીય કક્ષાનું પર્યટન કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. પનવેલમાં ટૂંક સમયમાં સ્કાયલા એક્વેરિયમ અને સી-લાયન જેવા બે મનોરંજન કેન્દ્રો સ્થાપવામાં આવશે. મત્સ્યઉદ્યોગ પ્રધાન નિતેશ રાણેએ સંબંધિત તમામ વિભાગોને સાથે મળીને આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ પર કામ કરવા નિર્દેશ આપ્યો છે. મંત્રાલયમાં યોજાયેલી એક ખાસ બેઠકમાં આ પ્રોજેક્ટની સંપૂર્ણ સમીક્ષા કરવામાં આવી હતી. ■

### જાણો પ્રોજેક્ટની વિશેષતાઓ

૧) આ પ્રોજેક્ટનો વિકાસ એ રીતે કરવામાં આવશે કે ફક્ત સ્થાનિક જ નહીં પરંતુ દેશવિદેશીના પ્રવાસીઓને પણ આકર્ષિત કરશે.

૨) આ બંને પ્રોજેક્ટ્સ પનવેલમાં ડો. બાલાસાહેબ સાવંત કોંકણ કૃષિ યુનિવર્સિટી હેઠળ ફિશરીઝ સબ-સેન્ટરની જગ્યા પર બનાવવામાં આવશે.

૩) મહત્વની વાત એ છે કે આ ભવ્ય માછલીઘર અને સી-લાયન કેન્દ્ર લગભગ ૧૦ એકર વિસ્તારમાં ફેલાયેલું હશે.

આ બે પ્રોજેક્ટ્સ પનવેલ અને આસપાસના વિસ્તારોમાં પ્રવાસનને મોટો વેગ આપશે. વધુમાં આ સેન્ટર શાળાના વિદ્યાર્થીઓ અને અભ્યાસુઓ માટે ખુબ જ ઉપયોગી ઠરશે. રાજ્ય સરકાર આ પ્રોજેક્ટ માટે તમામ ટેકનિકલ માર્ગદર્શન અને સહાય પૂરી પાડશે. ■

# ગેરકાયદે રિસોર્ટ કેસમાં ખરડાયેલા અનિલ પરબ નિર્દોષ

મુંબઈ: રત્નાગિરિ જિલ્લાના દાપોલી સ્થિત મુરુડ બીચ પર બહુચર્ચિત સાઈ રિસોર્ટ કેસમાં અદાલતે શિવસેના ઠાકરે જૂથના નેતા અને ભૂતપૂર્વ પ્રધાન અનિલ પરબને મોટી રાહત આપી છે. એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે પુરાવાના અભાવે અનિલ પરબ સહિત આ કેસમાં તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. છેલ્લાં ત્રણ વર્ષથી રાજકીય વર્તુળોમાં તોફાન મચાવનાર આ કેસ હવે કાનૂની રીતે સમાપ્ત થઈ ગયો છે.

અનિલ પરબ પર દાપોલીના મુરુડ ખાતે ગેરકાયદેસર રીતે સાંઈ રિસોર્ટ બનાવવાનો આરોપ હતો.

આ કેસમાં ફક્ત અનિલ પરબ જ નહીં, પરંતુ તત્કાલીન સબ-ડિવિઝનલ ઓફિસર, રેવન્યુ ઓફિસર અને મુરુડ ગામના સરપંચ સામે પણ કેસ નોંધાયા હતા. આ કેસ ભારતીય દંડ સંહિતા (આઈપીસી) અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ચલાવવામાં આવ્યો હતો.

આ ઇમારતનું કામ પૂર્ણ ન થયું હોવા છતાં, કાગળ પર કર વસૂલવામાં આવ્યો હતો. ઉપરાંત, સ્ટેમ્પ ડ્યુટી નહીં વસૂલીને સરકારને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. આ બાંધકામ 'સીઆરઝેડ' નિયમોનું ઉલ્લંઘન કરીને કરવામાં આવ્યું હતું. બનાવટી સહીઓ અને બનાવટી દસ્તાવેજોના આધારે વીજળી કનેક્શન મેળવવામાં આવ્યું હોવાનો આરોપ પણ મૂકવામાં આવ્યો હતો.

જોકે, સરકારી પક્ષ નક્કર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ ગયો હોવાનું અવલોકન કરી અદાલતે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. ■

KALCIYOG
સિદ્ધ કેલ્સીયોગ®
આયુર્વેદિક કેલ્શિયમ ટેબ્લેટ્સ
• હાડકા અને સાંધાના ટોનિક. • હાથ, પગ, કમર, ઘૂંટણ, પીઠ, સાંધાના દુખાવા માટે ઉત્તમ. • વાળ ખરવાનું ઓછું કરો.
• સ્નાયુ, લિગામેન્ટ ઇજાઓ પર પ્રભાવી
Amazon પર કેશ ઓન ડિલિવરી ઉપલબ્ધ
ડૉ. અભિજીત 9422011723
ધૌતી-યોગ ની પ્રભાવી ઔષધિ

# મુંબઈ-ગોવા હાઈવે પર સમારકામ શરૂ, સ્થાનિક ગામવાસીઓ હેરાન

મુંબઈ: દર વર્ષે ચોમાસાની શરૂઆત થતાં જ કશેડી ઘાટમાં જર્જરિત રસ્તાનો મુદ્દો ચર્ચામાં આવે છે. જોકે, આ વર્ષે, આ સમસ્યાનો કાયમી ઉકેલ શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે. મુંબઈ-ગોવા હાઈવે પર કશેડી ઘાટ ખાતેનો ૧૦૫ ફૂટનો જૂનો રસ્તો ૨૦૦૫ના ભારે વરસાદમાં ધોવાઈ ગયો હતો અને ત્યારથી આ ભાગનું વારંવાર સમારકામ કરવું પડ્યું છે જેમાં ઘણો ખર્ચ થયો છે. પરંતુ હવે આ જગ્યાએ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને કોંક્રિટીંગનું કામ શરૂ થયું છે. તેથી ઘણા વર્ષોથી ચાલી આવતી આ સમસ્યાનો અંત આવશેએવી અપેક્ષા સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે. ઘાટમાં રસ્તાનું કામ હાઇવે વહીવટીતંત્ર અને જાહેર બાંધકામ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જ્યારે વાસ્તવિક કામ જય ભારત નામની કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ચાલી રહેલા કામને કારણે સ્થાનિકોને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વહીવટીતંત્રે રસ્તાનું કામ શરૂ કરવા માટે થોડા સમય માટે આ રસ્તો સંપૂર્ણપણે બંધ કરી દીધો હતો. હવે ફરી એકવાર અહીં વાહનવ્યવહાર બંધ થવાને કારણે આ વિસ્તારના ૧૮ જેટલા ગામોના નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. નાગરિકોને રોજિંદા કામ માટે વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવો પડી રહ્યો છે. એટલું જ નહીં, આ રૂટ પર ચાલતી એસટી સેવાઓ પણ બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને મુસાફરોને અગવડતા પડી રહી છે. ચોમાસાની ઋતુ નજીક આવી રહી છે, ત્યારે આ કામ સમયસર પૂર્ણ થશે કે કેમ તે અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. જો આ કામ ચોમાસા પહેલા પૂર્ણ થઈ જશે, તો દર વર્ષે ઉદભવતી સમસ્યાનો અંત આવશે અને આ ઘાટ પરથી મુસાફરી વધુ સુરક્ષિત બનશે. ■

# નવી મુંબઈમાં ૨૭મા માળેથી પટકાતાં મજૂરનું મોત

નવી મુંબઈ: નવી મુંબઈના વાશી વિસ્તારમાં નિર્માણાધીન ઇમારતના ૨૭મા માળેથી પટકાતાં ૨૯ વર્ષના મજૂરનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે વાશી પોલીસ સ્ટેશનમાં સંબંધિત બિલ્ડર અને કોન્ટ્રેક્ટર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર વાશીના સેક્ટર-૯માં રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું હોઇ ૨૯ વર્ષનો ઇમરાન ઇબ્રાહિમ ખાન નામનો મજૂર નિર્માણાધીન ઇમારતના ૨૭મા માળે તેના ભાઇ સાથે કામ કરી રહ્યો હતો. ત્યાં પીઓપી શીટનું કામ ચાલી રહ્યું હતું ત્યારે સંતુલન ગુમાવતાં ઇમરાન ખાન ૨૭મા માળેથી નીચે પટકાયો હતો.

ગંભીર રીતે ઘવાયેલા ઇમરાન ખાનને સારવાર માટે તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલાયા બાદ વાશી પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કર્યો હતો. ■

# મમતા બેનરજીનો પરાજય એ દેશનો પરાજય છેઃ સંજય રાઉત

મુંબઈ: 'એ વાત સોળ આના સાચી છે કે ગઈકાલ સુધી તેઓ 'ઈન્ડિયા' ગઠબંધન સાથે નહોતા, પરંતુ હવે 'ઈન્ડિયા' ગઠબંધન તેમની સાથે છે. રાહુલ ગાંધી, ઉદ્ધવ ઠાકરે સહિત 'ઈન્ડિયા'ના અગ્રણી નેતાઓએ તેમને ફોન કરીને કહ્યું છે કે આ લડાઈમાં અમે બધા તમારી પડખે છીએ. ચૂંટણીના પરિણામમાં મમતા બેનરજી પરાજિત છે પણ 'મારો પરાજય નથી થયો' એવા તેમના મત સાથે અમે સહમત છીએ.' એમ રાજયસભાના સંસદ સભ્ય સંજય રાઉતે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'જે રીતે અમિત શાહ અને મોદીએ પશ્ચિમ બંગાળમાં ઈરાન-ઈઝરાયલ યુદ્ધ જેવી પરિસ્થિતિ ઊભી કરી. લશ્કર, આતંક, આર્થિક આતંકવાદ, અફવાઓ, આખી કેન્દ્ર સરકાર કોલકાતામાં બેઠી હતી. લાખો નામ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા. મમતા બેનરજીને હરાવવા જ છે એવી રઢ પકડી આ ચૂંટણી લડી તેમને સત્તામાં આવતા અટકાવ્યા.'

સંજય રાઉતે એમ પણ જણાવ્યું કે હવે તેઓ કહે છે કે હું રસ્તા પર ઉતરી મમતા બેનરજી જોન છે એ હું દેખાડી દઈશ. હું રાજીનામું નહીં આપું કારણ કે મારો વિજય થયો છે. રાજીનામું ન આપવું એ તેમના આંદોલનનો એક ભાગ છે. સરકાર વિરોધી, ચૂંટણી પંચ વિરોધી કે લોકશાહી વિરોધી કૃત્યો થયા. આ તેમના આંદોલનનો એક હિસ્સો છે. ઉદ્ધવ ઠાકરેની ભૂમિકા પણ આ જ છે. આ લડાઈમાં અમે બધા તમારી સાથે છીએ. અમે આ સંઘર્ષને વધુ તીવ્ર બનાવશું. ઈન્ડિયા બ્લોક મમતા બેનર્જી સાથે છે. મમતા બેનરજીના પરાજયથી જો કોઈને આનંદ થતો હોય તો આ દેશનો પરાજય છે. માટે આનંદ વ્યક્ત ન કરો.' ■

# સુધારિત એનપીએસ કર્મચારીઓ માટે બંધનકર્તા નથી

મુંબઈ: રાજ્યના નાણાં વિભાગ દ્વારા બુધવારે બહાર પાડવામાં આવેલા એક પરિપત્ર મુજબ મહારાષ્ટ્ર સરકારે હાલની નેશનલ પેન્શન સ્કીમ (એનપીએસ) હેઠળ આવરી લેવામાં આવતા કર્મચારીઓ માટે તેની સુધારેલી રાષ્ટ્રીય પેન્શન યોજના બંધનકર્તા ન હોવાનું જણાવ્યું છે.

નવી સ્કીમ અપનાવવા માગતા સરકારી કર્મચારીઓ માટે પરિપત્રમાં સુધારિત રાષ્ટ્રીય પેન્શન યોજના (એનપીએસ) ના અમલીકરણ અંગે વિગતવાર પ્રક્રિયા નક્કી કરવામાં આવી છે. સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ યોજના ફક્ત તે લોકોને જ લાગુ પડશે જેઓ નિર્ધારિત સમયમર્યાદામાં એ અપનાવી લે છે. સરકારે અગાઉ લાયક અને ઇચ્છુક કર્મચારીઓને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધીમાં સુધારેલી યોજનામાં જોડાવા માટેનો વિકલ્પ રજૂ કરવાની મંજૂરી આપી હતી.

મહારાષ્ટ્ર પ્રધાન મંડળે બે વર્ષ પહેલાં કેન્દ્રની યુનિફાઇડ પેન્શન સ્કીમની જેમ રાજ્ય સરકારી કર્મચારીઓ માટે સુધારેલા એનપીએસના અમલીકરણને મંજૂરી આપી હતી. નવા પરિપત્ર મુજબ, ૨૦ વર્ષ કે તેથી વધુ સેવા સાથે નિર્ધારિત ઉંમરે નિવૃત્ત થનારા અને સુધારેલી યોજનાનો વિકલ્પ પસંદ કરનારા કર્મચારીઓને મોંઘવારી ભથ્થા સાથે તેમના છેલ્લા પગારના ૫૦ ટકા જેટલું પેન્શન મળવાપાત્ર રહેશે. ૧૦થી ૨૦ વર્ષની સેવા ધરાવતા કર્મચારીઓ માટે પેન્શન છેલ્લા પગારના આધારે નોકરીના કાર્યકાળ અનુસાર હશે.

સુધારિત યોજના હેઠળ ઓછામાં ઓછા ૧૦ વર્ષની સેવા પછી નિવૃત્ત થનારા કર્મચારીઓ માટે સરકારે દર મહિને લઘુત્તમ પેન્શન રૂ. ૭,૫૦૦ નક્કી કર્યું છે, જ્યારે ૧૦ વર્ષથી ઓછી સેવા ધરાવતા કર્મચારીઓ પેન્શન લાભ માટે પાત્ર રહેશે નહીં. ■

# "તુમકો ક્યા લગતા થા નહીં લૌટંગે, લો ફિર આ ગયે"

## ઉદ્ધવ જૂથના નેતાનું બેનર ચર્ચાનો વિષય બન્યું




છત્રપતિ સંભાજી નગર: 'તમે એમ માનતા હતા કે અમે પાછા નહીં ફરીએ, પણ લ્યો અમે આવી ગયા' એ જણાવતા બેનરની રાજ્યભરમાં ચર્ચા થઈ રહી છે. છત્રપતિ સંભાજી નગરમાં આ બેનર ચર્ચાનો વિષય બન્યું છે. આ બેનર દ્વારા ઉદ્ધવ ઠાકરે સેનાના નેતા અંબાદાસ દાનવેએ એકનાથ શિંદે સેના અને ભાજપ પર કટાક્ષ કર્યો છે. તાજેતરમાં યોજાયેલી વિધાન પરિષદની ચૂંટણીમાં, અંબાદાસ દાનવે ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેની શિવસેનાના ઉમેદવાર હતા અને વિધાન પરિષદના સભ્ય તરીકે ચૂંટાયા હતા. આ વર્ષની વિધાન પરિષદની ચૂંટણી તમામ પક્ષના સંકલન સાથે બિનહરીફ યોજાઈ હતી.

અંબાદાસ દાનવે વિધાન પરિષદમાં ચૂંટાયા બાદ બુધવારે છત્રપતિ સંભાજી નગરમાં ભવ્ય રેલી સાથે તેમનું સ્વાગત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ પૃષ્ઠભૂમિમાં શહેરના ક્રાંતિ ચોકમાં અંબાદાસ દાનવેનું એક બેનર બધાનું ધ્યાન ખેંચી રહ્યું છે કારણ કે એમાં નવાઝુદ્દીન સિદ્દીકીની હિન્દી ફિલ્મનો ડાયલોગ 'તુમકો ક્યા લગતા થા નહીં લૌટેન્ગે, લો ફિર આ ગયે.'' કહીને શિંદેની શિવસેના અને ભાજપને નિશાન બનાવી ચેતવણી આપવામાં આવી છે.

૨૦૨૨માં એકનાથ શિંદેએ શિવસેનાના વિધાન સભ્યો અને કેટલાક સંસદ સભ્યો સાથે મળીને ભાજપ સાથે મહાગઠબંધન સરકાર બનાવી હતી. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાને અપેક્ષિત સફળતા મળી ન હતી. પરંતુ ઉદ્ધવ ઠાકરેની શિવસેનાનો મહા વિકાસ આઘાડીમાં મોટો હિસ્સો છે.

દાનવે માટે લગાવવામાં આવેલા આ બેનરમાં ઉલ્લેખ છે કે તેમણે પક્ષ મુશ્કેલીમાં હોવા છતાં પણ પોતાની પક્ષની વફાદારી છોડી ન હતી. બેનરથી શહેર અને રાજ્યમાં શિંદે સેનાના કાર્યકરો અકળાઈ ગયા છે. ■

# કલવામાં હિંસક અથડામણમાં યુવાનની હત્યાઃ કોર્ટે ૧૦ આરોપીને નિર્દોષ છોડ્યા

થાણે: થાણે જિલ્લાના કલવા ખાતે ૨૦૧૪માં થયેલી હિંસક અથડામણમાં યુવાનની હત્યાના કેસમાં સેશન્સ કોર્ટે મુખ્ય સાક્ષીઓ ફરિયાદ પક્ષના કેસને ટેકો આપવામાં નિષ્ફળ ગયા હોવાની નોંધ કરી બધા ૧૦ આરોપીને નિર્દોષ છોડ્યા હતા.

એડિશનલ સેશન્સ જજ એ. એસ. ભાગવતે મંગળવારે આપેલા ચુકાદામાં નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષ ઉચિત શંકાની પર આરોપો સિદ્ધ કરી શક્યો નથી.

ઘટના થાણે શહેરના કલવા વિસ્તારમાં ૧૬ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ બની હતી. હિંસક અથડામણમાં ભાસ્કર ઉર્ફે શંકર અનંત કદમનું મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય કેટલાક જખમી થયા હતા.

ફરિયાદ પક્ષ અનુસાર આરોપીઓએ છરી અને ચોપર્સથી કદમ અને અન્યો પર કથિત રીતે હુમલો કર્યો હતો.

ખટલા દરમિયાન ફરિયાદ પક્ષે ૧૪ સાક્ષી તપાસ્યા હતા, જેમાં આ કેસની ફરિયાદી એવી મૃતકની પત્નીનો પણ સમાવેશ થાય છે.

જોકે કોર્ટે નિરીક્ષણ કર્યું હતું કે આરોપીએ મૃતક પર વારંવાર શસ્ત્રના ઘા કર્યા એવી પ્રારંભિક ફરિયાદના મુદ્દાઓ પછીથી ફરિયાદીએ નકારી કાઢ્યા હતા. ઊલટતપાસમાં ફરિયાદીએ તેના સહી કરેલા દસ્તાવેજોમાં શું લખવામાં આવ્યું હતું તેની જાણ ન હોવાનું કહ્યું હતું. વળી, તેના નિવેદનમાં વિસંગતિઓ પાછળનાં કારણો પણ તે જણાવી શકી નહોતી.

નજરે જોનારા સાક્ષીઓ હુમલાખોરોને ઓળખી શક્યા નહીં અને તેમની પાસે શસ્ત્ર હતાં કે નહીં તે પણ જણાવી શક્યા નહીં.

આ કેસમાં જજે દસેદસ આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. અન્ય એક આરોપીનું ટ્રાયલ દરમિયાન મૃત્યુ થતાં ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ તેનું નામ કેસમાંથી દૂર કરવામાં આવ્યું હતું. (પીટીઆઈ) ■

# ગોરેગામમાં ૧૦.૯૦ લાખના સોનાના દાગીના ચોરનારો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઈંદોર ગયેલા સિનિયર સિટીઝન દંપતીના ગોરેગામના ફ્લૅટમાંથી સોનાના દાગીના અને રોકડ ચોરનારા આરોપીની બાંગુર નગર પોલીસે ધરપકડ કરી હતી.

પકડાયેલા આરોપીની ઓળખ પરશુરામ વિલાસ શેંડગે (૪૨) તરીકે થઈ હતી. તેની પાસેથી ચોરીની બધી મતા હસ્તગત કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર ગોરેગામ પશ્ચિમના બાંગુર નગર પરિસરમાં આવેલી પૉશ સોસાયટીમાં રહેતા કૃષ્ણન શંકર અય્યર (૭૩) પત્ની સાથે ૭ એપ્રિલે ઈંદોરમાં ભગવાનના દર્શન માટે ગયા હતા. ૯ એપ્રિલે તે પાછા ફર્યા ત્યારે ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી.

ફ્લૅટનું તાળું તોડીને આરોપીએ કબાટમાંથી સોનાના દાગીના અને ૩૫ હજારની રોકડ મળી અંદાજે ૧૦.૯૦ લાખની મતા ચોરી હતી. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી સીસીટીવી કૅમેરાનાં ફૂટેજની તપાસ કરી હતી. ટૅક્નિકલ બાબતોને આધારે પોલીસે આરોપી શેંડગેને ઓળખી કાઢ્યો હતો.

પોલીસે છટકું ગોઠવી શેંડગેને પકડી પાડ્યા બાદ તેની પાસેથી ચોરીની મતા હસ્તગત કરી હતી. ઓશિવરા બસ ડેપો નજીકની ઈમારતમાં રહેતા આરોપી વિરુદ્ધ ઓશિવરા, વિલેપાર્લે અને ક્રાઈમ બ્રાન્ચમાં ૧૦ જેટલા ગુના નોંધાયેલા હોવાનું તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું. ■

# સગીરાની જાતીય સતામણીના કેસમાં યુવકને પાંચ વર્ષની કેદ

થાણે: થાણેની વિશેષ પોક્સો કોર્ટે મહિલાના સ્વાંગમાં સોશિયલ મીડિયા પર ૧૪ વર્ષની સગીરા સાથે મિત્રતા કર્યા બાદ તેની જાતીય સતામણી કરવા અને ધમકી આપવા બદલ ૨૧ વર્ષના યુવકને પાંચ વર્ષની કેદ ફટકારી હતી.

આ કેસમાં ચુકાદો આપનારાં વિશેષ જજ રૂબી યુ. માલવણકરે દોષિત ડૉગ ટ્રેઇનર પ્રથમેશ પ્રવીણ જાધવને ફરિયાદીને ૨.૩ લાખ રૂપિયા વળતર તરીકે ચૂકવવાના નિર્દેશ આપ્યા હતા.

વિશેષ સરકારી વકીલ યોગેન્દ્ર પાટીલે કોર્ટને જણાવ્યું હતું કે આરોપી જાધવે માર્ચ, ૨૦૨૪માં મહિલાના સ્વાંગમાં સોશિયલ મીડિયા પર સગીરા સાથે મિત્રતા કરી હતી.

આરોપીએ બાદમાં સગીરાના મોર્ફ કરેલા ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી હતી અને તેના ખાનગી ફોટા તથી વીડિયો મોકલવા માટે દબાણ કર્યું હતું.

ફરિયાદ પક્ષે જાધવ સામેના આરોપ પુરવાર કરવા માટે સગીરા, તેનાં માતા-પિતા, ફોરેન્સિક નિષ્ણાતો, ટેલિકોમ કંપનીનો નોડલ ઓફિસર સહિત આઠ સાક્ષીદારને ચકાસ્યા હતા. (પીટીઆઇ) ■

### બળાત્કાર બાદ બાળકીની હત્યા

# પોલીસે આરોપીને મધરાતે ઘટનાસ્થળે લઈ જઈ સીન રિક્રીયેટ કર્યો

પુણે: પુણેના ભોર તાલુકાના નસરાપુરમાં બળાત્કાર ગુજાર્યા બાદ ચાર વર્ષની બાળકીની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપી ભીમરાવ કાંબળેને પોલીસ મધરાતે ઘટનાસ્થળે લઇ ગઇ હતી અને સીન રિક્રિયેટ કર્યો હતો. પોલીસે આરોપી વિરુદ્ધ તમામ પુરાવા એકઠા કર્યા હોઇ આ કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવશે. આગામી દસ દિવસમાં આરોપી વિરુદ્ધ આરોપનામું દાખલ કરવામાં આવે એવી અપેક્ષા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગામવાસીઓને જાણ ન થાય એવી રીતે પોલીસ મધરાતે આરોપી કાંબળેને લઇ નસરાપુરમાં ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે સ્થળની બારીકાઇથી ચકાસણી કરી હતી અને ઘટના સમયે ચોક્કસ શું બન્યું હતું તે જાણવા માટે ઢોરના તબેલામાં સીન રિક્રિયેટ કર્યો હતો, જ્યાં બાળકીને લઇ જઇને કાંબળેએ ગુનો આચર્યો હતો.

ઘટના સમયે આરોપી ક્યાં ઊભો હતો, જેણે બાળકી સાથે દુષ્કર્મ આચરતા અને તેની હત્યા કરતા પહેલા શું કર્યું વિગેરે બાબતોનું પંચનામું કર્યું હતું. મધરાતે ગામવાસીઓ ભરઊંઘમાં હોવાથી કોઇને આ વાતની જાણ થઇ નહોતી.

ઉલ્લેખનીય છે કે કાંબળેએ બાળકી પર બળાત્કાર ગુજાર્યા બાદ તેની હત્યા કરી હોવાની ચકચારી ઘટના પહેલી મેના રોજ બની હતી અને પોસ્ટમોર્ટમ રિપાર્ટમાં બાળકીના મૃત્યુનું કારણ ગૂંગળામણ (એસ્ફિક્સિયા) દર્શાવવામાં આવ્યું હતું. પોસ્ર્ટમોટમ રિપોર્ટમાં બાળકીના શરીર પર ઇજાઓ પણ દર્શાવવામાં આવી છે. બાળકીને ખાવાનું આપવાને બહાને આરોપી તેને ઢોરના તબેલામાં લઇ ગયો હતો, જ્યાં બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરવામાં આવી હતી અને મૃતદેહ છાણના ઢગલામાં છુપાવ્યો હતો. ■

શ્રદ્ધાંજલિ

સોરઠ વિશાશ્રીમાળી દેરાવાસી જૈન, એડિસ અબાબા નિવાસી હાલ મુંબઈ



**શ્રી ચંપકલાલ જેઠાલાલ શેઠ**

ઉંમર વર્ષ ૧૦.

**તા. 5 મે 2026 ના અરિહંત શરણ પામેલા છે.**

**તેઓ સ્વ. જ્યોત્સનાબેન ના પતિ.**

ભારતી, મયુરી, ચેતના અને નૈનેશ ના **પિતા.**

સ્વ અશોક, પંકજ, સ્વ. ભરત તથા જાગૃતિ ના **સસરા.**

જીનય યશ ના **દાદા**

જેનીલ, માનસી, હર્ષિલ, હેતવી, વિશાલ, રિયા ના **નાના**

અને નૈતિક નિરાલી અને ધ્રુમી ના **નાનાજી સસરા**

**પ્રાર્થના સભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.**

# ગેરકાયદે ફેરિયાઓની ઓળખ કરવા શું પગલાં લીધા?: હાઇ કોર્ટનો પ્રશાસનને સવાલ

મુંબઈ: વારંવાર આપવામાં આવેલા આદેશો છતાં મુંબઈમાં ગેરકાયદેસર ફેરિયાઓની સમસ્યા યથાવત્ હોવા અંગે બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે ચિંતા વ્યક્ત કરી હતી.

બાંગ્લાદેશી અથવા વિદેશી નાગરિકો સહિતના મુંબઈમાં તમામ ફેરિયાઓની ઓળખ અને પૃષ્ઠભૂમિની સંપૂર્ણ ચકાસણી કરવા માટે શું પગલાં લેવામાં આવી રહ્યા છે એવો સવાલ કરી અદાલતે બુધવારે કરેલી સુનાવણીમાં મહાનગરપાલિકાને આ અંગે સ્પષ્ટતા કરવાનો આદેશ આપ્યો હતો.

અદાલતે અગાઉની સુનાવણીમાં રાજ્ય સરકારના વલણ પર સખત નારાજગી વ્યક્ત કરી હતી. પોલીસ ગેરકાયદે ફેરિયાઓ સામે કાર્યવાહી કરી શકતી નથી અથવા તેમની પાસે આવું કરવાનો અધિકાર નથી તેવી નિરાશા વ્યક્ત કરવામાં આવી હતી.

અદાલતે એવી પણ ટીકા કરી હતી કે લાચાર હોવાનો દાવો કરતી સરકારને કોર્ટ અથવા અરજદારોને કહેવું પડે છે કે ગેરકાયદે ફેરિયાઓ સામે કાર્યવાહી કરવાનો અધિકાર કયા કાયદા હેઠળ છે એ શરમજનક બાબત છે.

અદાલતે એમિકસ ક્યુરી જમશેદ મિસ્ત્રી અને મહાનગરપાલિકાના વકીલોને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી કોલાબા સુધીના વિસ્તારની ઓચિંતી મુલાકાત લેવા અને ત્યાંના ફૂટપાથની સ્થિતિનું મૂલ્યાંકન કરવાનો આદેશ આપ્યો હતો. તે સમયે એવું જાણવા મળ્યું હતું કે કોલાબા વિસ્તારમાં મોટી સંખ્યામાં ગેરકાયદે ફેરિયાઓ ફૂટપાથને અવરોધિત કરી રહ્યા છે.

સિવાય અદાલતે ૨૦૧૪ માં ફેરિયા ધોરણ અસ્તિત્વમાં આવ્યા પછી પણ નવી નીતિ બનાવવાનો આદેશ આપ્યો હતો. ■

# મુરબાડમાં અકસ્માતમાં ચાર જણનાં મોતઃ એસટી બસના ડ્રાઇવર વિરુદ્ધ ગુનો

થાણે: થાણે જિલ્લાના મુરબાડ તાલુકામાં મંગળવારે સ્કોર્પિયો સાથે સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી)ની બસ અથડાતાં ચાર લોકોનાં થયેલા મૃત્યુ પ્રકરણે પોલીસે એસટી બસના ડ્રાઇવર સામે ગુનો દાખલ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એમએસઆરટીસી)ની બસે મંગળવારે સવારે ૧૧ વાગ્યે મુરબાડ તાલુકાના ટોકાવડે ખાતે સ્કોર્પિયોને ટક્કર મારી હતી.

સ્કોર્પિયોમાં બે બાળકો સહિત આઠ લોકો હાજર હતા અને અકસ્માતમાં સ્કોર્પિયોના માલિક અને ડ્રાઇવર સહિત ચાર જણના ગંભીર ઇજાને કારણે ઘટનાસ્થળે મોત થયાં હતાં, જ્યારે અન્ય ચારને ઇજા પહોંચતાં તેમને સારવાર માટે અલગ અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, એમ ટોકાવડે પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર શીતલકુમાર નાઇકે જણાવ્યું હતું.

અકસ્માતમાં મૃત્યુ પામેલા ચારેયના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ એસટી બસના ડ્રાઇવર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ એક્ટની સંબંધિત કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

મુરબાડના તહેસીલદાર અભિજિત દેશમુખના જણાવ્યા મુજબ મૃતકોની ઓળખ અવિનાશ રામચંદ્ર કાકડે, અભિષેક મોતે, નીતા ધુરે અને મીના મડકે તરીકે થઇ હોઇ તેઓ અહિલ્યાનગર જિલ્લાના નેવાસાના રહેવાસી હતા.

ઉલ્લેખનીય છે કે એક મહિનામાં મુરબાડ-અહિલ્યાનગર માર્ગ પર આ બીજો મોટો અકસ્માત થયો હતો. અગાઉ ૧૩ એપ્રિલે વેન અને સિમેન્ટ મિક્સર ટ્રક વચ્ચે થયેલી ટક્કરમાં ૧૧ લોકોનાં મોત થયાં હતાં. (પીટીઆઇ) ■



# પુરુષ



## ડિયર હની... તારો બન્ની
પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

# પુરુષની ઔકાત તેના કામ પરથી ક્યાં સુધી નક્કી થશે?

**એક જમાનાનો સુપરહિટ હીરો એવા રાહુલ રોયની પોસ્ટ એ સાબિતી છે કે માણસ ગમે તેટલો મોટો હોય,પણ સમાજની નજરોમાં તે હંમેશાં એક શિકાર જ રહે છે.આમ છતાં એણે જે હિંમત બતાવીને ટ્રોલર્સને જવાબ આપ્યો એ દરેક પુરુષ માટે પ્રેરણારૂપ છે...**




**દુનિયામાં** સ્ત્રીના ત્યાગ અને સમર્પણની વાતો તો હજારો વર્ષોથી થતી આવી છે,પણ એક પુરુષના મૌન સંઘર્ષ અને તેની અંદર ચાલતા દ્વંદ્વ વિશે બહુ ઓછું લખાયું છે. ખાસ કરીને જ્યારે રાહુલ રોય જેવા એક સમયના સુપરસ્ટારને તેના કામ માટે કે તેની જીવનશૈલી માટે ટ્રોલ કરવામાં આવે ત્યારે એ વાત ફરીથી સપાટી પર આવે છે કે પુરુષ હોવું એટલે સતત એક અદૃશ્ય અગ્નિપરીક્ષામાંથી પસાર થવું.

પુરુષના જીવનની સૌથી મોટી વિટંબણા એ છે કે તેને જો તક મળે તો પણ દુઃખ છે અને ન મળે તો પણ દુઃખ છે. આ એક એવી વિચિત્ર પરિસ્થિતિ છે જ્યાં સમાજની અપેક્ષાઓનો બોજ તેને ક્યારેય હળવો થવા દેતો નથી. જો કોઈ પુરુષ સફળતાના શિખરે હોય તો તેણે એ શિખર ટકાવી રાખવા માટે લોહીનું પાણી કરવું પડે છે અને જો કદાચ સંજોગવશાત તે નીચે પટકાય તો આ જ દુનિયા તેને 'નિષ્ફળ'નું લેબલ લગાવીને તેની મજાક ઉડાવતા જરાય ખચકાતી નથી.

રાહુલ રોયની તાજેતરની પોસ્ટમાં જે પીડા છલકાતી હતી,તે માત્ર એક કલાકારની નથી,પણ એ દરેક પુરુષની છે, જે દિવસ-રાત પોતાની ગરિમા બચાવવા મથે છે. આપણા સમાજમાં પુરુષની વ્યાખ્યા તેની 'પ્રોવાઈડર' તરીકેની ક્ષમતા પર ટકેલી છે. એક પુરુષ જે કમાય છે,જે હોદ્દો ધરાવે છે અને જે ગાડીમાં ફરે છે તેના પરથી જ તેનું મૂલ્ય અંકાય છે. રાહુલ રોયે જ્યારે કહ્યું કે હું જો ઓટોમાં ફરું કે સાદા કપડાં પહેરું તો તે મારી પસંદગી છે... અહીં તેમણે એક બહુ મોટા સામાજિક દંભ પર પ્રહાર કર્યો હતો. પુરુષને તક મળે અને તે જો કામ સ્વીકારે,પછી ભલે તે કામ નાનું હોય કે તેની ક્ષમતા કરતાં ઓછું હોય, તો તરત જ લોકો તેના પર 'પતન'ના સિક્કા મારવા લાગે છે. લોકો કહેશે કે 'જુઓ, ક્યાં આ 'આશિકી' ફિલ્મનો હીરો અને ક્યાં અત્યારે આવા વીડિયો બનાવે છે!'પણ આ જ લોકો એ નથી વિચારતા કે એ પુરુષ ખાલી બેસી રહેવાને બદલે કર્મ કરવું કાર્યરત રહેવું પસંદ કરી રહ્યો છે. જો તે કામ ન કરે અને ઘરે બેસી રહે તો આ જ સમાજ તેને 'બેકાર' કે 'નકામો' ગણીને ધિક્કારશે.

આમ પુરુષ માટે રસ્તો કયો?કામ કરે તો ટ્રોલિંગનું દુઃખ અને કામ ન કરે તો અસ્તિત્વ ભૂંસાઈ જવાનું દુઃખ. આ રેટ-રેસમાં પુરુષ ક્યારેય જીતી શકતો નથી , કારણ કે ગોલપોસ્ટ સતત બદલાતી રહે છે.

પુરુષના જીવનમાં અહમ અને આત્મસન્માન વચ્ચે બહુ પાતળી રેખા છે. જ્યારે તેને બ્રેન સ્ટ્રોક જેવી બીમારી આવે કે આર્થિક કટોકટી આવે,ત્યારે તેની શારીરિક પીડા કરતાં વધુ તેની માનસિક પીડા એ હોય છે કે તે હવે પહેલાં જેવો 'સક્ષમ' રહ્યો નથી. રાહુલ રોયનું ઉદાહરણ આપણને એ પણ સમજાવે છે કે પુરુષે સતત સાબિત કરવું પડે છે કે તે હજી મેદાનમાં છે. આપણે ત્યાં મર્દાનગીને હંમેશાં મજબૂતી સાથે જોડવામાં આવી છે. પુરુષ રડી શકતો નથી,પુરુષ પોતાની લાચારી બતાવી શકતો નથી. જો તે પોતાની નબળાઈ જાહેર કરે,તો તે નબળો ગણાય છે. રાહુલ રોયે જ્યારે ટ્રોલર્સને જવાબ આપ્યો,ત્યારે તેમાં એક આક્રોશ હતો કે શા માટે મારે મારી ગરીબી કે અમીરીના પુરાવા આપવા પડે છે? શા માટે એક પુરુષ તરીકે મારે સતત એ સાબિત કરવું પડે છે કે મારી પાસે ઘર છે,ગાડી છે અને ખાવા માટે અનાજ છે? આ સવાલો એ દરેક મધ્યમવર્ગીય પુરુષના છે જે ફાટેલા ગંજી પર ઈસ્ત્રી કરેલું શર્ટ પહેરીને ઓફિસે જાય છે જેથી દુનિયાને તેની તકલીફની ખબર ન પડે.

પુરુષલક્ષી સંવેદનામાં એક મોટું દુઃખ એ પણ છે કે તેના કામને ક્યારેય સર્જનાત્મકતાના ચશ્માંથી જોવામાં આવતું નથી,પણ હંમેશાં નફા-નુકસાનના ગણિતથી જોવામાં આવે છે. સ્ત્રી જો કોઈ નાનું કામ કરે તો તેને 'સ્વતંત્રતા'નું નામ આપવામાં આવે છે,પણ જો એક પુરુષ પોતાની કરિયરમાંથી નીચે ઊતરીને કોઈ નાનું કામ પકડશે તો તેને 'લાચારી' ગણવામાં આવશે. રાહુલ રોયે 'ઇન્સ્ટાગ્રામ' પર જે રીતે પોતાના કામનો બચાવ કરવો પડ્યો,તે ખરેખર કરુણ છે. એક પુરુષ જ્યારે કોઈ નવી શરૂઆત કરવા માગતો હોય ત્યારે ભૂતકાળ તેની પાછળ ભૂત બનીને વળગે છે. લોકો તેને આગળ વધવા દેવાને બદલે તેના જૂના સુવર્ણ દિવસોની યાદ અપાવીને વર્તમાનમાં તેને અપમાનિત કરે છે. 'તારા દિવસો ગયા' આ વાક્ય કોઈ પણ પુરુષ માટે સૌથી વધુ ઘાતક હોય છે. આ શબ્દો તેની મહેનત અને તેના ઉત્સાહ પર ઠંડું પાણી ફેરવી દે છે. તક મળે તો તેને જ્ઞાતિ,ઉંમર કે ભૂતકાળના નામે રોકવામાં આવે છે અને ન મળે ત્યારે તેને નકામો જાહેર કરી દેવામાં આવે છે.

આ સંઘર્ષમાં પુરુષનું માનસિક સ્વાસ્થ્ય સાવ વેરવિખેર થઈ જાય છે. રાહુલ રોયની બાબતમાં પણ એવું જ થયું,તે જ્યારે સક્રિય થવાની કોશિશ કરે છે ત્યારે લોકો તેને 'ક્રીન્જ' કહે છે. આ 'ક્રીન્જ' શબ્દ આધુનિક યુગનું નવું હથિયાર છે , જે કોઈ પણ વ્યક્તિના આત્મવિશ્વાસને તોડી પાડવા માટે કાફી છે. એક પુરુષ માટે સૌથી મોટું સુખ એ છે કે તેને તેના કામ માટે ઓળખવામાં આવે,પણ જ્યારે એ જ ઓળખ તેની મજાકનું કારણ બને,ત્યારે તે જાય ક્યાં?સ્ત્રીઓ પાસે કદાચ લાગણીઓ વ્યક્ત કરવાના અનેક માધ્યમો છે,પણ પુરુષ પાસે માત્ર તેનું કામ છે. જો તેનું કામ છીનવી લેવામાં આવે અથવા કામને અપમાનિત કરવામાં આવે તો પુરુષ માનસિક રીતે ભાંગી પડે છે.

રાહુલ રોયની પોસ્ટ એ સાબિતી છે કે માણસ ગમે તેટલો મોટો હોય,પણ સમાજની નજરોમાં તે હંમેશાં એક શિકાર જ રહે છે. પુરુષે પોતાના સંઘર્ષ વિશે બોલવું જોઈએ,પણ જ્યારે તે બોલે છે ત્યારે તેને સહાનુભૂતિ મળવાને બદલે જજમેન્ટ મળે છે. 'મર્દ કો દર્દ નહીં હોતા' જેવી ફિલ્મી વાતોએ પુરુષોનું સૌથી વધુ નુકસાન કર્યું છે. હકીકતમાં, પુરુષને સૌથી વધુ દર્દ ત્યારે થાય છે જ્યારે તેની મહેનતને લોકો 'મજાક' સમજી બેસે છે. રાહુલ રોયે જે હિંમત બતાવીને ટ્રોલર્સને જવાબ આપ્યો,તે દરેક એ પુરુષ માટે પ્રેરણારૂપ છે, જે નાનું કે મોટું કામ કરીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા મથે છે. પુરુષને દુઃખ તો બંને સ્થિતિમાં રહેવાનું છે,પણ એ દુઃખની વચ્ચે પણ અડીખમ ઊભા રહીને હું કામ કરતો રહીશ'એમ કહેવું એ જ સાચી મર્દાનગી છે. ■

# આજની પેઢી મોડાં લગ્ન કેમ કરે છે?

*ડિયર હની,*

હમણાં જ આપણા પરિવારમાં એક છોકરાના લગ્ન થયા. ધામધૂમથી થયા , પણ એક મુદ્દે ચર્ચા ચાલી : કઈ ઉંમરે લગ્ન કરવા જોઈએ ? છોકરાની ઉંમર ૩૫ વર્ષની હતી અને છોકરીની વય પણ લગભગ એટલી જ. તારા ને મારા સમયમાં છોકરો નોકરી કરવા લાગે એટલે એના સંબધની વાત શરૂ થઇ જતી. છોકરી ગ્રેજ્યુએટ થઇ જાય એટલે એના માટે છોકરાની શોધ શરૂ થઇ જાય.જોકે છેલ્લા બે દસકામાં ચિત્ર બદલાઈ ગયું છે. હવે છોકરા ૩૦ વર્ષ પહેલાં પરણતા નથી. ૩૫ વર્ષ થઇ જાય તો એમના ચહેરા પર ચિંતાની કોઈ લકીરો દેખાતી નથી.

**આ બદલાવનું કારણ શું છે?**

આજના સમયમાં યુવાનો લગ્ન કરતાં પહેલાં પોતાની કારકિર્દીમાં સ્થિર થવા માગે છે. સારી નોકરી, વ્યવસાય અને આર્થિક રીતે પગભર થયા પછી જ તેઓ જવાબદારી લેવાનું પસંદ કરે છે. ઉપરાંત પ્રોફેશનલ કોર્સ અને ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરતા જ ઘણીવાર ૨૫-૨૬ વર્ષની ઉંમર થઈ જતી હોય છે, ત્યારબાદ નોકરીનો અનુભવ મેળવવામાં સમય લાગે છે. આ બધા વચ્ચે સૌથી મહત્ત્વનું કારણ એ છે કે, ઘણા યુવાનો પોતાની આઝાદી અને લાઈફસ્ટાઈલને વહેલી જતી કરવા માંગતા નથી. તેઓ લગ્ન પહેલાં મિત્રો સાથે ફરવું, શોખ પૂરા કરવા અને બંધનમુક્ત જીવન જીવવાને પ્રાથમિકતા આપે છે. આ પેઢીન હવે એવું માને છે કે ૨૦-૨૨ વર્ષની ઉંમરે માનસિક પરિપક્વતા ઓછી હોય છે. ૨૮-૩૦ વર્ષની ઉંમરે વ્યક્તિ જીવનના નિર્ણયો લેવામાં વધુ સક્ષમ હોય છે.

**જીવનસાથી માટેની અપેક્ષાઓ પણ બદલાઈ ગઈ છે...**

શિક્ષણ અને જાગૃતિ વધવાને કારણે હવે યુવક-યુવતી જીવનસાથીની પસંદગીમાં સમાધાન કરવા તૈયાર નથી. યોગ્ય વિચારો, સમાન શિક્ષણ અને શોખ ધરાવતું પાત્ર શોધવામાં સમય લાગે છે. ઘણીવાર ઘરના મોટા સંતાનો પોતાના નાના ભાઈ-બહેનોના શિક્ષણ કે લગ્નની જવાબદારી પૂરી કરવા માટે પોતાના લગ્ન મોડા કરતા હોય છે. આજે લગ્ન એ માત્ર એક સામાજિક વિધિ મટીને વ્યક્તિગત પસંદગીનો વિષય બન્યો છે, જેમાં સારી 'લાઈફસ્ટાઈલ' અને 'સિક્યોરિટી' ને વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

**આ બદલાવ તો છે પણ એના કારણે કેટલીક સમસ્યા**

ઉદ્ભવ વી શરૂ થઇ છે. એના પર જોઈએ એટલો વિચાર થતો નથી. સ્ત્રી અને પુરુષ બંનેમાં ઉંમર વધવા સાથે પ્રજનન ક્ષમતા કુદરતી રીતે ઘટે છે. ખાસ કરીને ૩૦-૩૫ વર્ષ પછી ગર્ભધારણમાં મુશ્કેલીઓ આવી શકે છે. જોકે, એ માટે એમને ઉપાય જડી ગયો છે. મોડા લગ્નને કારણે ભારતમાં આઈવીએફ (ઇન વિટ્રો ફર્ટિલાઈઝેશન) અને અન્ય ફર્ટિલિટી ટ્રીટમેન્ટની માંગમાં છેલ્લાં ૧૦ વર્ષમાં મોટો ઉછાળો આવ્યો છે. ડોક્ટરોના મતે ૩૦-૩૫ વર્ષ પછી ગર્ભધારણ માટે તબીબી મદદ લેનારા દંપતીઓની સંખ્યામાં ૨૦% થી ૩૦% નો વધારો થયો છે.

જોકે જોખમ એ છે કે, મોડા લગ્નને કારણે મોડી ઉંમરે થતા બાળકોમાં કેટલીકવાર આનુવંશિક ખામીઓ કે જન્મજાત બીમારીઓનું જોખમ વધી જાય છે. મોટી ઉંમરે ગર્ભધારણ કરવાથી માતાના સ્વાસ્થ્ય પર પણ જોખમ વધે છે.

**આ ઉપરાંત કેટલીક બીજી સમસ્યા પણ ઊભી થાય છે**

લગ્ન મોડા થાય તો બાળકો પણ મોડા થાય છે. પરિણામે, માતા-પિતા અને બાળકો વચ્ચે ઉંમરનો તફાવત ઘણો વધી જાય છે, જે ભવિષ્યમાં વિચારોના ટકરાવ અને સંવાદમાં મુશ્કેલી ઊભી કરી શકે છે. બાળકો હજુ ભણતા હોય કે સેટલ થતા હોય, ત્યારે માતા-પિતા નિવૃત્તિની ઉંમરે પહોંચી ગયા હોય છે. આનાથી આર્થિક અને શારીરિક જવાબદારીઓ નિભાવવી પડકારજનક બને છે. લાંબો સમય એકલા રહ્યા પછી ક્યારેક માનસિક એકલતા કે હતાશાનો અનુભવ થઈ શકે છે, જેની અસર લગ્નજીવનના પ્રારંભિક ગાળા પર પડી શકે છે.

જોકે, મોડાં લગ્નના કેટલાક ફાયદા પણ છે, જેમ કે આર્થિક સ્થિરતા અને માનસિક પરિપક્વતા, પરંતુ આ બધી સમસ્યાઓ વચ્ચે પણ એક વાસ્તવિકતા છે જેનો વિચાર કરવો જરૂરી છે. અગાઉ ૨૦ -૨૨ વર્ષે લગ્ન થઇ જતા હતા અને એ કારણે એક સદીમાં પાંચ પેઢી જોવા મળતી. આજે લગ્નની વય વધતી જાય છે એ કારણે સદીમાં હવ ત્રણ પેઢી જ જોવા મળે એવી સંભવાના છે.

એક બીજો બદલાવ પણ નોંધવા જેવો છે. પહેલાં લગ્નોમાં મધ્યસ્થી રહેતા. એ પ્રથા હવે લગભગ પૂરી થઇ ગઈ છે. હવે એની જગ્યા મેટ્રિમોનિયલ સાઈટ અને મેરેજ બ્યુરોએ લીધી છે. ૨૫ થી ૩૦ વર્ષની વયના યુવાનોમાં સેલ્ફ-રજિસ્ટ્રેશન વધ્યું છે, જે દર્શાવે છે કે તે પોતાની રીતે સેટલ થયા પછી જ લગ્નનો નિર્ણય લે છે. લગભગ ૭૦% થી ૮૦% યુવાનો લગ્ન પહેલાં આર્થિક સ્વતંત્રતાને અનિવાર્ય ગણે છે.

મેટ્રોમાં તો એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે. સિંગલ મધરહૂડ કે સિંગલ ફાધરહૂડ શરૂ થયા છે. કેટલાક સર્વે એવું પણ સૂચવે છે કે મેટ્રો સિટીઝમાં 'લિવ-ઈન રિલેશનશિપ' અને 'સિંગલ રહેવાના' ટ્રેન્ડને કારણે પણ લગ્નની ઉંમર પાછી ઠેલાઈ રહી છે.

મોટાભાગના સર્વે એ તરફ ઈશારો કરે છે કે આ એક વૈશ્વિક ટ્રેન્ડ છે. વિકસિત દેશોમાં આ પ્રક્રિયા વર્ષો પહેલા શરૂ થઈ હતી, જે હવે ભારતના મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગમાં પણ તેજીથી ફેલાઈ રહી છે. ઘણા કિસ્સામાં બ્રેક અપનું પ્રમાણ જોવા મળે છે. એ સંખ્યા વધતી જાય છે. આ મુદ્દે વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ થવો જરૂરી છે, કારણ કે, લગ્ન એક સામાજિક રીતિ છે પણ હવે લગ્નમાં સમાજની બાદબાકી થઇ રહી છે. નવી પેઢીનું આ વલણ સમાજને ક્યાં લઇ જશે એ ભવિષ્ય ભાખવું મુશ્કેલ છે.

*તારો બન્ની*

# આવી છે આપણા સંસ્કારની સુવાસ...

સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

**ચંદ્રકાન્તભાઈનાં** પત્નીનું અવસાન થયું. પત્ની સાથે એ ગુજરાતના નાનકડા ગામમાં રહેતા હતા અને તેમનો એક માત્ર પુત્ર તેની પત્ની સાથે મુંબઇમાં રહેતો હતો. માતાના અવસાનના સમાચાર મળતા જ પુત્ર સૌરભ પત્ની મીતા સાથે ગામમાં આવ્યો. સૌરભ મા-બાપના આંખનું રતન હતો. એમાંય સૌરભ માની બહુ નજીક. પિતાજીથી થોડું અંતર એ નાનપણથી રાખતો , કારણ તેને આજ સુધી નથી સમજાયું કે આમ કેમ ? કારણ કે ચંદ્રકાન્તભાઇ તો સાલસ સ્વભાવના, ક્યારેય ઊંચે સાદે નહીં બોલનારા, ભાગ્યે જ ગુસ્સે થનારા છતાંયે સૌરભ અને તેના પિતા વચ્ચે એક અણદીઠી દીવાલ હતી તે વાત નકારી શકાય નહીં. પિતા સાથે સૌરભ ક્યારેય ખૂલીને વાત કરી શકતો નહીં. મા સાથે દિલની બધી જ વાત કરતો. આવી મમતાળુ માતાને ગુમાવીને સૌરભ બહુ જ દુઃખી હતો. પિતા પ્રત્યે પણ એને અપાર પ્રેમ હતો. તે જાણતો હતો કે પિતાએ પેટે પાટા બાંધીને એને ભણાવ્યો છે. આજે પોતે જે કાંઇ છે તેમાં માતા-પિતાનું બહુ મોટું યોગદાન છે.

માતાના અવસાન પછી મરણોત્તર જે વિધિઓ કરવાની હતી તે બધી પૂર્ણ કરીને ઘરે આવેલા મહેમાનો ગયા. હવે ઘરમાં રહી ગયા ફક્ત ત્રણ જ - ચંદ્રકાન્તભાઇ, સૌરભ અને એની પત્ની મીતા. સૌરભ- મીતાની રજાઓ પણ પૂરી થતી હતી તેથી બે- ચાર દિવસમાં તેમણે પણ મુંબઈ જવાનું હતું. સૌરભ મુંઝાતો હતો. પપ્પા એકલા કેવી રીતે રહેશે? આજ સુધી તો માતા-પિતા બન્ને હતા તો એકમેકને સહારે જીવતાં હતાં, પણ હવે પપ્પાનું શું ? એ શું ખાશે પીશે ??પપ્પાને તો મમ્મીના હાથની સ્વાદિષ્ટ રસોઇ જમવાની આદત છે. મીતા પણ સસરાની ચિંતા હતી તેથી એણે ચંદ્રકાન્તભાઇને કહ્યું,

'પપ્પા, હવે તમારે અહીં એકલા રહેવાનું નથી, અમારી સાથે મુંબઇ આવો... આવવાનું છે. અમારું બન્નેનું કામ જો મુંબઇમાં ન હોત તો અમે જ અહીં રોકાઈ જાત.'

'પણ બેટા, હું ત્યાં શું કરીશ?' ચંદુભાઈ અવઢવમાં હતા.

'ટી.વી. જોજો.. ગાર્ડનમાં જજો ત્યાં તમને તમારી ઉંમરના મિત્રો મળી જશે' મીતાની વાતમાં સૌરભે પણ સૂર પુરાવ્યો. દીકરા-વહુના આગ્રહને કારણે ચંદુભાઇ મુંબઇ દીકરાને ઘેર રહેવા આવ્યા.

મુંબઇના ઘર તો મેચ બોક્સ જેવડા. એક બેડરૂમ, હોલ, કિચનના ફલેટમાં સ્વાભાવિક રીતે જ ચંદુભાઇને હોલમાં રહેવાનું થાય. મીતા સવારના વહેલી ઊઠી જાય. રસોઇ બનાવે. ચા-નાસ્તો બનાવે. ચંદુભાઇને ચા નાસ્તો આપી દે,




પોતે બન્ને નાસ્તો કરી લે. પછી બન્ને જણના ટિફિન ભરીને, ચંદુભાઈ માટે જમવાનું ઢાંકીને સૌરભ-મીતા નીકળી જાય કામ પર સાંજે પાછા આવતી વખતે મીતા શાકભાજી લેતી આવે અને રસોઇ બનાવે. થોડી વાર વાતો કરે, ટી.વી. જુએ, જમીને સૂઇ જાય. ચંદુભાઇ આ બધું જુએ. એમને થાય કે મીતાને બહુ કામ રહે છે. એ છોકરી બિચારી થાકી જતી હશે. એટલે એણે મીતાનો બોજ ઓછો કરવાનું નક્કી કર્યું. હવે મીતા આવે તે પહેલા ચંદુભાઇ શાકભાજી લઇ આવતા. શાક જે સમારી પણ આપે. મીતા ના પાડતી:

'પપ્પા, તમે આવું કેમ કરો છો?'

'મને ગમે છે કરવું, મારો સમય પસાર થાય અને તને થોડી મદદ થઇ જાય. તું મને ના ન કહેતી પપ્પાના આગ્રહ સામે મીતાએ નમતું જોખ્યું. થોડા સમયમાં મીતાને પ્રમોશન મળ્યું એટલે કામના કલાક વધી ગયા. જોકે પગાર વધી ગયો તેથી રસોઇવાળી બાઇ રાખી લીધી. તો પણ મીતાને ઘણું કામ રહેતું હતું તેથી ચંદુભાઇ અકળાતા હતા.

'શું કહું તને દોસ્ત, મીતા કેટલું કામ કરે છે, મારાથી તો જોવાતું નથી. મારે લીધે પણ એને થોડું કામ વધારે પહોંચે. મને કયારેક ડોકટર પાસે લઇ જવો પડે, કયારેક ચશ્માં લેવા લઈ જવો પડે. સૌરભ તો મીતા કરતાં યે વધારે વ્યસ્ત છે. તેથી મારું બધું કામ મીતા વહુએ સંભાળવું પડે છે..... હવે ગામમાં પાછા જવાનું વિચારું, પણ ત્યાં જઇને તો શું કરું ? વિચારું છે કે કોઈ સારા વૃદ્ધાશ્રમમાં ચાલ્યો જાઉં. દીકરા-વહુની માથે બોજ બનવા કરતાં...'

ચંદુભાઈ એમના કોઈ મિત્ર સાથે વાત કરતાં હતા ને મીતા પોતાની ચાવીથી દરવાજો ખોલીને ઘરમાં આવી. છેલ્લાં બે વાકય તેના કાને પડ્યાં. એ ચંદુભાઇ પાસે સોફા પર બેસી ગઇ. ચંદુભાઇના હાથ પકડ્યા ને રડવા લાગી:

'પપ્પા, મારી ક્યાં ભૂલ થઈ ગઈ? તમને કાંઇ ઓછું આવ્યું? તમારે કાંઇ જોઇએ છે? તમે વૃદ્ધાશ્રમમાં જવાની વાત કેમ કરો છો?

'અરે, બેટા કાંઇ ભૂલ નથી થઇ તારી. પણ તારા માથે કેટલો કામનો બોજ છે, તેમાં મારી સાર સંભાળ રાખવાનું વધારાનું કામ એટલે વિચારતો હતો કે વૃદ્ધાશ્રમમાં જાઉં.

'પપ્પા, આજે બોલ્યા તે બોલ્યા. હવે આ શબ્દો ક્યારેય બોલતા નહીં તમે મારા-અમારા પર બોજ છો? અરે, પપ્પા તમારા આવવાથી ઘર ઘર લાગે છે. બાકી અમે બન્ને તો લોજિંગ બોર્ડિંગમાં રહેતા હોય એમ રહેતાં હતાં. તમે ઘરમાં હો છો તો મને કેટલી નિરાંત રહે છે. બાઇ વહેલી-મોડી થાય તો દરવાજો ખોલવા ઘરમાં કોઇક છે. શાકભાજી તમે લાવો છો, હવે તો કરિયાણું પણ તમે લાવો છો, રસોયણ બહેન પાસે માથે ઊભા રહીને રસોઇ તમે કરાવો છો. પપ્પા, તમને ખબર છે હું આવું બેલ મારું ને તમે દરાવાજો ખોલો તો એટલું સારું લાગે છે. નહીં તો જેવી લિફટમાં જાઉં કે મોટા પર્સમાં ચાવી શોધવા લાગું તેથી લિફટ સાથે હોય તેવા પાડોશીને હાય-હલ્લો પણ નહોતી કરી શકતી. હવે ચાવી શોધતી નથી તો લોકો સાથે સસ્મિત બે વાત થઇ શકે છે. અને દરવાજો ખોલીને, 'બેટા આવી ગઇ દીકરા?' આ તમે જે વહાલથી કહો છો ને તેથી મારા આખા દિવસનો થાક ઊતરી જાય છે. ઘરમાં એક વડીલ છે તેમના આશીર્વાદ છે તે માટે અમે નસીબદાર છીએ. એ નસીબ છીનવવાનો તમને હક્ક નથી પપ્પા...!'

સૌરભ જેવો પુત્ર અને દીકરી જેવી મીતા વહુ... એમનાં જેવા સંસ્કારની ઝલક જોઈને વૃદ્ધ ચંદુભાઈની આંખો ભીની થઈ ગઈ... ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/G8KsWsrFgRU
આજે જ સબસ્ક્રાઈબ કરો અને જોડાયેલા રહો!

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# પેદાઈશ ને મૌત તો ખુદાના હાથમાં છે

નામઃ બેગમ અખ્તર (અખ્તરીબાઈ ફૈઝાબાદી)
સમયઃ ૩૦ ઓક્ટોબર, ૧૯૭૪
સ્થળઃ (વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ) અમદાવાદ
ઉંમરઃ ૬૦ વર્ષ

મોહરમના દિવસોમાં મારી અમ્મીના ઘરની સામેથી તાજિયા પસાર થતા. જેને વક્ફ મહેંદી હસન ખાં મસ્જિદ કહેવાય છે એના ચોકમાં થઈને મુશ્તરીબાઈના ઘર સામે થઈને જે તાજિયા પસાર થતા એને મારી અમ્મી જાતે ઉઠાવતી. અમ્મીના ગયા પછી એ તાજિયા ઉઠાવવાની પરંપરા મેં જાળવી રાખી હતી. એક નૌહા પઢતાં હું તાજિયા લઈને પસાર થતી એ જોવા લોકો ઊભા રહેતા.

**આબાદ હુઈ કરબોબલ ઉજડા મદીના**
**યા શાહે મદીના! યા શાહે મદીના!**

આજે જ્યારે મારો જનાજો ઉઠવાની તૈયારી છે ત્યારે પણ મને એ તાજિયાની સાથે પસાર થતા લોકોના અવાજ સંભળાય છે, યા હૂસૈન, યા હૂસૈન...

એની સાથે ભળી જાય છે અવાજો, ઈન્ના લિલ્લાહિ વા ઈન્ના ઈલૈહી રાજિઉન (આપણે સૌ અલ્લાહના છીએ અને એની તરફ જ પાછા ફરવાનું છે.) દુઆ કરતા લોકો, આંખોમાં આંસુ સાથે મને લઈ જવાના વ્યવહારુ કાગળો તૈયાર કરતા અબ્બાસી સાહેબ અને એમની મદદે લાગેલા અમદાવાદના કદરદાન... આ ઝમીનનું કર્જ હશે મારા પર, તે ઉતારીને આજે આખરી મંઝિલના પ્રવાસે નીકળી ચૂકી છું.


બેગમ અખ્તર (અખ્તરીબાઈ ફૈઝાબાદી)

પેદાઈશ અને મૌત તો ખુદાના હાથમાં છે. એની વચ્ચેના સમયમાં આપણે જે કરીએ છીએ એને 'જિંદગી' કહેવાય છે. મારા ઈન્તકાલ પછી મને લખનઉ લઈ જવામાં આવી. ત્યાં મારી ફેવરિટ જગ્યા પસંદ બાગમાં મને દફનાવવામાં આવી.

૧૯૭૪માં સુપ્રસિદ્ધ સંગીત નિર્દેશક જે મારા અંગત મિત્ર હતા એ મારી કબર પર આવ્યા. ત્યારે તો કબર કાચી હતી. હજી ચાર જ દિવસ થયા હતા એટલે અબ્બાસી સાહેબ પણ શોકમાં હતા. એમણે યોગેશ પ્રવિણને મદન મોહન સાથે મોકલ્યા. પસંદ બાગમાં કબર પર પહોંચ્યા કે મદન મોહને ફૂલોની બનાવેલી ચાદર મારી કબર પર ચઢાવી. મારા ફેવરિટ કેવડાના અત્તરની એટલી બોટલ ખાલી કરી કે માટી પણ મહેંકી ઉઠી. એ કબરને ભેટીને રડવા લાગ્યા. કેવડાના અત્તરથી કોરી રહી ગયેલી માટી એમના આંસુથી ભીંજાઈ ગઈ. કોઈ મર્દ આટલું રડે એ જોઈને ત્યાં ઊભેલા લોકો પણ ડઘાઈ ગયા. એ પાછા જતાં ટેક્સીમાં રડતા રહ્યા...

મદન મોહન સાથેની મારી દોસ્તી એકદમ જીગરજાન હતી. જ્યારે હું લખનઊ રેડિયો સ્ટેશન પર ગાતી ત્યારે એ ત્યાં કામ કરતા હતા. સંગીત દિગ્દર્શક થઈ ગયા પછી મેં એક દિવસ અડધી રાત્રે એમને ફોન કર્યો, મને ભાઈ-ભાઈ ફિલ્મનું ગીત સંભળાવ, કદર જાનેના... ટ્રન્કકોલ બુક કરાવવા પડતા. એ જમાનામાં બાવીસ મિનિટ સુધી અમે વાતો કરતા રહ્યા અને મદન મોહન ગાતા રહ્યા, જુદાં જુદાં ગીતો... અમારી વચ્ચે પૈસા કદી આવ્યા જ નહીં. એમણે મારા એક ગીત પરથી કોમ્પોઝિશન બનાવ્યું ને મેં જ્યારે એમને એમ કહ્યું કે, તમે આ ગીત મારા કોમ્પોઝિશન પરથી બનાવ્યું છે. ત્યારે એમણે હસીને બેશરમીથી કહ્યું, તો શું થયું? દોસ્તીમાં એટલો હક તો છે.

એવી જ રીતે શકીલ બદાયૂંની સાહેબે એક વાર ટ્રેનમાં બારીમાંથી જ મને એક ગઝલ પકડાવી... હજી તો અમે ત્રણ સ્ટેશન પાર કરીએ એ પહેલાં જ જાણે મારા મનમાં એ ગીતનું કોમ્પોઝિશન બેસી ગયું, ઐ મોહબ્બત તેરે અંજામ પે રોના આયા...

કૈફી આઝમીને કોઈએ એકવાર પૂછેલું કે તમે તો નઝમો માટે જાણીતા છો. ગઝલ લખવાની શરૂઆત કેમ કરી? ત્યારે એમણે કહેલું, જે શાયરના અલ્ફાઝને બેગમ અખ્તરનો અવાજ નથી મળ્યો એની શાયરી બેકાર છે. ગાલિબ ચિત્રકળા શીખ્યા. કારણ કે એમને સુંદર સ્ત્રીઓનાં ચિત્રો બનાવવાં હતાં. એવી જ રીતે મારા મૃત્યુના એક જ અઠવાડિયા પહેલાં મેં કૈફી આઝમીની ગઝલ રેકોર્ડ કરી, સુનાકરો મેરી જૉ, ઈનસે ઉનસે અફસાને, સબ અજનબી હૈં યહાં, કિસકો કૌન પહેચાને...

થોડાંક જ વર્ષો પછી એ જગ્યા સાવ બદલાઈ ગઈ. સતીશ ટંકસાલે નામના એક પ્રશંસકે એક લેખ લખ્યો.

લગભગ બાવીસ કે ત્રેવીસ વર્ષ પહેલાં, મને ખબર પડી કે લખનઊના 'પસંદ બાગ'માં બેગમ સાહેબાના મકબરાની હાલત સારી નથી. કોઈ તેની મુલાકાત લેતું નથી, કોઈ તેની સંભાળ રાખતું નથી. મને ખૂબ દુઃખ થયું. જે કલાકારે પોતાની કલા દ્વારા લાખો લોકોના જીવનમાં સંગીતના સૂર રેલાવ્યા તેમની સંભાળ રાખનાર કોઈ નથી, આવું કેમ છે? આપણે સંગીત પ્રેમીઓ આટલા કૃતઘ્ન કેમ છીએ? હું બેચેન થઈ ગયો. મેં વિચાર્યું, બીજાઓ પર આંગળી કેમ ચીંધવી? લખનઊ જઈને જાતે જ કેમ ન જોવું કે સત્ય શું છે?

હું લખનઊ ગયો. મને ફક્ત એટલી જ ખબર હતી કે બેગમ સાહેબાની કબર 'પસંદ બાગ'માં છે. લખનઊમાં પૂછપરછ કર્યા પછી પણ, કોઈ મને કહી શક્યું નહીં કે પસંદ બાગમાં કબર ક્યાં છે. જેને પણ હું પૂછતો, 'બેગમ અખ્તરની કબર ક્યાં છે?' તે જવાબ આપતો, 'કઈ બેગમ અખ્તર?' મને નવાઈ લાગી કે આ લોકો આટલા મહાન કલાકારને ઓળખતા નહોતા. અંતે, એક વૃદ્ધ સજ્જને મને સાચું સ્થાન કહ્યું, છતાં લગભગ દોઢથી બે કલાક શોધ્યા પછી, આખરે મને કબરનું સ્થાન મળ્યું. બેગમ સાહેબાની કબરની હાલત જોઈને, મારા આંસુ છલકાઈ ગયા. શું આ એ જ બેગમ અખ્તર હતી જેણે આપણા બધા માટે શ્રેષ્ઠ ગઝલો ગાઈ છે?

એક સંગીત પ્રેમી તરીકે, મને શરમ આવી. કબરની કેવી હાલત હતી? ગાયો અને બકરા ચારે તરફ ઊગી નીકળેલા ઘાસમાં બેઠા હતા, છાણની દુર્ગંધ ફેલાઈ રહી હતી, દીવાલો તૂટી ગઈ હતી, માટીના ઢગલા હતા અને કબર પરના પથ્થર ઊખડી ગયા હતા.

મેં ઉદાસ થઈને જોયું. મને સમજાયું કે ઉદાસીથી કંઈ થશે નહીં. હવે સમય છે સેવા કરવાનો, પ્રાર્થના કરવાનો, તે મહાન કલાકારનો આભાર માનવાનો, જેમણે મારા જીવનને પોતાના જાદુઈ સૂરોથી ભરી દીધું છે. પછી, મારી પાસે રહેલી વોકમેનના ટેપ પર, મેં બેગમ સાહેબાની ગઝલ વગાડી. આખા વિસ્તારને સાફ કર્યા પછી, મેં કબર પર ગુલાબ અર્પણ કર્યા અને ધૂપદીપ પ્રગટાવ્યા. આંખો મીંચી ત્યારે મેં અખ્તરબાઈના હોઠ પર સ્મિત જોયું.

પછી મેં હંમેશાં બેગમ સાહેબાના દરગાહની મુલાકાત લેવાનો, આભાર માનવાનો અને તેમની સેવા કરવાનો નિર્ણય લીધો, જેથી તેમને એકલતા ન લાગે. ત્યારથી, મેં દર વર્ષે તેમની પુણ્યતિથિ પર પુણેથી લખનઊ મુસાફરી કરવાનું શરૂ કર્યું. બીજા વર્ષે, જ્યારે હું લખનઊ ગયો, ત્યારે મેં બેગમ સાહેબાના ઘરે જવાનું નક્કી કર્યું. પણ પછીથી, મને પસ્તાવો થયો, મને લાગ્યું કે જો હું ન ગયો હોત તો સારું થાત, કારણ કે ઘર તોડી પાડવામાં આવ્યું હતું. એ ઘરની યાદોને જીવંત રાખવા માટે, હું ત્યાંથી તેની થોડી માટી લઈ આવ્યો. એને ઘરના ફૂલના કુંડામાં મૂકી, જેથી બેગમ સાહેબાનાં ગીતોની સુગંધ ફૂલોમાં ફેલાય.

મેં આ અંગે આકરો લેખ લખ્યો. મારો લેખ છપાયો. ધીમે ધીમે વાત ફેલાઈ ગઈ. લખનઊના અખબારના લોકોએ મારો સંદેશ દરેક ખૂણે પહોંચાડ્યો. મને વિશ્વાસ હતો કે જો બધા સંગીત પ્રેમીઓ સાથે મળીને કામ કરે, તો બેગમ સાહેબાના દરગાહને દુનિયા સમક્ષ લાવવાનું મુશ્કેલ નહીં હોય. દરગાહ એક માધ્યમ હતું, પરંતુ ખરી ઇચ્છા એ હતી કે સંગીત પ્રેમીઓ હંમેશાં બેગમ અખ્તર જેવા મહાન કલાકારને યાદ રાખે અને આવનારી પેઢીઓ પણ બેગમ સાહેબાની પ્રતિભાથી વાકેફ થાય.

લખનઊના સંતકડા સંગઠન અને બેગમ સાહેબાના ઘણા પ્રશંસકોના પ્રયાસો સફળ થયા, અને પાંચથી છ વર્ષ પહેલાં, બેગમ અખ્તર સાહેબાના મકબરાને રૂપાંતરિત કરવામાં આવ્યું. હવે, દર વર્ષે મકબરા પર એક સંગીતમય મેળાવડો યોજાય છે. મુલાકાતીઓનાં મંતવ્યો વિઝિટર બુકમાં નોંધાયેલા છે. લખનઊના હેરિટેજ વોકમાં બેગમ અખ્તરના દરગાહની મુલાકાતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. હવે, સંગીતની રાણી, બેગમ અખ્તર, તેમના મહેલમાં શાંતિથી આરામ કરી રહી છે. (સતીશ ટંકસાલ)

હું તો નથી રહી, પણ લાખો પ્રશંસકોની આંખોમાં મને સંભળાય છે મારો અવાજ... વો જો હમ મેં તુમ મેં કરાર થા, તુમ્હેં યાદ હો કે ન યાદ હો... વો નયે ગિલે, વો શિકાયતે, વો મઝે મઝે હિકાયતે, વો હરએક બાત પે રુઠના, તુમ્હેં યાદ હો કે ન યાદ હો... ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

## નાઉ યોર ટર્ન...




'ડિયર... નાઉ યોર ટર્ન.'

'નો બેબી નો. નાઉ યોર ટર્ન.'

'મને ગુસ્સે ના કર. ક્યારની ઘોડિયાની દોરી ખેંચી ખેંચી થાકી ગઈ છું ને તેં બે કલાકની ઊંઘ પણ ખેંચી નાખી છે. તો હવે કોનો વારો? મારો કે તારો?'

'રોઝી ડિયર, હું ઑફિસમાં કામ કરું છું. એક તો મેન્ટલ સ્ટ્રેસ એન્ડ યુ નો વેરી વેલ... માથાની કઢી પણ કેટલી... મારામાં દોરી ખેંચવાની હિંમત નથી. મને ઊંઘ આવે છે. તું એક કામ કર. થોડીવાર પેલું શું કહેવાય? પેલું બેબીને સુવડાવતી વખતે હિન્દી ફિલ્મોમાં... યુ નો, મધર સરસ સ્વીટ વોઇસમાં ગાય છે. એવું કંઈ ગાશે તો બેબી સૂઈ જશે.'

'ડાર્લિંગ, ગાઈ ગાઈને હું ઊંઘી જઈશ પણ બેબી નહીં ઊંઘે, કારણ કે તારી મોમ કહેતી હતી કે બેબી બપોરે બહુ રડે છે. મને જરા પણ ઊંઘવા દેતી નથી. એટલે એને ઊંઘવાની ગોટી ઘસી ઘસીને પીવડાવું છું. તેથી હવે મને નિરાંતે ઊંઘવા મળે છે. તું ટ્રાય કરીને તો જો. તને ખબર છે ને કે જોબ હું પણ કરું છું. તું એકલો જોબ નથી કરતો. ઊંઘ મને પણ આવે અને થાક પણ લાગે છે. સમજ્યો? પણ એકવાર તે કીધું તેમ હાલરડું ગાઈ જોઉં. પણ ડાર્લિંગ, યાદ કરાવને.'

'તારી મમ્મીએ તારે માટે ગાયું હોય તે જ ગાઈ લે. ડોન્ટ ડિસ્ટર્બ યાર.'

'બેબી ડાર્લિંગ, મારી મમ્મી તારી મોમ જેવી આઉટડેટેડ નથી. એ તો મને ઊંઘાડવા માટે પોપ સોંગ ને રેપ સોંગ જ ગાતી હતી. યુ નો...'

'તો તું પણ એ ગાઈને સુવડાવ. જરા જલદી કર. મને ઊંઘ આવે છે.'

'આઈ એમ એ ડિસ્કો ડાન્સર... આઈ એમ એ ડિસ્કો ડાન્સર...'

'ઓહ નો! બંધ કર. સ્ટોપ... સ્ટોપ. આજુબાજુનાં ઘરનાં બધા છોકરા જાગી જવાનાં. આટલા જાડા ને મોટા અવાજે કોઈ મોમ હાલરડું ગાતી હશે?'

'તો એક કામ કર. તું જ ગાઈ લે. નાઉ યોર ટર્ન. તારો અવાજ તો સ્વીટ જ છે ને...'

અને રોઝીએ મહેસાણાના મેકને ખો આપી દીધી અને ઘોડિયાની દોરી એના હાથમાં વીંટીને દૂર સોફા પર ગઈ ને ઊંઘવાનો ઢોંગ કરવા લાગી.

મહેસાણાની સરકારી શાળામાં ભણીને નસીબજોગે અમેરિકા પહોંચી ગયેલ મેકનો વેરહાઉસમાં (ગોડાઉનમાં- હુરતી ભાષામાં) બોક્સા ઊંચકતા હતા. રમકડાં રમવાની ઉંમરે રખડેલ મકનાને ઠેકાણે પાડવા ઘણા નિષ્ફળ પ્રયાસ કર્યા બાદ સિંગલ મધર તરીકેની છેલ્લી તજવીજ કરી. પાંચ વીઘાનું ખેતર વેંચી એજન્ટને લાખો રૂપિયા દાબીને મકનાને અમેરિકા જવાની ટિકિટ કપાવી. ત્યાં મકનો રાજુડી સાથે મંદિરમાં ફેરા ફરીને હાજર થયો.

બસ, એ ફેરાનાં કર્મફળ રૂપે મકનો મેક બન્યો અને રાજુડી રોઝી બની ગઈ. પાંચ વર્ષે બેબી રૂપી ફળ પ્રાપ્ત થતાં વહાલી મધર યાદ આવી અને મધર પણ ઉજાગરાનાં ભોગ બન્યાં. હવે ત્રણે પાત્રો આખી રાત પાસાં ઘસતાં ઘસતાં મનમાં ગાતાં રહે છે, 'જીને કે લિયે સોચા હી ન થા, દર્દ સંભાલને હોંગે...' સપને તો આખિર સપને હી હોતે હૈં...' એ ત્રણેને બહુ મોડું સમજાયું.

'યાર, મને લાગે છે કે આપણે કંઈક ભૂલ કરી લાગે છે.'

'ડાર્લિંગ, એકાદ ભૂલ નહીં પણ ઘણી બધી કરી છે.'

ત્યાં બેબીએ મોટેથી રડવાની શરૂ કર્યું. 'નાવ યોર ટર્ન ...' કહીને ભર ઠંડીમાં ગરમ ધાબળો વીંટીને મેક સીધો ડ્રોઈંગરૂમમાં જઈને સૂઈ ગયો.

ત્યાં તો મકનાની મોમ આવીને બોલી, 'કેમ બેબી આટલી બધી રડે છે? ને તું કેમ બહાર આવ્યો? થોડી હેલ્પ કરતો હોય તો. વહુ પણ થાકેલી જ હશે ને.'

પછી વધારે પ્રશ્ન પૂછે એ પહેલાં જવાબ આપવા કરતાં મનને બીજે વાળવું સારું, એમ વિચારીને ટીવી ઓન કર્યું તો સામે ભભૂતિ મહારાજ પ્રગટ થયા. એમનાં ચરણોમાં બેઠેલા અગણિત ચેલાઓ અને ભક્તો આંખ બંધ કરીને વંદન મુદ્રામાં બેઠા હતા.

'તો ભક્તો, તમે નસીબદાર છો કે આજે માત્ર એક કલાક માટે ભભૂતિનંદજી પોતાના ભવનમાંથી બહાર આવ્યા છે. તેઓ તમારા પ્રશ્નોના તાત્કાલિક નિરાકરણ કરશે.'

એક ઊભો થયો અને બોલ્યો, 'મારાં જીવનમાં માત્ર દુઃખોની ભરમાર કેમ છે? ભભૂતિવાલે બાબાજી, કોઈ ઉપાય બતાવશો.'

'બેટા, દુઃખ કિસકો નહીં? પૈસાદાર, ગરીબ, બિઝનેસમેન, બેકાર, બચ્ચેવાલે ઔર જીસકો સંતાન નહીં, સબ દુઃખી હૈ. સુખી કૌન હૈ બેટા! સુખ તો એક ભ્રમણા હૈ. સુખ કે પીછે ભાગનેવાલે ભી દુઃખી હૈ. તો ફિર સુખ કી ખોજ ક્યોં કરની? સુખ દુઃખ સબ આતે હૈ, જાતે હૈં. જો હોતા હૈ ઉસકો બસ દેખતે જાઓ, સમજતે જાઓ ઔર ભક્તિ કરતે જાઓ. હમારે આશ્રમ મેં આતે રહો. ધીરે ધીરે સબ સમજ મેં આયેગા.'

ત્યાં તો રોઝી રડતી બેબીને લઈને આવી અને તાડૂકી, 'તું ને તારી મોમ આશ્રમ બનાવો અને સુખ અને દુઃખની ફિલોસોફીના ક્લાસ શરૂ કરો. ભક્તોનાં દુઃખ દર્દ દૂર કરો. તમારા આ વારસને પણ છોટે મેક ચેલી બનાવી ભભૂતિ વેરાવજો. નાવ ઇટ્સ માય ટર્ન ટુ સ્લીપ. એન્ડ લીસન, ડોન્ટ ડિસ્ટર્બ મી.' કહેતી કે રોઝી બેબીને સાસુજીના ખોળામાં મૂકીને જતી રહી અને જતાં જતાં કહી પણ ગઈ, 'મમ્મી, તમે તો બપોરે ઊંઘ કાઢી છે. તો હવે ઉજાગરો કરી નાખો અને કાલે બપોરે ફરી ઊંઘ કાઢી લેજો. અને હા, હજી પણ બંને જણા ભભૂતિનંદ પાસે શીખવા જેવું શીખી લ્યો. અમેરિકામાં તમારો આવો આશ્રમ બરાબર ચાલશે. હું તો આ ચાલી. નાઉ માય ટર્ન ટુ સ્લીપ.'

ત્યાં સ્વામી બોલ્યા, 'ભક્તો, સુખ પછી દુઃખ તો આવશે જ, પણ હિંમત હારવી નહીં. કારણ કે ભગવાન જેવાં ભગવાન પણ સુખ દુઃખના ક્રમમાંથી બાકાત રહ્યા નથી. તો પછી આપણે તો પામર જીવ!' ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# આપો, સ્ટ્રેસ હોર્મોનને જાકારો...

નાયરાને હંમેશાંથી લાગતું આવ્યું છે કે એની અંદર કોઈક અલાર્મ સિસ્ટમ વાગી રહી છે , જે કારણ વગર ગમે ત્યારે એને હચમચાવી મૂકે છે. બહારથી એનું જીવન અતિ સામાન્ય દેખાય, પરંતુ અંદર દરેક વાતે ઇમર્જન્સી થઈ આવે. ક્લાસમાં અચાનક એનું નામ બોલવામાં આવે તો એના હૃદયના ધબકારા વધી જાય. કોઈ ફ્રેન્ડ એને જવાબ ના આપે તો નાયરાનું મન તુરંત એ નિષ્કર્ષ પર પહોંચી જાય કે, 'હું કોઈ માટે ઈમ્પોર્ટન્ટ નથી'. ઘરમાં સામાન્ય એવો તણાવ ઉત્પન્ન થયો નથી કે નાયરાની અંદર સિસ્ટમ હાય એલર્ટ પર મુકાય નથી. એને સમજમાં જ નહોતું આવતું કે આ બધું થવાનું કારણ એની દરેક વાતમાં 'ઓવર થીંક' કરવાની આદત છે કે પછી કંઈ બીજું?

એવામાં એક દિવસ એને કમ્પ્યુટર લેબમાં જવાનું થયું. આવનારા સાયન્સ ફેર માટે સિનિયર્સે બનાવેલા બાયો ફીડબેક સ્ટીમ્યુલેટર પ્રોગ્રામ જાણે એની રાહ જોઈને બેઠો હોય એમ કુતૂહલવશ નાયરા એ બટન પર આંગળી રાખતાં જ સેન્સર જોરથી વાગવાં લાગ્યું. સ્ક્રીન પર મગજ આકારનું એક મોડેલ ચીતરાય ગયું, જેના અમુક હિસ્સાઓ લીલા કલરમાં ચમકતા હતાં તો અમુક વારંવાર લાલ રંગમાં લબુકઝબુક થઈ રહેલાં. નાયરાનું ધ્યાન ત્યાં નીચે લખાયેલા વાક્ય પર પડ્યું. 'કોર્ટિકોલ સ્ટીરોઈડ રિલીઝડ'

નાયરાએ ભ્રમર સંકોચી, ઝીણી નજરે ફરી એ વાક્ય વાચ્યું, પણ કંઈ ખબર પડે તો ને! એ જ સમયે પાછળથી અવાજ આવ્યો,

'પહેલીવાર જોઈ રહી છો કે?' એ કમ્પયુટર લેબના ઈન્ચાર્જ અજય સર હતાં. નાયરાએ સ્ક્રીન તરફ ઈશારો કર્યો. આ લાલ ચમકતો ભાગ શું છે? હું સેન્સર પર આંગળી રાખું કે એ કેમ તરત મારા બ્રેનના પિક્ચરમાં આમ હાઈલાઈટ થવા લાગે છે? અને..'વ્હોટ ઈઝ કોર્ટીકો સ્ટીરોઈડ? '

'જ્યારે પણ તું કોઈ સ્ટ્રેસ અનુભવીશ ને ત્યારે તારું મગજ હાઇપોથેલેમસને એક સિગ્નલ મોકલશે. પછી પિચ્યુઠલી ગ્લેન્ડ એ સિગ્નલને આગળ લઈ જતાં આપણા શરીરના એડ્રીનલ કોર્ટેક્સ સુધી પહોંચાડશે. એડ્રીનલ કોર્ટેક્સ જે તારી કિડનીની બિલકુલ ઉપર આવેલું છે એમાંથી એક હોર્મોન રિલીઝ થશે એને કોર્ટીકો સ્ટીરોઈડ અથવા તો કોર્ટિસોલ હોર્મોનના નામથી ઓળખવામાં આવે છે.' સ્ક્રીન ઉપર એનિમેશન વીડિયો શરૂ કરતાં સરે એને સમજાવ્યું,



'તારે આ કોર્ટિસોલથી બચવાનું છે. આ એક સ્ટ્રેસ હોર્મોન છે જે તારા શરીરને 'ફ્લાઇટ ઓર ફાઇટ મોડ' માટે તૈયાર કરે છે. જેમાં હૃદયના ધબકારા અચાનક વધી જાય, શરીર વધુ ગ્લુકોઝ રિલીઝ કરે કે જેથી કરી તને ઊર્જા મળે અને દિમાગને એલર્ટ મોડ પર નાખી દે, પણ દરેક વખતે આમ હાઈ એલર્ટ અવસ્થામાં રહેવાની આપણને જરૂર હોતી નથી. તરુણાવસ્થામાં તમે લોકો ક્યારેક વધુ પડતાં આ ફાઈટ અને ફ્લાઇટ મોડમાં જતા રહો છો. અને એના લીધે સતત સ્ટ્રેસ અનુભવતા રહો છો....'

નાયરા ધ્યાનથી એમની વાત સાંભળી રહેલી. 'આ લાલ હિસ્સો જે લગાતાર ચમકી રહ્યો છે ને એ તારા બ્રેનનું ડિસિઝન મેકિંગ સેન્ટર છે એટલે કે તારી નિર્ણય લેવાની ક્ષમતાનું અહીંથી નિયમન થાય છે. જ્યારે શરીરમાં લાંબા સમય સુધી કોર્ટિસોલ હોર્મોનનો સ્રાવ થતો રહે ત્યારે આ ડિસિઝન મેકિંગ સેન્ટરનો અમુક હિસ્સો દબાય જાય છે. માટે તમારા વિચારો પોતાની સ્પષ્ટતા ગુમાવી દે . ટીનએજર્સમાં જોવા મળતી ભૂલોનું એપિસેન્ટર અહીં રહેલું છે.'

'આનો મતલબ એવો થયો કે મારા દિમાગમાં કોઈ કેમિકલ લોચા છે?' નાયરાએ ગભરાતા સ્વરે પૂછ્યું.

'ના તારા દિમાગમાં કોઈ કેમિકલ લોચો નથી. બસ. તારે થોડું શાંત રહેવાની જરૂર છે.' કહી અજય સરે પોતાની વાત આટોપી લીધી.

એ દિવસ પછી નાયરાએ પોતાના અંદરની સિસ્ટમને કંઈક અલગ રીતે જોવાનું શરૂ કર્યું. જ્યારે પણ એને ડર લાગતો કે હૃદય તેજ ગતિથી ધબકતું એ વિચારવા લાગતી કે એની અંદર કોર્ટિસોલ હોર્મોન વધ્યો હશે. એ થોડીવાર માટે શાંત થઈ જતી. પરિસ્થિતિથી અળગી થતી. જાતને સમજાવતી કે ઓવરથીંક કરવાને બદલે શાંત રહેતા શીખ. એ પેટર્ન સમજવા લાગેલી કે જયારે પણ પરિસ્થિતિઓ વણસે ત્યારે એનું મગજ એક જ પ્રોસેસમાં કામ કરે છે. બસ, એ પેટર્ન તોડવાની ખાસ જરૂર છે. ધીમે-ધીમે એ વિચારોને કાબૂમાં લાવતાં શીખી. રાત્રે જાગવાથી આ હોર્મોનનું પ્રમાણ શરીરમાં વધે છે એ ખ્યાલ આવતાં વહેલા સૂઈ, વહેલા જાગી જવાની આદત થકી એ મનને ફ્રેશ રાખવામાં સફળ થઈ. ક્યારેક મગજમાં વિચારો તેજ ગતિએ દોડવા લાગે ત્યારે એને કોઈ મનગમતી પ્રવૃતિ તરફ વાળી દેવાથી વિચારો પર કાબૂ મેળવી શકાય છે એ પણ જાત અનુભવે શીખી.

મહિનાઓ પછી સાયન્સ ફેરના ડિસ્પ્લેમાં મુકાયેલા બાયોસેન્સર પર આંગળી મૂકી રહેલી નાયરાએ લોકોના કલબલાટ અને ફ્રેન્ડસની કમેન્ટ્સ વચ્ચે આંખ મીચી દીધી.. એક..બે..ત્રણ..એમ દસ સેકન્ડ્સની ગણતરી કરતી નાયરાની આંખો ફાઈનલ રિઝલ્ટ જોઈ ચમકી ઊઠી. આજે બ્રેનના હાઈલાઈટેડ ભાગ પર લાલ રંગની ડેન્જર સાઈન નહીં, પણ લીલા રંગની શાતા ફરી વળેલી. ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# માય સમર ફેન્ડ્સ







ગરમીની મોસમ આવે એટલે સ્ટાઇલ અને કમ્ફર્ટ બંને વચ્ચે સંતુલન રાખવું ખૂબ જ જરૂરી બની જાય છે. તાપમાન વધી જાય ત્યારે ફક્ત કપડાં નહીં, પણ યોગ્ય એક્સેસરીઝ પણ આપણને સૂર્યની તીવ્ર ગરમીથી બચાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ખાસ કરીને સનગ્લાસિસ, સ્કાર્ફ અને હેન્ડ-લેગ ગ્લોવ્સ આજકાલ ફેશન સાથે સાથે પ્રોટેક્શન માટે પણ ખૂબ ઉપયોગી બની ગયા છે.

સૌથી પહેલા વાત કરીએ સનગ્લાસિસની. ગરમીમાં સૂર્યના કિરણો આંખોને નુકસાન પહોંચાડી શકે છે, તેથી સનગ્લાસિસ પહેરવું જરૂરી બની જાય છે. સનગ્લાસિસમાં અનેક પ્રકાર જોવા મળે છે. જેમ કે એવિએટર સ્ટાઇલ, જે ક્લાસિક અને એવરગ્રીન માનવામાં આવે છે. આ સ્ટાઇલ લગભગ દરેક ફેસ શેપ પર સુટ થાય છે. કેટ-આઇ સનગ્લાસિસ ખાસ કરીને યુવતીઓમાં ખૂબ લોકપ્રિય છે, જે લુકને સ્ટાઇલિશ અને ગ્લેમરસ બનાવે છે. ઓવરસાઇઝ સનગ્લાસિસ પણ આજકાલ ટ્રેન્ડમાં છે, જે ચહેરાને સંપૂર્ણ કવરેજ આપે છે અને સન પ્રોટેક્શન વધારે આપે છે. સ્ક્વેર અને રાઉન્ડ ફ્રેમ્સ પણ ફેશનમાં છે, જે તમારું લુક અલગ અને આકર્ષક બનાવે છે. સનગ્લાસિસ ખરીદતી વખતે UV પ્રોટેક્શન હોવું જરૂરી છે, જેથી



આંખોને હાનિકારક કિરણોથી સુરક્ષા મળે.

### સ્કાર્ફની

સ્કાર્ફ માત્ર ફેશન એક્સેસરી નહીં, પણ ગરમીમાં ખૂબ ઉપયોગી છે. ખાસ કરીને કોટન અને લિનન ફેબ્રિકના સ્કાર્ફ ગરમીમાં ઠંડક આપે છે. સ્કાર્ફના વિવિધ પ્રકારોમાં લોંગ સ્કાર્ફ, સ્ક્વેર સ્કાર્ફ અને ઇન્ફિનિટી સ્કાર્ફનો સમાવેશ થાય છે. લોંગ સ્કાર્ફને તમે ગળા આસપાસ લૂઝલી રેપ કરી શકો છો અથવા ફેસ કવર કરવા માટે ઉપયોગ કરી શકો છો. સ્ક્વેર સ્કાર્ફને સ્ટાઇલિશ રીતે બાંધીને હેડ કવર અથવા નેક એક્સેસરી તરીકે પણ પહેરી શકાય છે. ઇન્ફિનિટી સ્કાર્ફ એક લૂપમાં હોય છે, જે પહેરવામાં સરળ અને કેઝ્યુઅલ લુક માટે ઉત્તમ છે. સ્કાર્ફ સૂર્યના કિરણોથી ત્વચાને બચાવે છે અને સાથે સાથે તમારું આઉટફિટ પણ વધુ આકર્ષક બનાવે છે. ઓફિસ જતી યુવતીઓમાં લોન્ગ સ્કાર્ફનો ઉપયોગ વધારે જોવા મળે છે. લોન્ગ સ્કાર્ફમાં આખું મોઢું, વાળ, ગળું, અને શોલ્ડર પણ કવર થઇ જાય છે. આ સ્કાર્ફ જો લાઈટ કલરમાં હશે તો વધારે આરામદાયક લાગશે. ઉનાળામાં એક નિયમ જ બનાવી લેવાય, કે જેવા ઘરની બહાર નીકળવાનું આવે ત્યારે સ્કાર્ફ વગર બહાર ન જવું. જો તમે ટુ વ્હીલર ચલાવતા હોવ તો ખાસ કરીને સ્કાર્ફનો ઉપયોગ કરવો.

### હેન્ડસ એન્ડ લેગ ગ્લોવ્સ

ગરમીમાં હેન્ડ અને લેગ ગ્લોવ્સ પણ ખૂબ મહત્ત્વના બની ગયા છે. ખાસ કરીને જ્યારે તમે લાંબા સમય સુધી બહાર રહેતા હોવ, ત્યારે હાથ અને પગ પર સીધી સૂર્યપ્રકાશની અસર થતી હોય છે. હેન્ડ ગ્લોવ્સ કોટન અથવા લાઇટવેઇટ ફેબ્રિકમાં ઉપલબ્ધ હોય છે, જે હાથને ટેનિંગ અને સનબર્નથી બચાવે છે. આજકાલ ડ્રાઇવિંગ ગ્લોવ્સ પણ ટ્રેન્ડમાં છે, જે સ્ટાઇલ સાથે સાથે પ્રોટેક્શન આપે છે. લેગ ગ્લોવ્સ અથવા લેગ સ્લીવ્સ પણ ખાસ કરીને બાઇક રાઇડર્સ માટે ખૂબ ઉપયોગી છે. આ સ્લીવ્સ પગને ધૂળ અને ગરમીથી બચાવે છે અને સ્કિનને સેફ રાખે છે.

### હેટ અને ટોપી

ઉનાળામાં હેટ અને ટોપીનો ઉપયોગ ખાસ કરવો જોઈએ. ગરમીમાં સીધી સૂર્યકિરણોથી માથું અને ચહેરો બચાવવા હેટ અને કેપ ખૂબ ઉપયોગી છે. તે માત્ર તડકાથી જ નહીં પરંતુ સ્કિન ટેનિંગ, સનબર્ન અને હીટસ્ટ્રોકથી પણ બચાવે છે. સાથે સાથે, તે તમારા લુકને વધુ સ્ટાઇલિશ અને ક્લાસી બનાવે છે. ઉનાળામાં હેટ અને કેપ માત્ર ફેશન સ્ટેટમેન્ટ નહીં પરંતુ જરૂરી એક્સેસરી છે. યોગ્ય પસંદગી અને સ્ટાઇલિંગથી તમે ગરમીથી બચી શકો છો અને સાથે સાથે ટ્રેન્ડી પણ દેખાઈ શકો છો. એટલે આ સમર સીઝનમાં તમારા વોર્ડરોબમાં એક સ્ટાઇલિશ હેટ અથવા કેપ જરૂર ઉમેરો અને સ્ટાઈલિશ દેખાવ માટે રેડી થઇ જાવ.

આ તમામ એક્સેસરીઝને યોગ્ય રીતે સ્ટાઇલ કરવી પણ એટલી જ જરૂરી છે. જો તમે લાઇટ કલરનાં કપડાં પહેરો છો, તો બ્રાઇટ અથવા પ્રિન્ટેડ સ્કાર્ફ તમારા લુકને આકર્ષિત બનાવી શકે છે. સનગ્લાસિસને ફેસ શેપ અનુસાર પસંદ કરવાથી લુક વધુ આકર્ષક લાગે છે. હેન્ડ અને લેગ ગ્લોવ્સને તમારા આઉટફિટ સાથે મેચ કરીને પહેરશો તો ફેશન અને કમ્ફર્ટ બન્ને મેળવી શકશો.

ગરમીમાં સ્ટાઇલિશ રહેવું મુશ્કેલ નથી, જો તમે યોગ્ય એક્સેસરીઝ પસંદ કરો. સનગ્લાસિસ, સ્કાર્ફ અને ગ્લોવ્સ માત્ર તમને ગરમીથી બચાવતા નથી, પરંતુ તમારા લુકમાં એક નવો સ્ટાઇલ ક્વોશન્ટ ઉમેરે છે. આ ઉનાળામાં તમે પણ આ એક્સેસરીઝનો ઉપયોગ કરીને કૂલ, કમ્ફર્ટેબલ અને ફેશનેબલ રહી શકો છો.

નિખાર
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

## સંવેદનશીલ વ્યક્તિનાં લેખાં-જોખાં

# સ્ત્રી હોય કે પુરુષ... સંવેદના જ એનું સાચું સૌંદર્ય



કેટલી પણ સંવેદના હોય તો વ્યક્તિ પછી તે સ્ત્રી હોય કે પુરુષ! સંવેદનશીલ કહેવાય?

– લાડકી પૂર્તિની વહાલી વાચક બહેન-દીકરીઓ!

* સંવેદનાનું કોઈ માપ નથી.
* સંવેદનાની તીવ્રતા માપી શકતી નથી.
* માનવીનું બ્લડપ્રેશર માપી શકાય છે.
* સંવેદનાનો સરવાળો કરી આપે એવું કોઈ મશીન હજુ શોધાયું નથી.
* સંવેદના માપવાની કે ગણવાની ચીજ પણ નથી.
* સંવેદના તો અનુભવવાની વસ્તુ છે.
* 'સિર્ફ અહેસાસ હૈ યે, રૂહ સે મહેસૂસ કરો...!'
* આંખો સુકાઈ જવાનાં કારણો હોઈ શકે.
* આંખો ભીની થવાનાં ઘણી વખત કોઈ કારણો નથી હોતાં.

– કોઈ યાદ - કોઈ સ્મરણ - કોઈ પ્રસંગ - કોઈ ઘટના, કોઈ સંવાદ કે કોઈ સ્પર્શ અચાનક તાજાં થઈ જાય છે.

– આકાશમાં એક વાદળ રચાય છે અને પછી આંખ વરસી પડે છે.

– આંખમાં મેઘધનુષ રચાય એવી યાદો કેટલી હોય છે?

– સંવેદના ક્યારેક એવી છંછેડાઈ જાય છે કે એ ચેન લેવા દેતી નથી. આ લખનારના પતિ આવી સંવેદનાઓનો શિકાર છે!

– સળ પડી ગયેલી પથારી અને ભીનું થઈ ગયેલું આ ઓશીકું સંવેદનાને મેગ્નિફાઈંગ ગ્લાસથી મોટી કરી દે છે.

– સંવેદના ક્યારેક કોમળ પાંખડીઓના સ્પર્શ જેવી બની જાય છે.

– સંવેદના સજીવન થાય ત્યારે ટેરવામાં શીતળતાનો થનગનાટ થાય છે, તો ક્યારેક આપણી વેદના જ ટેરવે ટેરવે હોળી પ્રગટાવે છે.

– આંખોના બદલાતા રંગ ઘણી વખત સંવેદનાની ચાડી ફૂંકે છે.

– સંવેદના સુકાય ત્યારે પીળી અને ફિક્કી પડી જતી આંખો વધારે ગહેરી લાગે છે. ઊંડાણમાં કંઈક ખોવાઈ જાય છે અને એટલે જ ઘણી વખત રડવું આવી જાય છે.

– લાલ આંખોની ઝાંયમાં ઘણી વખત સંવેદના તરફડતી હોય છે અને ઘણી વખત સફેદ ચાદર ઓઢીને આંખો સંવેદનાનો માતમ મનાવતી હોય છે.

– દરેક વ્યક્તિ પોતાની સંવેદનાનો માલિક છે પછી તે સ્ત્રી હોય કે પુરુષ! એ કેવો માનવી છે એ છતું કરતી હોય છે.

* સંવેદના વ્યક્તિ કેવી છે એને છતું કરતી હોય છે.

– લાડકી પૂર્તિની વહાલી વાચક બહેનો, દીકરીઓ અને પુરુષ વાચક બિરાદરો!

– સંવેદના માનવીના દરેક કામમાં અને તમામ વર્તનમાં પ્રગટે છે.

– માનવીના વિચારો એ બીજું- કંઈ જ નથી પણ પોતાનામાં જીવતી સંવેદનાનું પ્રતિબિંબ છે! સંવેદના વરતાઈ આવે છે અને સંવેદના પરખાઈ જાય છે.

– લેખકની સંવેદના અને શબ્દોમાં, એના ટાંકણમાં પ્રગટ થાય છે.

– સંવેદના ક્યારેક ખીલી જાય છે અને ક્યારેક મૂરઝાઈ જાય છે.

* 'તમારી સંવેદના કેવી છે?'

એક જાણીતા કોલમનિસ્ટ લેખક - પત્રકારને કોઈએ પૂછ્યું.

– તેણે કહ્યું કે, બધા લોકોએ મારી સંવેદનાનો ગેરફાયદો જ ઉઠાવ્યો છે. મારો લાભ જ લીધો છે.

– એ વ્યક્તિએ કહ્યું કે, કેટલી મોટી વાત છે, આટલું થયું છતાં તમે તમારી સંવેદનાને મરવા દીધી નથી.

– સાચું પૂછો તો આપણી સંવેદનાનો ફાયદો કે ગેરફાયદો કોઈ ઉઠાવતું હોતું નથી, પણ આપણે જ આપણી સંવેદનાનો ઉપયોગ કે દુરુપયોગ થવા દેતા હોઈએ છીએ.

– છેવટે સવાલ એજ હોય છે કે આપણે સંવેદનાનો કેવો અને કેટલો ઉપયોગ થવા દઈએ છીએ.

### ચિંતન

* સંવેદનશીલ હોવું સારું છે, પણ સંવેદના ત્યાં જ સજીવન થવી જોઈએ જ્યાં તેની અસર હોય.

* ન્યોછાવર થઈ જવામાં ગૌરવ છે, પણ અયોગ્ય વ્યક્તિ પાસે પછી ભલે તે કુટુંબીજન કેમ ના હોય! સમર્પણની ભાવના ઘણી વખત મૂર્ખામીમાં ખપતી હોય છે.

* ઈમોશનલ ફૂલ બનવા કરતાં ઈન્ટેલિજન્ટ ઈડિયટ બનવાનું ઘણી વખત જરૂરી બની જાય છે.

* તમારી સંવેદના સાર્થક કરવા માટે એ જરૂરી છે કે સંવેદના સાથે રમત થવા ન દો.

* તમારી સંવેદના છેતરપિંડી માટે નથી.

– ઘણી વખત

* પ્રેમ, * લાગણી, * સ્નેહ,

* આત્મીયતા અને ઋજુતા પણ સ્વાર્થ અને મતલબનો અંચળો ઓઢીને આપણી સામે આવતી હોય છે એને પારખતા ન આવડે તો સંવેદના જ વેદના બની જાય છે.

– ચંદન માટે ઘસાવવામાં કોઈ વાંધો ન હોય, પણ પથ્થર સાથે પથ્થર ઘસાય તો તણખા જ ઝરે.

– વ્યક્તિની પછી તે સ્ત્રી હોય કે પુરુષ! સંવેદના જ એનું સાચું સૌંદર્ય હોઈ પ્રસ્તુત લેખનો બીજો અને છેલ્લો ભાગ આવતા અંકમાં વાંચી સંવેદનશીલ વ્યક્તિનાં લેખાં-જોખાં પર રોશની નાખીશું.

### મલકાટઃ

– 'પચીસ વર્ષ સુધી તો હું અને મારી પ્રેમિકા ખૂબ મોજમાં રહ્યાં હતાં.'

* 'પછી શું થયું...?'

– 'છવ્વીસ વર્ષની વયે અમારાં લગ્ન થઈ ગયાં...!'

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

# ફન વર્લ્ડ

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| तोंड | કોણી |
| पोट | આંગળી |
| बोट | મોઢું |
| कोपर | ઘૂંટણ |
| गुडघ्या | પેટ |

## જાણવા જેવું

બતક એક જાતનું જળચર પક્ષી કહેવાય છે. તેનો રંગ સફેદ, ચાંચ ઝાંખા પીળા રંગની અને છેડાની બાજુએ ચપટી હોય છે. ચાંચની માફક પંજાનો રંગ પણ પીળાશ પડતો સહેજ લાલ હોય છે. આ પક્ષી પાણીમાં તરે છે અને જમીન ઉપર પણ ચાલે છે. તેનું શરીર ભારે હોવાથી તે જલદી દોડી કે બહુ ઊડી નથી શકતું.

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીના એકમાત્ર સગા જેઠાણીના સસરાના મોટા પુત્રના એકમાત્ર વેવાઈની એકમાત્ર પુત્રવધૂ સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભાણેજ બ) નણંદ
ક) દેરાણી ડ) ભત્રીજી

## નોંધી રાખો

સારો સ્વભાવ ગણિતના શૂન્ય જેવો હોય છે. જેની પણ સાથે જોડાઈ જાય એની કિંમતમાં વધારો કરી દે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ■ | ૫ | | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | | ■ | | ■ | |
| | ■ | ૧૦ | | | ■ | ૧૧ | | ■ | |
| ■ | ૧૨ | | ■ | ■ | ૧૩ | | ■ | ૧૪ | |
| ૧૫ | | | | ■ | | ■ | ■ | | ■ |
| ■ | | ■ | ■ | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | | |
| ૧૯ | | ■ | ૨૦ | | ■ | ■ | ૨૧ | | ■ |
| | ■ | ૨૨ | | ■ | ૨૩ | ૨૪ | | ■ | ૨૫ |
| | ■ | | ■ | ૨૬ | | | ■ | ૨૭ | |
| ૨૮ | | | ■ | | ■ | ૨૯ | | | |

### આડી ચાવી

૧. બડાઈ (૪)
૫. ઘણું મક્કમ કે મજબૂત (૩)
૭. --- રહંતા ઠાકરા, નાણાં નવ રહંત (૨)
૮. વારસદાર, સંતાન (૩)
૧૦. પાતક (૨)
૧૧. પ્રકરણ (૨)
૧૨. એક કંદ (૨)
૧૩. નમાજનાં સમયે મુલ્લા --- પોકારે (૨)
૧૪. કપાળ (૨)
૧૫. આખરનો સમય, મોતની ઘડી (૪)
૧૭. પરણતી વખતે કન્યા સફેદ વસ્ત્ર પહેરે તે (૪)
૧૯. દેવ (૨)
૨૦. પરમેશ્વર (૨)
૨૧. શ્રેષ્ઠ, ઉત્તમ (૨)
૨૨. વારાણસી (૨)
૨૩. અન્યનું, બીજાનું (૩)
૨૬. હલકાપણું, ઓછપ (૩)
૨૭. આ બાજુ (૨)
૨૮. માદળિયું (૩)
૨૯. ફિલસૂફ (૪)

### ઊભી ચાવી

૧. રક્ષણ (૩)
૨. અંધારું, અજ્ઞાન (૨)
૩. જીવતું, પ્રાણવાન (૩)
૪. ધજા, વાવટો, ઝંડો (૨)
૫. સ્વચ્છ, ચોખ્ખું (૩)
૬. --- માંહે પોલ (૪)
૯. શંકા, વહેમ (૨)
૧૦. ચાખડી, પાવડી (૩)
૧૧. એક ધાન્ય (૨)
૧૨. રવિવાર (૪)
૧૩. પૂંછડી વગરનું (૨)
૧૪. તરજુમો, અનુવાદ (૪)
૧૬. ત્યારે (૨)
૧૮. બિલકુલ, ઠામકું (૩)
૧૯. સરળતા, સહેલાઈ (૪)
૨૦. હર્ષ (૨)
૨૨. કલેજુ, કાળજુ (૩)
૨૩. પાંદડું, પર્ણ (૨)
૨૪. ખેલ (૩)
૨૫. શુદ્ધ લોહીની નસ (૩)
૨૬. ધણી, માલિક (૨)
૨૭. હુકમ, ફરમાન (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ધ: | ૨ પ | ૩ ત | ૪ ન | ■ | ૫ આ | શાં | ૬ કિ | ૭ ત |
| હિં | ■ | ૮ ગી | ર | દ | ■ | ધ | ■ | ૯ ના | ક |
| સા | ■ | ■ | ક્રી | ■ | ૧૦ પા | ■ | ૧૧ ગ | ર | દી |
| ■ | ૧૨ ધા | ૧૩ ન | ■ | ૧૪ અ | લ | ગ | ■ | ■ | ર |
| ■ | ■ | ૧૫ જી | વા | ણું | ■ | ■ | ૧૬ હ | જ | ■ |
| ■ | ૧૭ દે | વું | ■ | ■ | ૧૮ ગૌ | ર | વ | ■ | ■ |
| ૧૯ ના | ■ | ■ | ૨૦ અ | ૨૧ રુ | ણ | ■ | ૨૨ ન | દી | ■ |
| ૨૩ જૂ | ૨૪ જ | વું | ■ | ક્ષ | ■ | ૨૫ હ | ■ | ■ | ૨૬ ફ |
| ૨૭ કા | રી | ■ | ૨૮ શો | ■ | ૨૯ પા | ર | ૩૦ દ | ■ | ર |
| ૩૧ ઈ | ક | રા | ર | ■ | ૩૨ પ | ખ | વા | ડિ | ક |

## ઓળખાણ પડી?



કુચીપુડી અને ભરતનાટ્યમ નૃત્ય શૈલીમાં પારંગત અને પદ્મ એવોર્ડથી સન્માનિત સાઉથના નૃત્યાંગનાની ઓળખાણ પડી?

અ) સોનલ માનસિંહ
બ) વૈશાલી મોહપાત્રા
ક) સુધા ચંદ્રન
ડ) યામિની કૃષ્ણમૂર્તિ

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

આપેલા વાક્યમાં કદાચ માટેનો હિન્દી શબ્દ સંતાયો છે એ શોધી કાઢો.

આસપાસ આકાશમાં અંતરમાં આભાસ.

## માઈન્ડ ગેમ

'પ્રાઇડ એન્ડ પ્રેજ્યુડાઇસ' જેવી નામાંકિત નવલકથા લખનારાં બ્રિટિશ લેખિકાનું નામ આપેલા વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) ટોની મોરિસન બ) વર્જિનિયા વુલ્ફ ક) જેન ઓસ્ટીન ડ) આગાથા ક્રિસ્ટી

## સુડોકુ-૯૨૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | | | | ૯ | ૨ | |
| ૨ | | ૪ | ૯ | | | | | ૧ |
| | | | ૪ | | ૮ | ૫ | | ૭ |
| | | ૬ | | ૪ | | | ૫ | ૨ |
| ૫ | | ૯ | | | | ૧ | | ૮ |
| ૩ | ૮ | | | ૧ | | ૭ | | |
| ૭ | | ૮ | ૬ | | ૨ | | | |
| ૯ | | | | | ૪ | ૨ | | ૫ |
| | ૨ | ૫ | | | | | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૫ | ૮ | ૪ | ૩ | ૯ | ૭ | ૬ |
| ૯ | ૭ | ૩ | ૫ | ૬ | ૧ | ૮ | ૪ | ૨ |
| ૮ | ૪ | ૬ | ૨ | ૭ | ૯ | ૧ | ૫ | ૩ |
| ૧ | ૯ | ૭ | ૪ | ૮ | ૨ | ૩ | ૬ | ૫ |
| ૩ | ૫ | ૪ | ૬ | ૧ | ૭ | ૨ | ૮ | ૯ |
| ૬ | ૮ | ૨ | ૯ | ૩ | ૫ | ૪ | ૧ | ૭ |
| ૫ | ૩ | ૮ | ૭ | ૯ | ૪ | ૬ | ૨ | ૧ |
| ૭ | ૬ | ૧ | ૩ | ૨ | ૮ | ૫ | ૯ | ૪ |
| ૪ | ૨ | ૯ | ૧ | ૫ | ૬ | ૭ | ૩ | ૮ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| जहाल | ઉગ્ર |
| जांभई | બગાસું |
| जाज्वल्य | દેદીપ્યમાન |
| जास्त | વધારે |
| जारी | અમલ |

**ગુજરાત મોરી મોરી રે:**
ભાભી

**ઓળખાણ પડી?**
રાણી ચેનમ્મા

**માઈન્ડ ગેમ :**
સાવિત્રીબાઈ ફૂલે

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
કાર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) નીતા દેસાઈ (૮) ભારતી બુચ (૯) શ્રદ્ધા આશર (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) હર્ષા મહેતા (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) મહેશ સંઘવી (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) ભરત કજરિયા (૧૮) નિતીન જયંતીલાલ બજરિયા (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) વિજય આસર (૨૨) અંજુ ટોલિયા (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) અરવિંદ કામદાર (૨૬) પુષ્પા ખોના (૨૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૮) પુષ્પા ખોના (૨૯) ડાયના સંતોકે (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) કમલ માતલિયા (૩૨) અલકા વાણી (૩૩) તાહેર ઔરંગાબાદવાલા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) ડો. પ્રકાશ કટકિયા (૪૦) પ્રતિમા પમાણી (૪૧) ધીરેન્દ્ર મુલરાજ (૪૨) મહેશ દોશી (૪૩) પુષ્પા પટેલ (૪૪) મહેન્દ્ર લોઢાવિયા (૪૫) લજિતા ખોના (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૮) હર્ષાવદન દેસાઈ (૪૯) હેમાંગી કાંતિલાલ મારુ



હૈદરાબાદનો હિન્રિક ક્લાસેન

# પંજાબની હારની હૅટ-ટ્રિક, હૈદરાબાદ નંબર-વન

હૈદરાબાદઃ સનરાઇઝર્સ હૈદરાબાદે (૨૦ ઓવરમાં ૪/૨૩૫) બુધવારે પૉઇન્ટ્સ-ટેબલના અવ્વલ ક્રમના પંજાબ કિંગ્સ (૨૦ ઓવરમાં ૭/૨૦૨)ને ૩૩ રનથી હરાવીને એના કબજામાંથી નંબર-વનનું સ્થાન આંચકી લીધું હતું. હૈદરાબાદ ૧૪ પૉઇન્ટ સાથે પ્રથમ સ્થાને છે અને એક સમયે અપરાજિત રહ્યા બાદ હવે સતત ત્રીજી મૅચ હારેલું પંજાબ ૧૩ પૉઇન્ટ સાથે બીજા સ્થાન પર ધકેલાયું છે. આ વખતે પંજાબના પ્રથમ સેન્ચુરિયન બનેલા ઑસ્ટ્રેલિયન ખેલાડી કૂપર કૉનોલી (૧૦૭ અણનમ, ૫૯ બૉલ, આઠ સિક્સર, સાત ફોર)ની લડાયક ઇનિંગ્સ એળે ગઈ. હૈદરાબાદના પૅટ કમિન્સ અને શિવાંગ કુમારે બે-બે વિકેટ તેમ જ નીતીશ રેડ્ડી, ઇશાન મલિન્ગા અને સાકિબે એક-એક વિકેટ લીધી હતી.

હૈદરાબાદે પંજાબ સામે ૧૧મી એપ્રિલની હારનો બદલો લઈ લીધો છે. બન્ને ટીમ વચ્ચે રમાયેલી કુલ ૨૬માંથી ૧૮ મૅચ હૈદરાબાદે અને આઠ પંજાબે જીતી છે. છેલ્લા પાંચમાંથી ચાર મુકાબલામાં હૈદરાબાદની અને માત્ર એક મૅચમાં પંજાબની જીત છે.

હિન્રિક ક્લાસેન (૬૯ રન, ૪૩ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) અને નીતીશ રેડ્ડી (૨૯ અણનમ, ૧૩ બૉલ, બે સિક્સર, બે ફોર) વચ્ચે ચોથી વિકેટ માટે ૬૩ રનની ભાગીદારી તથા એ અગાઉ ક્લાસેન અને ઇશાન કિશન (પંચાવન રન, ૩૨ બૉલ, ચાર સિક્સર, બે ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૮૮ રનની જે પાર્ટનરશિપ થઈ હતી એ પંજાબને ભારે પડી. અભિષેક શર્મા (૩૫ રન, ૧૩ બૉલ, ચાર સિક્સર, બે ફોર) અને ટ્રૅવિસ હેડ (૩૮ રન, ૧૯ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર)ના પણ હૈદરાબાદની ઇનિંગ્સમાં ઉપયોગી યોગદાન હતા.

એ પહેલાં, હૈદરાબાદે ચાર વિકેટે ૨૩૫ રન કર્યા હતા. અભિષેકે ટ્રૅવિસ હેડ સાથે ૫૪ રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી. અભિષેકે ૩૫માંથી ૩૨ રન છગ્ગા-ચોગ્ગાની મદદથી બનાવ્યા હતા. તેણે લૉકી ફર્ગ્યુસનને આ સીઝનમાં પહેલી વિકેટ અપાવી હતી. તેના બૉલમાં અભિષેક મિડ-ઑફ પર શ્રેયસ ઐયરના હાથમાં કૅચઆઉટ થયો હતો.

યુઝવેન્દ્ર ચહલ, વિજયકુમાર વૈશાક અને અર્શદીપ સિંહને એક-એક વિકેટ મળી હતી, પણ માર્કો યેનસેન (૪-૦-૬૧-૦) સૌથી ખર્ચાળ સાબિત થયો હતો. ■

# હાર્દિક ઈજાને લીધે બેંગ્લૂરુ સામેની મૅચ માટે રાયપુર નથી ગયોઃ રવિવાર પહેલાં ફિટ થઈ જશે

મુંબઈઃ હાર્દિક પંડ્યાના મુદ્દે અપડેટ બહાર આવ્યું છે જેમાં જણાવાયું છે કે તેને પીઠના સ્નાયુઓનો દુખાવો સતાવી રહ્યો છે જેને લીધે તે આ વખતની ટૂર્નામેન્ટમાં બે મૅચ ન રમવા ઉપરાંત હવે બેંગ્લૂરુ સામેની રવિવારની મૅચ માટે ટીમ સાથે રાયપુર નથી ગયો. મુંબઈની ટીમને પ્લે-ઑફની હજી પણ આશા છે. હાર્દિક રવિવાર પહેલાં રમવા માટે ફિટ થઈ જશે એવી ધારણા છે.

મુંબઈની પાછલી મૅચ ચોથી મેએ લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) વિરુદ્ધ વાનખેડે સ્ટેડિયમમાં રમાઈ હતી. હાર્દિક એ મૅચની બહાર હતો. તેની ગેરહાજરીમાં સૂર્યકુમાર યાદવે કૅપ્ટન્સી સંભાળી હતી. સૂર્યાએ ટૉસ વખતે કહ્યું હતું કે 'હાર્દિક પૂર્ણપણે ફિટ નથી એટલે તે પ્લેઇંગ-ઇલેવનમાં સામેલ નથી.' જોકે પીઠની કથિત ઈજાને કારણે તે અગાઉ દિલ્હી સામેની મૅચમાં પણ નહોતો રમ્યો.

મુંબઈની ટીમ આ વખતની ટૂર્નામેન્ટમાં બહુ ખરાબ હાલતમાં છે. માત્ર છ પૉઇન્ટ સાથે આ ટીમ છેક નવમા નંબરે છે. હાર્દિકનો પોતાનો પર્ફોર્મન્સ પણ સારો નથી. ૧૦માંથી મુંબઈની ટીમ ફક્ત ત્રણ મૅચ જીતી છે અને સાત મૅચમાં પરાજિત થઈ છે. હાર્દિક આઠ મૅચમાં બૅટિંગ કરી



ચૂક્યો છે જેમાં તેણે ૧૩૬.૪૪ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૧૪૬ રન કર્યા છે જેમાં એકેય હાફ સેન્ચુરી નથી. હાર્દિક આઠ મૅચમાં કુલ માત્ર ચાર વિકેટ લઈ શક્યો છે. ■

ચૅમ્પિયન્સ લીગ

# બુકાયો સાકાએ એક ગોલ કર્યો અને આર્સેનલ ૨૦ વર્ષે પહોંચ્યું ફાઇનલમાં!

લંડનઃ આર્સેનલ ક્લબની ટીમ ૨૦ વર્ષ બાદ પહેલી વખત ચૅમ્પિયન્સ લીગ ફૂટબૉલ સ્પર્ધાની ફાઇનલમાં પહોંચી છે અને એનો સૌથી વધુ જશ એના મુખ્ય ખેલાડીઓમાંથી એક બુકાયો સાકાને મળવો જોઈએ, કારણકે તેણે મંગળવારે અહીં આર્સેનલને રોમાંચક સેમિ ફાઇનલમાં વિજય ૧-૦થી અપાવ્યો હતો. ઍટ્લેટિકો મૅડ્રિડ સામેની સેમિ ફાઇનલનો એ બીજો રાઉન્ડ હતો જેમાં થયેલો એકમાત્ર ગોલ સાકાએ ૪૪મી મિનિટમાં કર્યો હતો.

સેમિ ફાઇનલના બન્ને તબક્કાને ગણતરીમાં લઈએ તો આર્સેનલે મૅડ્રિડને ૨-૧થી પરાજિત કરીને બે દાયકા બાદ ફાઇનલમાં એન્ટ્રી કરી.

આર્સેનલ યુરોપની સૌથી મોટી ફૂટબૉલ સ્પર્ધા ચૅમ્પિયન્સ લીગમાં અગાઉ ફક્ત એક વખત ફાઇનલમાં પહોંચ્યું હતું. ૨૦૦૬ની એ ફાઇનલમાં આર્સેનલનો બાર્સેલોના સામે પરાજય થયો હતો.



આ વખતે આર્સેનલનો ૩૦મી મેની બુડાપેસ્ટ ખાતેની ફાઇનલમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન પૅરિસ સેન્ટ-જર્મેઇન (પીએસજી) સામે અથવા બાયર્ન મ્યૂનિક સામે મુકાબલો થશે. સેમિ ફાઇનલના પ્રથમ રાઉન્ડમાં પીએસજીનો બાયર્ન સામે ૫-૪થી વિજય થયો હતો અને બીજી સેમિના બીજા રાઉન્ડ પર સૌની નજર હતી. ■

# બદોનીએ માંડ બે સારા શૉટ માર્યા છે અને તમે પાંચ વર્ષથી તેને ટીમમાં રાખી મૂક્યો છેઃ શ્રીકાંત

લખનઊઃ રિષભ પંતના નેતૃત્વમાં લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)ની ટીમ આ વખતે નવમાંથી સાત મૅચ હારી છે અને સૌથી ઓછા ચાર પૉઇન્ટ સાથે સાવ તળિયે (૧૦મા નંબરે) છે ત્યારે ભૂતપૂર્વ ભારતીય ઓપનર ક્રિષ્નામાચારી શ્રીકાંતે આ ટીમનું મૅનેજમેન્ટ વિચારતું થઈ જાય એવું કહ્યું છે. શ્રીકાંતનો કહેવાનો ભાવાર્થ એ છે કે આયુષ બદોની એલએસજી માટે બોજ છે.

સોમવારે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ સામે લખનઊનો છ વિકેટે પરાજય થયો હતો. લખનઊએ નિકોલસ પૂરનના ૬૩ રનની મદદથી પાંચ વિકેટે ૨૨૮ રન કર્યા ત્યાર બાદ મુંબઈએ રોહિત શર્માના ૮૪ રન, રાયન રિકલ્ટનના ૮૩ રન તેમ જ નમન ધીરના અણનમ ૨૩ રનની મદદથી ૧૮.૪ ઓવરમાં ચાર વિકેટે ૨૨૯ રન બનાવીને મૅચ જીતી લીધી હતી.

સોમવારની મુંબઈ સામેની મૅચમાં ૨૬ વર્ષીય બૅટ્સમૅન આયુષ બદોનીને નહોતો રમાડવામાં આવ્યો. આઠ મૅચમાં તેની માંડ એક હાફ સેન્ચુરી છે. તે બે વખત શૂન્યમાં આઉટ થયો છે અને બાકીની ઇનિંગ્સમાં તે ક્યારેય ૪૦ રનનો આંકડો પાર નથી કરી શક્યો. આઠ મૅચમાં તે કુલ માંડ ૧૭૨ રન બનાવી શક્યો છે.

ક્રિષ્નામાચારી શ્રીકાંતે આયુષ બદોની વિશે ટીકા કરતા લખનઊના ફ્રૅન્ચાઇઝી માટે કહ્યું છે કે 'તમે જેને પાંચ વર્ષથી ટીમમાં રાખી મૂક્યો છે તે ઇનર સર્કલ પરથી બૉલ બાઉન્ડરી લાઇન તરફ જાય એવા સારા શૉટ પણ નથી રમી શક્તો. તેણે આવા માંડ બે શૉટ માર્યા છે. તમે તેની બૅટિંગ ઍવરેજ અને બીજા નંબર્સ વિશે જાણશો તો સમજાશે કે તમે ભૂલ કરી રહ્યા છો. જોકે આવી ભૂલ દરેક કરતા જ હોય છે. તમારી ટીમના કોચિંગ સ્ટાફમાં જાણીતા નામો છે એમ છતાં તમારા જૂના બૅટ્સમૅનનો પર્ફોર્મન્સ નબળો રહ્યો છે.'

શ્રીકાંતે લખનઊની ટીમ વિશે કહ્યું,



'આ ટીમ પ્રગતિ કરી જ નહીં શકે. એના કૅપ્ટનને અને આખી ટીમને શું કરવું એ જ નથી સમજાતું. તેમની બોલિંગ લાઇન-અપ સારી છે, પરંતુ બાકી બધા પાસે કોઈ જ આશા ન રાખી શકાય. તેમણે આયુષ બદોની પાસે દાવની શરૂઆત કરાવી અને એક મૅચમાં તો તેમનો આઉટ-ઑફ-ફૉર્મ બૅટ્સમૅન રિન્કુ સિંહ ૬/૮૮ના સ્કોર વખતે પાછો ફૉર્મમાં આવ્યો હતો. આવી હતી આ ટીમની હાલત.' ■

# આઈપીએલની ફાઈનલ બેંગ્લૂરુમાં નહીં, પણ અમદાવાદમાં રમાશે

નવી દિલ્હીઃ બીસીસીઆઈ દ્વારા આઈપીએલ-૨૦૨૬ની ફાઈનલ, ક્વોલિફાયર અને એલિમિનેટરનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું હતું. આ વખતે રમાતી ૧૯મી સીઝનનું ગ્રૅન્ડ ફિનાલે બેંગ્લૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં નહીં, પરંતુ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ ગ્રાઉન્ડ એટલે કે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૩૧ મેએ રમાશે.

સામાન્ય નિયમ એવો છે કે અગાઉની સીઝનની ચેમ્પિયન ટીમના હોમ ગ્રાઉન્ડ પર જ આગામી સીઝનની ફાઈનલ યોજવામાં આવે છે, પરંતુ આ વખતે આવું થશે નહીં. ઉલ્લેખનીય છે કે, આઇપીએલ-૨૦૨૫માં પંજાબને છ રને હરાવીને બેંગ્લૂરુએ પહેલી વખત ટ્રોફી જીતી લીધી હતી, તેમ છતાં તેમના હોમ ગ્રાઉન્ડ એમ. ચિન્નાસ્વામીમાં આ વખતની ફાઈનલ રમાશે નહીં. લીગ રાઉન્ડની અંતિમ મૅચ ૨૪મી મેએ રમાવાની છે.

કર્ણાટક ક્રિકેટ અસોસિયેશને ફાઇનલનું યજમાનપદ બેંગ્લૂરુના હાથમાંથી લઈને અમદાવાદને સોંપાયું એ વિશે નારાજગી વ્યક્ત કરી છે. જોકે બીસીસીઆઇએ એવું કારણ આપ્યું છે કે ક્રિકેટ બોર્ડે જે માર્ગરેખા નક્કી કરી છે અને જે પ્રૉટોકૉલ બનાવ્યા છે એના પરિપ્રેક્ષ્યમાં સ્થાનિક ક્રિકેટ અસોસિયેશન તથા સત્તાધીશોની જરૂરિયાતો બંધબેસતી ન હોવાથી આ નિર્ણય લેવાયો છે.

### નૉકઆઉટનું સમયપત્રક

| | | | |
|---|---|---|---|
| ક્વોલિફાયર-૧ | : | ૨૬ મે ૨૦૨૬ | મંગળવાર, ધરમશાલા |
| એલિમિનેટર | : | ૨૭ મે ૨૦૨૬ | બુધવાર, ન્યૂ ચંડીગઢ |
| ક્વોલિફાયર-૨ | : | ૨૯ મે ૨૦૨૬ | શુક્રવાર, ન્યૂ ચંડીગઢ |
| ફાઈનલ | : | ૩૧ મે ૨૦૨૬ | રવિવાર, અમદાવાદ |

## ગુજરાત

# એસએસસી બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર, અંગ્રેજી મિડિયમનું પરિણામ દસ ટકા વધારે

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડએ ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬માં લેવાયેલી દસમા ધોરણની પરીક્ષાનું પરિણામ બુધવારે જાહેર કર્યું હતું. આ વર્ષે કુલ ૮૩.૮૬ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા હતા. ગયા વર્ષની ૮૩.૮ની ટકાવારી કરતા થોડો વધારો નોંધાયો છે. આ સાથે ગુજરાતી મીડિયમ કરતા અંગ્રેજી મીડિયમનું પરિણામ દસ ટકા વધુ આવ્યું હોવાનું પણ બોર્ડે જણાવ્યું હતું. અંગ્રેજી મીડિયમમાં પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની પાસ થયાની ટકાવારી ૯૨.૫૦ હતી, જ્યારે ગુજરાતી મીડિયમમાં પાસ થનારા વિદ્યાર્થીની ટકાવારી ૮૨.૬૭ ટકા જાહેર થઈ હતી.

પરીક્ષા આપનારા ૭,૫૬,૩૯૨ નિયમિત વિદ્યાર્થીમાંથી ૬,૩૪,૩૨૭ વિદ્યાર્થી પાસ થયા હતા. વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓએ આ વખતે પણ સારો દેખાવ નોંધાવ્યો હતો. આંકડા અનુસાર છોકરાઓની પાસ ટકાવારી ૮૦.૧૨% હતી, જ્યારે છોકરાઓની પાસ ટકાવારી ૮૮.૨૮% છે.

બુધવારે જાહેર થયેલા પરિણામોમાં ૩૫,૫૦૮ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ મેળવ્યો હતો. વધુમાં, રાજ્યભરની ૧,૬૯૭ શાળાએ ૧૦૦% પરિણામ નોંધાવ્યું હતું, જ્યારે ૩૯ શાળામાં એક પણ વિદ્યાર્થી પાસ થયો ન હતો. નર્મદા જિલ્લાનું સૌથી ઊંચું ૯૦.૮૫ ટકા પરિણામ જ્યારે પંચમહાલ જિલ્લાનું સૌથી ઓછું પરિણામ ૭૬.૪૨ ટકા નોંધાયું હતું. ■

# ગુજરાતમાં ગીર પંથકમાં તોફાની પવન સાથે વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બે દિવસથી વાતાવરણમાં ઉતાર-ચઢાવ જોવા મળે છે. રાજ્યના અમુક ભાગોમાં વરસાદી વાતાવરણ જામ્યું છે તો મોટાભાગના શહેરોમાં ગરમીનો પ્રકોપ યથાવત્ છે. બુધવારે સૌરાષ્ટ્રના ગીર પંથકમાં સાંજે વરસાદી માહોલ જામ્યો હતો. અમુક વિસ્તારોમાં મિનિ વાવાઝોડા જેવો માહોલ હતો. ગીર ગઢડા અને ઊના તાલુકામાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. ગીર ગઢડાના હરમડીયા, પૂછવી, એભલવડ, ધોકડવા, બેડીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યાં હતાં.

ઉનાના ઉમેજ, પાતાપુર, ભાચા સહિતના ગામોમાં વરસાદ પડ્યો હતો. અમુક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થવાના પણ અહેવાલો મળ્યા હતા. આવાં વાતાવરણને કારણે ખેડૂતોના જીવ ઉચક થઈ ગયા છે.

હજુ અરવલ્લી અને સૌરાષ્ટ્ર-કચ્છના અમુક ભાગોમાં આવતીકાલે વરસાદી માહોલ રહે તેવી સંભાવના છે.

હવામાન ખાતાના જણાવ્યા અનુસાર આજથી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં સૂકુ વાતાવરણ રહેશે અને ૯ તારીખથી ગરમીમાં વધારો નોંધાશે.

બુધવારે અમદાવાદમાં ગરમીમાં થોડી રાહત નોંધાઈ હતી. બુધવારે અમદાવાદમાં ૩૯ ડિગ્રી, રાજકોટમાં ૪૨ ડિગ્રી, અમરેલી ૪૧ ડિગ્રી, વડોદરામાં ૩૮ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. ■

# કચ્છમાં ફરી ઘોરાડનું થશે આગમનઃ રાજસ્થાનથી ઈંડું લાવવા અંગે વિચારણા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દુર્લભ ઘોરાડના બચ્ચાનો સંભવિત શિકાર થયા બાદ, વન વિભાગ હવે વધુ સુરક્ષા અને વ્યવસ્થિત આયોજન સાથે ફરી કચ્છમાં ઘોરાડના બચ્ચાની એન્ટ્રીની વિચારણા કરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગુજરાત હવે પડોશી રાજ્ય રાજસ્થાનથી બીજું ઈંડું લાવવાનું આયોજન કરી રહ્યું છે, જ્યાં આ લુપ્તપ્રાય પ્રજાતિની વસ્તી આશરે ૧૦૦ જેટલી છે.

નોંધનીય છે કે, ગુજરાતમાં માત્ર એક જ માદા ઘોરાડ બચી હોવાથી કુદરતી સંવર્ધન અત્યંત મુશ્કેલ હતું. આથી 'જમ્પ-સ્ટાર્ટ' કન્ઝર્વેશન ટેકનિક હેઠળ રાજસ્થાનથી આશરે ૭૭૦ કિલોમીટરનું અંતર કાપી પોર્ટેબલ ઇન્ક્યુબેટરમાં ઇંડું નલિયા ખાતે લાવવામાં આવ્યું હતું. ૨૨ માર્ચના રોજ બચ્ચાના જન્મ બાદ ૨૬ માર્ચથી માદા પક્ષીએ તેને સ્વીકારી ઉછેર શરૂ કર્યો હતો, જે ગુજરાત માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ માનવામાં આવતી હતી.

વન વિભાગના સૂત્રોએ અગાઉ આ ટેકનિક દ્વારા જિલ્લામાં ઘોરાડની સંખ્યા ૨૦થી વધુ લઈ જવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. નિષ્ણાતો અને વોચર્સની ટીમ દ્વારા ઝેડ પ્લસ સુરક્ષા સાથે સતત મોનિટરિંગ છતાં બચ્ચાનું મોત થવું એ ગુજરાતના વન્યજીવ સંરક્ષણ પ્રયાસો માટે મોટો આંચકો હતો.

મળતી માહિતી અનુસાર વન વિભાગ આ વિસ્તારમાંથી ગાંડા બાવળ દૂર કરશે અને ઘાસની ઊંચાઈ જાળવી રાખવા ચરાણ પર નિયંત્રણ મૂકશે. ઘોરાડના બચ્ચાને કુદરતી રક્ષણ મળી રહે તે માટે આ પગલું લેવાશે. આ ઉપરાંત, વીજળીની લાઈનો અન્ડરગ્રાઉન્ડ કરવાની કામગીરી પણ હાથ ધરાશે. ■

# આરોપીઓના વરઘોડો કાઢવા મામલે વડોદરાના પોલીસકર્મીઓ વિરુદ્ધ કન્ટેમ્પ્ટની અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોરી, લૂંટ, દુષ્કર્મ, છેડતી સહિતના ગુનામાં ઝડપાયેલા આરોપીઓને પકડીને રિકન્સ્ટ્રક્શનના નામે જાહેરમાં તેમનો વરઘોડો કાઢવામાં આવે છે. જો કે પોલીસની આ કાર્યવાહીનો જાગૃત નાગરિકો દ્વારા અનેક વિરોધ પણ કરવામાં આવ્યો છે. તેમ છતાં આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢવાની કાર્યવાહી યથાવત્ છે. પોલીસની આ પ્રથા રોકવા માટે ગુજરાત હાઈ કોર્ટમાં અરજી થઈ હતી.

વડોદરામાં ગણેશ મૂર્તિ પર ઈંડાં ફેંકવાના કથિત કેસમાં આરોપીઓની રીકન્સ્ટ્રક્શનના નામે પરેડ કરાવવાના મામલે પાંચ અરજદારોએ ગુજરાત હાઇ કોર્ટમાં વડોદરા પોલીસ કર્મચારીઓ સામે કન્ટેમ્પ્ટ અરજી દાખલ કરી હતી. અરજદારોનો આક્ષેપ કર્યો હતો કે, ઓગસ્ટ ૨૦૨૫માં બનેલી ઘટનામાં શરૂઆતમાં પોલીસ ફરિયાદ અજાણ્યા ઇસમો સામે નોંધાઈ હતી. બાદમાં તપાસ દરમિયાન પોલીસે આરોપીઓની ધરપકડ શરૂ કરી હતી. જોકે, ધરપકડ બાદ આરોપીઓને રીકન્સ્ટ્રક્શનના નામે આશરે ૧.૫ કિલોમીટર લાંબી પરેડ કરાવવામાં આવી હતી. આ સમગ્ર ઘટના સંબંધિત ગુજરાત પોલીસની વેબસાઇટ પર પણ મૂકવામાં આવી હતી.

અરજદારો તરફથી સિનિયર એડવોકેટ આનંદ યાજ્ઞિકે હાઇ કોર્ટમાં દલીલ કરી હતી કે સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર આરોપીઓ ઘટનાસ્થળે હાજર હોય તો પણ પોલીસ તેમને આવી રીતે જાહેરમાં પરેડ કરાવી શકે નહીં. તે કોર્ટના આદેશો અને બંધારણથી વિપરીત કૃત્ય છે.

હાઇ કોર્ટે પણ સ્પષ્ટ કર્યું હતું કે, પોલીસ કાયદો હાથમાં લઈ શકે નહીં, સુપ્રીમ કોર્ટના માર્ગદર્શનોનું ઉલ્લંઘન કરી શકે નહીં અને નાગરિકોના બંધારણીય અધિકારોનું હનન સ્વીકાર્ય નથી. આ મામલે અગાઉ થયેલી તમામ અરજીઓને હવે ક્લબ કરીને હાઈ કોર્ટમાં એકસાથે સુનાવણી હાથ ધરી શકે છે. ■

# કચ્છમાં કરા પડતા કેરી અને ખારેકના પાકને નુકસાનની ભીતિ

ભુજઃ સોરઠની કેસર કેરીની જેમ કચ્છી કેરીની પણ એક વર્ગ રાહ જોતો હોય છે. આ વર્ષે ગુજરાતમાં સતત બદલાતા વાતાવરણને કારણે કેસર કેરીના પાકને પણ નુકસાન થયું છે ત્યારે છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતના અમુક ભાગોમાં ફરી વરસાદ અને કરા પડ્યા છે, જેમાં કચ્છનો પણ સમાવેશ થાય છે. આ બદલતા વાતાવરણને કારણે કચ્છી કેરી અને ખારેકના પાકને નુકસાન જવાની શક્યતા સર્જાઈ છે.

રણપ્રદેશ કચ્છમાં વૈશાખ મહિનાની આકરી ગરમી અને લૂના પ્રકોપ વચ્ચે વાતાવરણમાં અચાનક પલટો આવતા ભુજ અને અંજાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પવન અને કરા સાથે કમોસમી વરસાદ નોંધાયો છે. એક તરફ સૂર્યદેવ અગનવર્ષા કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ અચાનક ત્રાટકેલા માવઠાએ ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે.

ભુજ તાલુકાના જવાહરનગર, મોડસર અને મોકાણા સહિતના પંથકમાં બપોર બાદ અચાનક કાળા ડિબાંગ વાદળો છવાયા હતા અને વેગીલા પવન સાથે વરસાદી ઝાપટાં પડ્યા હતા. કેટલાક સ્થળોએ કરા પણ પડ્યા હોવાના અહેવાલ છે. ■

# સુરતની એસબીઆઇ બૅંક લૂંટકાંડમાં બિહારની 'કુંદન ભગત' ગૅંગનો હાથ હોવાનો ખુલાસો

અમદાવાદઃ સુરત શહેરનાના વરાછામાં આવેલી એસબીઆઈ બૅંકમાં ૨૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ થયેલી ૫૦ લાખની લૂંટમાં નવો ખુલાસો થયો હતો. આ લૂંટ કેસમાં જે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે તે બિહારની કુખ્યાત 'કુંદન ભગત' ગૅંગના લૂંટારું છે. આમ આ લૂંટકાંડ 'કુંદન ભગત' ગૅંગ દ્વારા પહેલાથી જ સુઆયોજીત કાવતરું હોવાનો પર્દાફાશ થયો હતો. સુરત ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીઓને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર સુરત લાવી છે.

આ મામલે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોતે પ્રેસ કોન્ફરન્સમાં સમગ્ર ઘટનાની વિગતવાર માહિતી આપી હતી, જેમાં જણાવાયું હતું કે ક્રાઈમ બ્રાન્ચે લગભગ ૧૫૦૦ કિલોમીટર સુધી પીછો કરીને ઉત્તર પ્રદેશમાંથી બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. બિહારની કુખ્યાત 'કુંદન ભગત' ગૅંગ આ લૂંટકાંડ પાછળ હોવાનું બહાર આવ્યું. વરાછા વિસ્તારના એલ.એચ. રોડ પર આવેલી શક્તિ ટાવર સ્થિત એસબીઆઈ બ્રાન્ચમાં બપોરે લગભગ ૧ વાગ્યે ૬ થી ૭ શખસ ઘૂસી આવ્યા હતા અને પિસ્તોલ જેવા હથિયારોના ધાક પર કર્મચારીઓ અને ગ્રાહકોને બંધક બનાવી અંદાજે રૂ. ૫૦ થી ૫૨ લાખની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. તપાસ બાદ મોટો ખુલાસો થયો હતો કે, 'કુંદન ભગત' ગૅંગ છેલ્લા બે મહિનાથી સુરતમાં જહાંગીરપુરા, રાંદેર અને વેડ રોડ વિસ્તારમાં ભાડાના મકાનોમાં રહી રહી હતી અને ઉગત કેનાલ પાસે પણ રોકાઈ હતી. આરોપીઓએ અનેક વખત બૅંકની રેકી કરી અને મતદાન દરમિયાન પોલીસ વ્યસ્ત રહે તેવા સમયે લૂંટનો પ્લાન બનાવ્યો. ગૅંગે ખોટા આધારકાર્ડ દ્વારા અલગ-અલગ નામોથી ઓળખ ઊભી કરી, જેમાં એક વ્યક્તિ પાસે પાંચ જેટલા અલગ નામો હોવાનો ખુલાસો થયો હતો.

ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને ૭ પીઆઈ અને ૧૦૦થી વધુ પોલીસકર્મીઓની ટીમ બનાવી ૧૦૦૦થી વધુ સીસીટીવી ફૂટેજ, ટાવર ડેટા અને મોબાઈલ એનાલિસિસ સાથે હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને હીરો સ્પ્લેન્ડર, પલ્સર ૨૨૦ અને અપાચી જેવી ખોટી નંબર પ્લેટવાળી બાઈકનું લોકેશન ટ્રેસ કરાયું હતું, જે બાદમાં ઓલપાડ નજીક બિનવારસી હાલતમાં મળી આવી હતી.

ઉત્તર પ્રદેશમાં ઓપરેશન ચલાવી શુભમકુમાર ઠાકુર (અયોધ્યા) અને વિકાસસિંહ (ગોંડા જિલ્લો)ને ટ્રેસ કરીને ઝડપાયા, જેમની પાસેથી રૂ. ૯૩,૦૦૦ રોકડ અને ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧.૦૮ લાખનો મુદ્દામાલ કબજે થયો. તપાસમાં ખૂલ્યું હતું કે આ સમગ્ર લૂંટકાંડનો માસ્ટરમાઇન્ડ કુંદન ભગત છે, જે હાલ પટનાની આદર્શ સેન્ટ્રલ જેલમાં કેદ છે. ■

# અમદાવાદમાં લુબી કંપનીના ૫૦૦થી વધારે કર્મચારીઓ હડતાળ પર જતા ઉત્પાદન ઠપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઔદ્યોગિક ક્ષેત્રે દેશભરમાં અગ્રણી રાજ્ય મનાતા ગુજરાતમાં કામદારો અને શ્રમિકોનું ભારે આર્થિક શોષણ થઈ રહ્યું હોવાની અનેક ઘટનાઓ બહાર આવી ચૂકી છે. આ દરમિયાન ૬ મે બુધવારના રોજ અમદાવાદના મેમ્કો વિસ્તારમાં આવેલી લુબી કંપનીમાં કામ કરતા કામદારો ઓવરટાઇમ અને પગાર વધારા મુદ્દે હડતાળ પર ઊતરી ખળભળાટ મચી ગયો હતો. લગભગ ૫૦૦થી વધારે કર્મચારીઓએ હડતાળના પગલે કંપનીનું ઉત્પાદન કાર્ય સંપૂર્ણપણે ઠપ્પ થઈ જતા કંપની મેનેજમેન્ટ પણ દોડતું થઈ ગયું હતું. કર્મચારીઓ બહાર નીકળી ન શકે તે માટે કંપનીના દરવાજા પણ બંધ કરી દેવામાં આવ્યા હતા. સરકારના ધારા-ધોરણ મુજબ પગાર વધારો ન થતા કામદારોમાં રોષ ફેલાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, કામદારોએ પગાર અને કામ સંબંધિત વિવિધ આઠ માગણી અગાઉ અનેક વખત કરી હતી. જોકે મેનેજમેન્ટે આ માગો કાને ધરી ન હતી જેથી કર્મચારીઓમાં આક્રોશ જોવા મળ્યો હતો. હડતાળ પર ઉતરેલા કર્મચારીઓએ કામકાજ બંધ કરી હોબાળો મચાવ્યો હતો અને પોતાની પડતર માગણીઓ અંગે મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. કર્મચારીઓનો આક્રોશ જોતા ઉચ્ચ અધિકારીઓએ દરમિયાનગીરી કરી હતી. પ્રોડક્શન મેનેજર અને જનરલ મેનેજરે કર્મચારીઓની તમામ માગણીઓ પર સહાનુભૂતિપૂર્વક વિચારણા કરવાની અને વહેલી તકે યોગ્ય નિર્ણય લેવાની લેખિત બાહેધરી આપી હતી. મેનેજમેન્ટ તરફથી ખાતરી મળતા કામદારો દ્વારા હડતાળ સમેટવામાં આવી હતી, પોતાની ફરજ પર પરત ફર્યા હતા, જેનાથી કંપનીમાં ઉત્પાદન કાર્ય ફરી શરૂ થયું હતું. ■

# હોર્મુઝમાં શાંતિની આશા વચ્ચે સેન્સેક્સ નીચી સપાટી સામે ૧૨૫૦ પોઈન્ટ બાઉન્સબેક થયો

મુંબઇઃ મધ્યપૂર્વ સંઘર્ષનો અંત લાવવા માટે અમેરિકા અને ઈરાન કરારની નજીક હોવાના સંકેત વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં ભારે ઘટાડો થવાથી બુધવારે ભારતીય શેરબજારમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો, જેમાં સેન્સેક્સ તેની સત્રની નીચી સપાટી સામે ૧૨૫૦ પોઇન્ટ જેટલો બાઉન્સબેક થયો હતો અને આ તીવ્ર બીએસઇના માર્કેટ કેપિટલાઇઝેશનમાં લગભગ છ લાખ કરોડ રૂપિયાનો ઉમેરો થયો હતો.

પ્રારંભિક ઘટાડા બાદ ભારે લેવાલીનો ટેકો મળતાં સત્રને અંતે સેન્સેક્સ ૯૪૦.૭૩ પોઈન્ટ અથવા ૧.૨૨ ટકા વધીને ૭૭,૯૫૮.૫૨ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન બેન્ચમાર્ક ૧,૦૦૪.૯૯ પોઈન્ટ અથવા ૧.૩૦ ટકા વધીને ૭૮,૦૨૨.૭૮ની દિવસની ટોચે પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૯૮.૧૫ પોઈન્ટ અથવા ૧.૨૪ ટકા વધીને ૨૪,૩૩૦.૯૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

ઇન્ટરગ્લોબ એવિએશન, ટ્રેન્ટ, એશિઅન પેઇન્ટ, સ્ટેટ બેન્ક, એચડીએફસી બેન્ક અને ઇટર્નલ સોથી વધુ વધનારા શેરોની યાદીમાં હતા. જ્યારે સેનેસ્ક્સના સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, લાર્સન એન્ડ ટૂબ્રો, પાવરગ્રીડ અને એનટીપીસીનો સમાવેશ હતો.

ઇરાન સાથે યુદ્ધ સમાપ્તીની વાટાઘાટો આગળ વધી રહી હોવાનું જણાવતાં અમેરિકાએ પ્રોજેક્ટ ફ્રીડમ સસ્પેન્ડ કર્યો હોવાથી હોર્મુઝમાં શાંતિની આશા વધતા સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો હતો. અમેરિકાએ થોડા સમય સુધી પ્રોજેક્ટ ફ્રીડમ સસ્પેન્ડ રાખવા સાથે એપિક ફ્યુરી મિશન પુરુ થવાની જાહેરાત પમ કરી છે. આ જોતા હોર્મુઝ સ્ટ્રેઇટમાં થોડો સમય શાંતિ રહેવાની અપેક્ષા છે. આ ઘટનાને પગલે બ્રેન્ટ ક્રૂના ભાવ આઠથી ૧૨ ટકા જેવા કડાકા સાથે બેરલદીઠ ૧૦૦ ડોલરની નજીક આવી ગયા હોવાથી પણ સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ઈન્ડિગો ૬.૬૦ ટકા, ટ્રેન્ટ ૩.૯૧ ટકા, એશિયન પેઈન્ટ ૩.૫૬ ટકા, સ્ટેટ બેન્ક ૩.૩૮ ટકા, એચડીએફસી બેન્ક ૩.૧૧ ટકા, ઈટર્નલ ૨.૯૮ ટકા, એક્સિસ બેન્ક ૨.૮૯ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૭૫ ટકા, બજાજ ફિનસર્વ ૨.૩૫ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૩૨ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૨૪ ટકા અને મારુતિ ૨.૧૯ ટકા વધ્યા હતા, જ્યારે રિલાયન્સ ૧.૮૦ ટકા, લાર્સન ૧.૧૮ ટકા, પાવર ગ્રીડ ૧.૧૧ ટકા, એનટીપીસી ૧ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૦.૯૭ ટકા, ઈન્ફોસિસસ ૦.૮૮ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૪૫ ટકા, ટાઈટન ૦.૩૧ ટકા અને આઈટીસી ૦.૨૭ ટકા ઘટ્યા હતા.

સુધારાના પવન વચ્ચે આઇટી, પીએસયુ બેંકો અને ફાઇનાન્શિઅલ સર્વિસિસની આગેવાની હેઠળ મોટાભાગના ક્ષેત્રીય સૂચકાંકો ગ્રીન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા છે. મિડ કેપ અને સ્મોલકેપ સેગમેન્ટ્સમાં પણ સારી એવી હલચલ જોવા મળી હતી. એફએમસીજી એકમાત્ર એવું સેકટર હતું, જ્યાં હળવો ઘટાડો જોવા મળ્યો હતો. એકંદર સેન્ટિમેન્ટ હકારાત્મક રહ્યું હતું.

બેન્ક શેરોની લાવલાવને કારણે પણ બજારને ટેકો મળ્યો હતો. ઈરાન સંઘર્ષથી પ્રભાવિત વ્યવસાયોને ટેકો આપવા માટે સરકારે ક્રેડિટ ગેરંટી યોજનાને મંજૂરી આપ્યા પછી બેંકિંગ શેરોમાં તેજી જોવા મળી હતી. બેંક નિફ્ટી એક ટકા વધીને ૫૬,૦૦૦ના સ્તરને પાર કરી ગયો, જ્યારે નિફ્ટી પ્રાઇવેટ બેંક ઇન્ડેક્સ ૨.૩૭ ટકા અને નિફ્ટી પીએસયુ બેંક ઇન્ડેક્સ ૨.૮ ટકા વધ્યો હતો. કેન્દ્રીય મંત્રીમંડળે મંગળવારે પ્રવાહિતાની તાણનો સામનો કરી રહેલા વ્યવસાયો, ખાસ કરીને નાની કંપનીઓને મદદ કરવા માટે લગભગ ૧૫,૮૦૦ કરોડ રૂપિયાના ઇમરજન્સી ક્રેડિટ ગેરંટી પ્રોગ્રામને મંજૂરી આપી હતી. આંતરરાષ્ટ્રીય મોરચે સંભવિત યુએસ-ઈરાન શાંતિ કરાર અંગે નવો આશાવાદ જાગ્યો હોવાથી ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડો થયો,હોવાને કારણે ભારત જેવા આયાત નિર્ભર અર્થતંત્રને તાત્કાલિક રાહત મળી છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ઊંચા મથાળે બંધ રહ્યો. કોસ્પી છ ટકાથી વધુ ઊછળ્યો હતો. યુરોપના બજારો ઝડપથી ઊંચા મથાળે વેપાર કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા.

બીએસઇ પર ૧૬૦થી વધુ શેર તેમના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા, જેમાં એચએફસીએલ, બેંક ઓફ મહારાષ્ટ્ર, મેરિકો, આદિત્ય બિરલા કેપિટલ, ડેટા પેટર્ન્સ, સેઇલ, નેટકો ફાર્મા, અદાણી ગ્રીન એનર્જી, વર્ધમાન ટેક્સટાઇલ્સ, નેસ્લે ઇન્ડિયા, સિર્મા એસજીએસ. ક્યુમિન્સ, લોયડ્સ મેટલ્સ, અપાર ઇન્ડસ્ટ્રીઝ, કિર્લોસ્કર ઓઇલ, જેએન્ડકે બેંક, હિટાચી એનર્જી, સ્નેડર ઇન્ફ્રા વગેરેનો સમાવેશ થાય છે. સ્ટોક-સ્પેસિફિક એક્શનમાં, કંપનીએ ચોથા ક્વાર્ટરના ચોખ્ખા નફામાં ૩૦ ટકાનો ઉછાળો નોંધાવ્યા બાદ હીરો મોટોકોર્પના શેર એક ટકા જેવા ઊછળ્યા હતા.

દરમિયાન, ત્રિમાસિક નફામાં ઘટાડા બાદ લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં એક ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. ચોથા ક્વાર્ટરની મજબૂત કમાણી જાહેર થતાં કોફોર્જ નવ ટકા ઊછળ્યો હતો, જ્યારે પુનાવાલા ફિનકોર્પ મજબૂત પરિણામોને કારણે ચાર ટકા વધ્યો હતો. જીકે એનર્જી રૂ. ૩૫૪ કરોડના ઓર્ડર મેળવ્યા બાદ પાંચ ટકા વધ્યો હતો. બીજી બાજુ, યુનાઇટેડ બ્રુઅરીઝના ચોથા ક્વાર્ટરમાં આવકમાં ઘટાડાને કારણે બે ટકાનો કડાકો નોંધાયો હતો. જોકે, મજબૂત ત્રિમાસિક કામગીરીને કારણે રેમન્ડ રિયલ્ટીના શેરમાં ૨૦ ટકાનો વધારો થયો. આ ઉપરાંત, એસપીએમએલ ઇન્ફ્રાના શેરમાં એનટીપીસી તરફથી રૂ. ૧,૧૨૮ કરોડના ઓર્ડર મેળવવા પર ચાર ટકાનો ઉમેરો થયો હતો.

કોર્પોરેટ હલચલમાં એનએમડીસીએ આયર્ન ઓરના ભાવમાં ટનદીઠ રૂ. ૨૦૦નો વધારો જાહેર કર્યો છે. ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડે માર્ચ ત્રિમાસિક ગાળા માટે ૨.૫ ગણાથી વધુના વધારા સાથે રૂ. ૧,૨૯૦.૪૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. અદાણી પોર્ટના પ્રમોટરે રૂ. ૭૪૮૬ કરોડમાં બે ટકા હિસ્સો વેચ્યો છે. લાર્સન એન્ડ ટૂબ્રોએ ઓડિશામાં કોલસામાંથી એમોનિયમ નાઇટ્રેટ બનાવવાનો પ્રોજેક્ટ મળ્યો છે, જેમાં દિવસે ૨૦૦૦ ટન એમોનિયા નાઇટ્રેટનું ઉત્પાદન થવાની અપેક્ષા છે. પીએનબીએ ચોથા ક્વાર્ટરમાં ૧૪ ટકાના વધારા સાથે રૂ. ૫૨૨૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. અંબુજા સિમેન્ટ્સે વાર્ષિક ધોરણે ૭૮ ટકાના વધારા સાથે રૂ. ૧,૮૩૦ કરોડનો કોન્સોલિડેટેડ નફો નોંધાવ્યો છે.

એથર એનર્જીએ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં ૫૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦૦.૨૩ કરોડની ચોખ્ખી ખોટ નોંધાવી છે. એક્સાઇડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે ૩૧ માર્ચના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટરમાં ૧૫ ટકાના વધારો સાથે રૂ. ૨૧૬.૭૩ કરોડનો કરવેરા પછીનો નફો નોંધાવ્યો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૮,૦૪૭.૮૬ કરોડની ઇક્વિટી વેચ્યા બાદ સોમવારે રૂ. ૨૮૫૩.૬૨ કરોડની ઇક્વિટી ખરીદી હતી. મંગળવારે ફરી રૂ. ૩૬૨૧.૫૮ કરોડની વેચવાલી નોંધાવી હતી. મંગળવારે, સેન્સેક્સ ૨૫૧.૬૧ પોઈન્ટ અથવા ૦.૩૩ ટકા ઘટીને ૭૭,૦૧૭.૭૯ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૮૬.૫૦ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકાના વધારા સાથે ૨૪,૦૩૨.૮૦ પર બંધ થયો હતો.

# ક્રૂડતેલના ભાવ પટકાતાં ડૉલર સામે રૂપિયો ૬૯ પૈસા ઊછળ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે કરાર થઈ જવાની શક્યતા વ્યક્ત કરતાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટીને બેરલદીઠ ૧૦૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૬૯ પૈસા ઊછળીને ૯૪.૪૯ના મથાળે રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના જણાવ્યાનુસાર ડૉલર સામે રૂપિયો ભારે દબાણ હેઠળ રહેતાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સક્રિયપણે સીધો ટેકો ન આપવાનો વ્યૂહ અપનાવ્યો હોવાથી તેમ જ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે પણ 'પ્રોજેક્ટ ફ્રીડમ' અટકાવવામાં આવ્યું હોવાનું જણાવતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૧૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૧૮ અને ઉપરમાં ૯૪.૩૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૬૯ પૈસાના ઉછાળા સાથે ૯૪.૪૯ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ઈરાને યુએઈનાં માળખાકીય ક્ષેત્ર પર હુમલા કરતાં ભૂરાજકીય તણાવ વધવાની ભીતિ સપાટી પર આવતા સત્ર દરમિયાન રૂપિયો ૯૫.૪૪ સુધી ગબડ્યો હતો, પરંતુ ત્યાર બાદ રિઝર્વ બૅન્કના સંભવિત હસ્તક્ષેપને પગલે રૂપિયો સાધારણ પાંચ પૈસાના સુધારા સાથે ૯૫.૧૮ના મથાળે બંધ રહ્યો હતો.

સીઆર ફોરેક્સ એડવાઈઝર્સનાં મેનેજિંગ ડિરેક્ટર અમીત પાબારીએ જણાવ્યું હતું કે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા તેની વિદેશી હૂંડિયામણની અનામતનો સીધો ઉપયોગ કર્યા વિના રૂપિયાને ટેકો આપવાના રસ્તાઓ ખોળી રહી છે. તે પૈકીનો એક વિકલ્પ જાહેર ક્ષેત્રની બૅન્કો દ્વારા વિદેશી ચલણોના બૉન્ડ મારફતે ફંડ ઊભું કરવાનો છે જેના થકી યંત્રણામાં ડૉલરનો આંતરપ્રવાહ આવી શકે છે.

વધુમાં ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે તેનાં ટ્રુથ સોશ્યલ પર જણાવ્યું હતું કે ઈરાનના પ્રતિનિધિઓ સાથે અંતિમ કરારની દિશામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.


## જાહેર સૂચના

અમે, મેસર્સ સોહમ ઈન્ફ્રા અને તેના ભાગીદારો શ્રી ચંદ્રકાંત ભગવાન ભોઈર અને શ્રી ભાવિક જીતેન્દ્ર શેઠ, નોંધાયેલ ઓફિસ: ૧૦૬, ૧મા માળે, આશાર મિલેનિયા, કપુરબાવડી જંક્શન, વિજય સેલ્સ પાસે, જી. બી. રોડ, થાણે (પશ્ચિમ) ૪૦૦૬૦૭ ની માલિકી, નીચે લખેલા શેડ્યૂલમાં વધુ સ્પષ્ટ રીતે વર્ણવેલ મિલકતના સંદર્ભમાં તપાસ કરી રહ્યા છીએ.

ઉપરોક્ત મિલકત અને/ અથવા તેના કોઈપણ ભાગના સંદર્ભમાં વેચાણ, ટ્રાન્સફર, સોંપણી, ગીરો, કબજો, પૂર્વાધિકાર, લીઝ, ટ્રસ્ટ, ભેટ, ચાર્જ, ઇઝમેન્ટ, વારસો, જાળવણી અથવા અન્યથા કોઈપણ દાવો, શેર, અધિકાર, ટાઇટલ, હિત અથવા માંગ ધરાવતા તમામ વ્યક્તિઓએ આ પ્રકાશનની તારીખથી ૧૪ દિવસની અંદર નીચે દર્શાવેલ સરનામે તેમની ઓફિસમાં નીચે સહી કરનારને આવા દાવાને ટેકો આપતા દસ્તાવેજો સાથે લેખિતમાં તે જણાવવું જરૂરી છે, નહીં તો, અમે માનીશું કે મિલકત અથવા તેના કોઈપણ ભાગના સંદર્ભમાં કોઈપણ વ્યક્તિનો આવો કોઈ અધિકાર, ટાઇટલ, હિત અથવા માંગ નથી અને કોઈપણ સંજોગોમાં, તે, જો કોઈ હોય તો, તેને માફ કરવામાં આવ્યું અથવા છોડી દેવામાં આવ્યું હોવાનું માનવામાં આવશે.

### મિલકતનું વર્ણન

મુંબઈના સબ-રજિસ્ટ્રેશન જિલ્લામાં શિવરી વડાલા એસ્ટેટના પ્લોટ નં. ૨૪ (ઉત્તર) પર સ્થિત અને કેડસ્ટ્રલ સર્વે નં. ૫૮૨ માટુંગા ડિવિઝન ધરાવતું, ૯૨૫.૬ ચોરસ મીટરની લીઝહોલ્ડ જમીન અને તેના પર આવેલી ઇમારત કૃષ્ણ કુંજ, જે નીચે મુજબ સીમા ધરાવે છેઃ - ઉત્તરમાં ઉપરોક્ત એસ્ટેટના પ્લોટ નં. ૨૮, પૂર્વમાં ઉપરોક્ત એસ્ટેટના પ્લોટ નં. ૨૫, દક્ષિણમાં ૪૦ ફૂટ રોડ નં. ૧-એ અને પશ્ચિમમાં ૫૦ ફૂટ રોડ નં. ૧૦.

તારીખ: ૭ મે, ૨૦૨૬.

દિપ્તી નાગડા
એડવોકેટ, હાઇકોર્ટ, મુંબઈ
સી/૫૮, ૫મો માળ, અલી ચેમ્બર્સ,
ટેમરિન્ડ લેન, ફોર્ટ, મુંબઈ – 400001.
ઇમેઇલ: dipti@djnlegal.com



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

## PUBLIC NOTICE

We are investigating the title of (i) RAMDEV NENURAM GALOT and (ii) REKHA RAMDEV GALOT to the immovable property described in the **Schedule** below (**"the Property"**).

Any person having any claim, right, title or interest on the Property by way of inheritance, share, sale, mortgage, lease, license, gift, possession, possession / custody of the original title deeds or any other form of encumbrance or otherwise is hereby required to notify the undersigned alongwith all the supporting documents within 10 (ten) days from the date of publication of this notice. Failure to do so, will result in such claim, right, title or interest if any, of any such person to be considered as waived and not binding on our client.

**SCHEDULE ABOVE REFERRED TO: ("the property")**

Residential Flat bearing No. 902 on the 9th floor of the building known as "LIDO TOWER" together one stilt car parking and one open car parking space at of Lido Condominium situated at C. S. No. 1054 and 1054/1 to 1054/11, Juhu Road, opp to SNDT University, Santacruz (west), Mumbai 400054 together with the proportionate benefit of the common areas and proportionate undivided right in the land.

Dated this 7th day of May, 2026.

M/s. Vimadalal & Co.
(S. N. Vimadalal)
Advocates & Solicitors
14, Hamam House, 3rd floor,
36, Ambalal Doshi Marg,
Fort, Mumbai 400 001.



## જાહેર નોટિસ

**ના. શ્રી આઠમા અધિક ડિસ્ટ્રિક્ટ જજ સાહેબની કોર્ટ, ભુજ-કચ્છ**

દિવાની રેગ્યુલર અપીલ નં. ૧૫૫/૨૦૨૫
**મુદત તારીખઃ - ૦૮/૦૬/૨૦૨૬**

દિનેશકુમાર કુંવરજી છેડા, ........... એપેલન્ટ

વિરુદ્ધ

વેલાણી પાનબાઈ વીરજીભાઈ, વિગેરે. ........... રિસ્પોન્ડન્ટ

પ્રતિ,
રિસ્પોન્ડન્ટ નં. ૪,
વેલાણી ભચીબાઈ વીરજીભાઈ, ઉ.વ. ૫૦,
રહે. ગામ - મોટી રાયણ, તા. માંડવી-કચ્છ.
રિસ્પોન્ડન્ટ નં. ૫,
વેલાણી પારૂબાઈ વીરજીભાઈ, ઉ.વ. ૪૦,
રહે. ગામ - મોટી રાયણ, તા. માંડવી - કચ્છ.

**બાબતઃ સી.પી.સી. કલમ ૯૬ મુજબ રેગ્યુલર દિવાની અપીલ**

શ્રી પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની કોર્ટ માંડવી-કચ્છના રે.દિ.દા. નં. ૭૭/૨૦૧૯ વાળા કામે તારીખઃ ૨૩/૦૯/૨૦૨૫ ના હુકમ ઉપર દિવાની રેગ્યુલર અપીલ દાખલ થતા તમો ઉપર જણાવેલ રિસ્પોન્ડન્ટસ મજકુરને નોટિસ આપવામાં આવે છે કે, શ્રી પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની કોર્ટ માંડવી-કચ્છ,ના હુકમ ઉપર એપેલન્ટ મજકુરે અપીલ કરી છે. અને તે આ કોર્ટમાં નોંધાઈ છે અને આ કોર્ટમાં તે અપીલની સુનાવણી માટેની **તારીખ - ૦૮/૦૬/૨૦૨૬** નો દિવસ ઠરાવ્યો છે.

જો તમારા તરફથી જાતે અથવા વકીલ મારફતે અથવા પ્લીડર મારફતે અથવા આ અપીલમાં તમારા વતી કામ કરવાને કાયદા પ્રમાણે અખત્યાર મળેલા શખ્સના મારફતે હાજર થવામાં નહિ આવે તો તમારી ગેરહાજરીમાં તેની સુનાવણી થઈને નિકાલ કરવામાં આવશે.

આજ તારીખઃ ૩૦મી એપ્રિલ સન ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો લગાવી આપવામાં આવે છે.

| તૈયાર કરનાર | સીલ | મુકાબીલ કરનાર | આદેશથી, |
|---|---|---|---|
| (એન. એસ. ચૌધરી) | | (આર. એમ. ગવારિયા) | (એ. જે. આચાર્ય) |
| અસિસ્ટન્ટ | | બેન્ચ કલાર્ક | ડેપ્યુટી રજિસ્ટ્રાર |
| આઠમી અધિક ડિસ્ટ્રિક્ટ કોર્ટ, ભુજ | | આઠમી અધિક ડિસ્ટ્રિક્ટ કોર્ટ, ભુજ | ડિસ્ટ્રિક્ટ કોર્ટ, ભુજ |


# ટીન અને નિકલની આગેવાનીમાં ધાતુમાં તેજીનું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે અમેરિકા અને ઈરાન વચ્ચેનો ભૂરાજકીય તણાવ હળવો થવાના આશાવાદ સાથે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈ ઉપરાંત ક્રૂડતેલના ભાવમાં પણ ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. બેના ઘટાડા અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં ટીન અને નિકલની આગેવાની હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. એકથી રૂ. ૩૧૬ સુધીનું તેજીનું વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૧૬ વધીને રૂ. ૫૧૬૯, રૂ. ૪૨ વધીને રૂ. ૧૯૧૦ અને રૂ. ૨૩ વધીને રૂ. ૧૩૪૪ના મથાળે રહ્યા હતા.

# સ્થાનિક ચાંદીમાં ₹ ૮૬૦૨ની અને સોનામાં ₹ ૩૨૨૪ની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થઈ જવાના આશાવાદ સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ ઉપરાંત ક્રૂડતેલના ભાવમાં આઠ ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હોવાથી લાંબા સમયગાળા સુધી ફુગાવાલક્ષી દબાણ નહીં રહે તેવી શક્યતા પ્રબળ બની હતી અને વ્યાજદરમાં કપાતનો આશાવાદ સપાટી પર આવતા લંડન ખાતે સત્રના આરંભ હાજરમાં સોનાના ભાવમાં ૩.૪ ટકાનો અને ચાંદીના ભાવમાં ૬.૪ ટકાનો ઉછાળો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં તેજીનું વલણ રહેતાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૮૬૦૨ અને સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૨૧૧થી ૩૨૨૪ ઉછળી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ રૂ. ૮૬૦૨ની તેજી સાથે રૂ. ૨,૪૯,૦૬૭ના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં ઝડપી ઉછાળો આવવાથી માત્ર ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ ખપપૂરતી લેવાલી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો નવી લેવાલીથી દૂર રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ રૂ. ૩૨૧૧ના સુધારા સાથે રૂ. ૧,૫૦,૨૫૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૨૨૪ વધીને રૂ. ૧,૫૦,૮૬૦ના મથાળે રહ્યા હતા. આજે સોનામાં પણ માત્ર રોકાણલક્ષી છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ પાંખી રહી હતી.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૩.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૪૭૦૮.૮૬ ડૉલર અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૩.૩ ટકા વધીને ૪૭૨૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૬.૪ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૭૭.૪૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

સ્ટ્રેટ ઑફ હોર્મુઝમાંથી જહાજને પસાર થવા મટે મદદ કરવાના ઓપરેશનને અટકાવવામાં આવ્યું હોવાનું અને ઈરાનના પ્રતિનિધિઓ સાથેની વાટાઘાટોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ હોવાનું અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આજે જણાવતા ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવ્યો હતો અને ડૉલર ઈન્ડેક્સમાં પણ પીછેહઠ જોવા મળી હતી.

જોકે, ક્રૂડતેલના ભાવ ઘટતાં ફુગાવાલક્ષી દબાણ ઘટવાની સાથે વર્ષ ૨૦૨૬માં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાત થવાની શક્યતા પણ પ્રબળ બનતાં આજે સોનાની તેજીને ટેકો મળ્યો હોવાનું એક્ટિવ ટ્રેડના વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવ્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૬ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. પાંચના સુધારા સાથે રૂ. ૩૮૨૫થી ૩૮૬૫માં થયાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહી હતી. જોકે, આજે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ અને અમુક માલની ગુણવત્તા નબળી આવતા ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૬નો ઘટાડો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં માગને ટેકે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૪૨થી ૪૧૪૦માં ટકેલા ધોરણે થયા હતા.

# પાંખાં કામકાજે સન રિફાઈન્ડમાં નરમાઈ, મથકો પાછળ સરસવમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૩૮ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૩૩ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ એકંદરે આજે વૈશ્વિક મિશ્ર અહેવાલ અને પાંખાં કામકાજો વચ્ચે આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા અને મથકો પાછળ દેશી તેલમાં સરસવના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ની આગેકૂચ જળવાઈ રહી હતી. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૮૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૮૦ અને રૂ. ૧૫૦૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫ અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૧૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ અને રાજકોટ મથકે મગફળીની અનુક્રમે ૬૦૦૦ અને ૨૦૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૦૦ના મથાળે થયા હતા. તેમ જ આજે ગોંડલ મથકે ૧૦ કિલોદીઠ સિંગતેલના વેપાર રૂ. ૧૫૭૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૩૦થી ૧૪૪૦માં અને કૉટન રિફાઈન્ડના વેપાર રૂ. ૧૪૭૫માં થયા હતા, જ્યારે રાજકોટનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૧૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ - ટ્રાન્સપોર્ટ
પૂર્વિય પરાં
નં. EE / Tr. / ES / ૧૦૯૦ / SWM તા. ૦૬.૦૫.૨૦૨૬
ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર (BMC) નીચેના ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ & ઈ-બીડ નં. | બાના રકમ ડિપોઝીટ (રૂ.) | ટેન્ડર ફી (રૂ.) | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | સિટિ ડિવિઝનમાં વિવિધ વિભાગોમાં અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી માટે લાયસન્સ વિભાગના ઉપયોગ માટે ભાડાના ધોરણે મજૂરો વિના અતિક્રમણ વાહનોની સપ્લાય. ગ્રુપ-A (A, B, C, D & E વોર્ડ) ટેન્ડર ID:- ૨૦૨૬_MCGM_૧૩૦૦૫૪૬_૧ | ૧૯,૦૦૦/- | ૩,૯૯૩/- @ + ૧૮% GST | ૦૭.૦૫.૨૦૨૬ ----------- સાં. ૦૪.૦૦ ક. | ૧૪.૦૫.૨૦૨૬ ----------- સાં. ૦૪.૦૦ ક. |
| ૨ | સિટિ ડિવિઝનમાં વિવિધ વોર્ડમાં અતિક્રમણ દૂર કરવાની કાર્યવાહી માટે લાયસન્સ વિભાગના ઉપયોગ માટે ભાડાના ધોરણે મજૂરો વિના અતિક્રમણ વાહનોની સપ્લાય. ગ્રુપ-B (F/S, F/N, G/S & G/N વોર્ડ) ટેન્ડર ID:- ૨૦૨૬_MCGM_૧૩૦૦૫૪૭_૧ | ૨૩,૦૦૦/- | ૩,૯૯૩/- @ + ૧૮% GST | ૦૭.૦૫.૨૦૨૬ ----------- સાં. ૦૪.૦૦ ક. | ૧૪.૦૫.૨૦૨૬ ----------- સાં. ૦૪.૦૦ ક. |

ટેન્ડર નકલ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) (https://mahatenders.gov.in/) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

સહી/-
એક્ઝિક્યૂટીવ એન્જિનિયર (Tr.) E/S

PRO/272/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

વૃક્ષ પ્રાધિકરણ

**- પબ્લિક નોટીસ -**

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (જાન્યુઆરી ૨૦૧૯ સુધી સુધારિત)ની કલમ ૮(૩)(સી) હેઠળની જોગવાઈને અનુરૂપ **ઝોન-Iમાં** 'E' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ, 'B' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ, **ઝોન-IIમાં** 'G/સાઉથ' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ, 'F/સાઉથ' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ, 'G/નોર્થ' વોર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ કુલ ૦૫ પ્રસ્તાવ વૃક્ષોને હટાવવા માટે મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રી ઓથોરિટી/BMCની ટ્રી ઓથોરિટી/ મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન, ટ્રી ઓથોરીટી (BMC)ની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

૧. ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ ટ્રાન્સપ્લાન્ટીંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ- https://mcgm.gov.in → About us → ward / Department → Department manuals → Gardens & Tree Authority → Tree Authority → Public notice 7 days → ૩૪૩ **- 7 Days - Z- I, II** ઉપર ઉપલબ્ધ છે.

૨. ઉપર જણાવેલ પ્રસ્તાવો માટે નાગરિકોના વાંધા/ સૂચનો જો કોઈ હોય તો, સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસમાં આ નોટીસ છપાયાની તારીખથી ૭ દિવસમાં નિયત કરેલ ફોર્મેટમાં મંગાવાય છે.

૩. તમે તમારા સૂચનો/ વાંધાઓ આ ઈમેલ-ID પર નિયત કરેલ ફોર્મેટમાં સુપ્રત કરી શકો છો. નિયત કરેલ ફોર્મેટમાં તમારા સૂચનો/ વાંધાઓ bdysg.ta@mcgm.gov.ine જણાવેલ સમયમાં પ્રાપ્ત થશે તેની નોંધ લેવાશે. સદર તારીખ પછી પ્રાપ્ત થયેલ ઈમેલ અથવા લેખિત સૂચનો/ વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. મેળવવામાં આવેલ સૂચનો/ વાંધા માટેની સુનાવણી તા. ૧૮/૦૫/૨૦૨૬ના સાંજે ૪.૩૦ ક. સાંજે ૫.૦૦ ક. સુધી સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસમાં થશે. જેમને આ સુનાવણીમાં હાજર રહેવું જરૂરી જણાય છે તેઓ તેમના ઈ-મેલ, સૂચનો/ વાંધાઓની નકલ સાથે હાજર રહે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર**
સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસ,
૨જો માળ, હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડીંગ,
V.J.B. ઉદ્યાન & ઝૂ, સંત સાવતા માલી માર્ગ,
ભાયખલા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ. નં. ૨૩૭૪૨૧૬૨
ઈમેલ- dysg.ta@mcgm.gov.in

સહી/-
સુપ્રી. ઓફ ગાર્ડન્સ
ઓફ ટ્રી ઓફિસર

PRO/263/ADV./2026-27

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# ખાદ્યપદાર્થના વેપારીઓને લાઈસન્સ-રાજમાંથી મુક્તિ

## કેન્દ્ર સરકારના નિયમોને આધીન રહીને રાજ્યના અન્ન અને નાગરી પુરવઠા ખાતા દ્વારા આદેશ જારીઃ વેપારીઓને મોટી રાહત

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે ખાદ્ય પદાર્થોના જથ્થાબંધ અને છૂટક વેપારીઓને મોટી રાહત આપી છે. તેમને હવે અન્ન, નાગરી પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગ પાસેથી કોઈપણ પ્રકારનું લાઇસન્સ લેવાની જરૂર રહેશે નહીં. આમ હવે ખાદ્યપદાર્થના વેપારીઓને લાઈસન્સ-રાજમાંથી મુક્તિ મળી છે.

અન્ન, નાગરી પુરવઠા વિભાગ દ્વારા ગયા અઠવાડિયે જારી કરાયેલા નવા આદેશ મુજબ, તેલ, તેલીબિયાં, ચોખા, ઘઉં અને તેમાંથી બનેલા ઉત્પાદનો (રવો, મેંદો, ઘઉંનો લોટ), જુવાર, બાજરી, ખાંડ, ગોળ, કઠોળ, ખાદ્ય તેલ, કાંદા અને બટેટાનો વેપાર કરતા વેપારીઓને હવે ખાદ્ય અને પુરવઠા વિભાગ પાસેથી કોઈપણ પ્રકારનું લાઇસન્સ લેવાની જરૂર રહેશે નહીં.

આ નિર્ણયનું સ્વાગત કરતા, ઓલ ઇન્ડિયા એડિબલ ઓઇલ ટ્રેડર્સ ફેડરેશનના પ્રમુખ શંકર ઠક્કરે મુંબઈ સમાચારને એવી માહિતી આપી હતી કે, ૨૦૧૬માં 'વ્યવસાય કરવાની સરળતા'ને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકારે તેલ, તેલીબિયાં, ચોખા, ઘઉં, જુવાર, બાજરી, ખાંડ, ગોળ, કઠોળ, વનસ્પતિ ઘી, કાંદા અને બટેટા જેવી આવશ્યક ચીજવસ્તુઓ માટે લાઇસન્સ જરૂરિયાત નાબૂદ કરી હતી.

૨૦૨૨માં કઠોળના વધતા ભાવને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારે રાજ્યોને સ્ટોક મર્યાદિત કરવાની અને જરૂર પડ્યે લાઇસન્સિંગ સિસ્ટમ ફરીથી (જુઓ પાનું ૪) ▶▶

# પાલિકાની હૉસ્પિટલોના સફાઈના કૉન્ટ્રેક્ટમાં શું રંધાઈ રહ્યું છે?

## આઠ હૉસ્પિટલની સફાઈનો કૉન્ટ્રેક્ટ એક જ કંપનીને આપવાના નિર્ણયને પગલે નગરસેવકોના સવાલઃ મિલિભગતની શંકા વ્યક્ત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત હૉસ્પિટલોમાં ત્રણ વર્ષ માટે સફાઈ સેવા માટેનો સિંગલ કૉન્ટ્રેક્ટનો પ્રસ્તાવ બુધવારે સ્થાયી સમિતિએ નકારી કાઢ્યો હતો. એ પણ નોંધવામાં આવ્યું હતું સમિતિની મંજૂરી પહેલાં જ કેટલીક હૉસ્પિટલોમાં કામ શરૂ થઈ ગયું હતું. આ પગલાંની ટીકા કરતા સ્થાયી સમિતિના અધ્યક્ષે પાલિકાના અધિકારીઓને સ્થાયી સમિતિને નહીં ગણકારવા બદલ ચેતવણી આપી હતી અને પ્રસ્તાવને પુનર્વિચાર માટે પ્રશાસનને પાછો મોકલી દીધો હતો.

મુંબઈની આઠ પાલિકાની મહત્ત્વની હૉસ્પિટલ જેમાં કેઈએમ, સાયન, નાયર, કૂપર, ભગવતી, અગ્રવાલ, જોગેશ્વરી, ટ્રોમા અને નાયર ડેન્ટલનો સમાવેશ થાય છે. આ હૉસ્પિટલોમાં સફાઈ સેવા માટે એક જ કૉન્ટ્રેક્ટ આપવા માટે ૧૦૧ કરોડ રૂપિયાનો પ્રસ્તાવ બુધવારે સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માટે મૂકવામાં આવ્યો હતો. પ્રશાસને તમામ આઠ હૉસ્પિટલની સફાઈનું કામ એક જ કંપનીને સોંપવાનો નિર્ણય લીધો હતો. જોકે આ પ્રસ્તાવ જયારે ચર્ચા માટે સ્થાયી સમિતિમાં આવ્યો ત્યારે સમિતિના તમામ સભ્યોએ તેનો વિરોધ કર્યો હતો. પાલિકાની આરોગ્ય સમિતિના અધ્યક્ષ હરીશ ભાંડિર્ગેએ આરોપ કર્યો હતો કે મંજૂર થયા વગર જ કેટલીક હૉસ્પિટલોમાં માર્ચ મહિનાની શરૂઆતમાં જ કામ શરૂ થઈ ગયું છે.

પાલિકાના સભાગૃહના નેતાએ એક જ કંપનીની મોનોપોલી (જુઓ પાનું ૪) ▶▶

# મિસિંગ લિંક પર સેલ્ફી પડાવવાની રાજકારણીઓને છૂટ?

## પિંપરી-ચિંચવડના મેયર અને ભાજપના પ્રવકતાએ નિયમ તોડ્યો, પણ દંડ થયો નહીં

પુણેઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવેના મિસિંગ લિંક પર વાહનો રોકવા અને સેલ્ફી લેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. એમએસઆરડીસી તરફથી કડક ચેતવણીઓ છતાં, નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનો એક નવો કિસ્સો સામે આવ્યો છે. સરકારમાં રહેલા લોકો જ નિયમનું ઉલ્લંઘન કરતા જોવા મળ્યા હતા. પુણેના પિંપરી-ચિંચવડના મેયર રવિ લાંડગેના મિસિંગલિંક પર લીધેલા ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેના કારણે વહીવટીતંત્ર પર બેવડા ધોરણ અપનાવવાના આરોપો લાગ્યા છે. રવિ લાંડગે સાથે ભાજપના ઉપાધ્યક્ષ કેશવ ઉપાધ્યાયના ફોટા પણ વાયરલ થયા છે.

પોલીસ દ્વારા વારંવાર ચેતવણી આપવામાં આવી હોવા છતાં રવિ લાંડગે (જુઓ પાનું ૪) ▶▶

# મોંઘવારીનો માર: ઉનાળાની ગરમીને કારણે શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો

થાણેઃ હાલ મહારાષ્ટ્રમાં કાળઝાળ ગરમી પડી રહી છે જેની અસર શાકભાજીના ઉત્પાદન પર પડી છે. જેના કારણે ભાવમાં તોતિંગ વધારો થયો છે. થાણે શહેરના બજારમાં વાશી, નાશિક, પુણે, સતારા જેવા વિવિધ જિલ્લાઓમાંથી શાકભાજી આવે છે. આ વર્ષે મે મહિનાના પહેલા અઠવાડિયામાં ઊંચા તાપમાન, પાકને નુકસાન, પાણીની અછત અને પરિવહન સમસ્યાઓના કારણે શાકભાજીની આવક ઘટી છે. આનાથી થાણે અને ઉપનગરોના બજારો પર અસર પડી છે. આવક ઘટવાના કારણે, ભાવમાં ૨૦ થી ૩૦ ટકાનો વધારો થયો છે. એવું જોવા મળે છે કે ભીંડા, ટીંડોરા, કોબી, રીંગણ, દૂધી, વટાણા, પાલક અને મેથી જેવા લીલા શાકભાજીની આવકમાં ઘટાડો થયો છે. સૌથી વધુ વધારો ફણસીના ભાવમાં જોવા મળી રહ્યો છે. પહેલા ભાવ ૬૦ રૂપિયા પ્રતિ કિલો હતા, હવે તે ૬૦ રૂપિયા કિલો વેચાઈ રહી છે. લીલા મરચા પહેલા ૬૦ રૂપિયા પ્રતિ કિલો વેચાતા હતા તે હવે ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહ્યા છે. પાંદડાવળી ભાજીના ભાવમાં ૧૦ થી ૨૦ રૂપિયાનો વધારો થયો છે. શાકભાજીના ભાવમાં વધારો સામાન્ય નાગરિકોના બજેટ પર સીધી અસર કરી રહ્યો છે. વધતા તાપમાનને કારણે બજારમાં લીંબુની માંગ વધી છે. માગમાં વધારાને કારણે બજારમાં લીંબુના ભાવમાં વધારો થયો છે. છૂટક બજારમાં પહેલા પાંચ રૂપિયા પ્રતિ નંગના ભાવે વેચાતા લીંબુ હવે ૮ થી ૧૦ રૂપિયામાં વેચાઈ રહ્યા છે. શહેરમાં આંધ્રપ્રદેશથી લીંબુ આવી રહ્યા છે. ■

**શાકભાજીના ભાવ**

| શાકભાજી | પહેલાં (₹/કિલો) | હવે (₹/કિલો) |
|---|---|---|
| ટામેટાં | ૩૦-૪૦ | ૫૦-૬૦ |
| દોડકા | ૬૦ | ૮૦ |
| કોબી | ૮૦ | ૧૦૦ |
| રીંગણ | ૪૦ | ૫૦ |
| કાકડી | ૪૦ | ૬૦ |
| દૂધી | ૬૦ | ૭૦ |
| બીન્સ | ૬૦ | ૧૬૦ |
| વટાણા | ૬૦ | ૧૦૦ |
| મરચાં | ૬૦ | ૧૦૦ |
| આદુ | ૮૦ | ૧૦૦ |
| મેથી | ૩૦ | ૪૦-૫૦ |
| પાલક | ૨૦ | ૩૦-૪૦ |

# વડાપાંઉથી લઈને થાળી સુધી બધું મોંઘું થશે

મુંબઈઃ દેશમાં રેસ્ટોરાં અને હોટેલ ઉદ્યોગ હાલમાં મોટા નાણાકીય સંકટમાંથી પસાર થઈ રહ્યો છે. એક તરફ કાચા માલના વધેલા ભાવ અને બીજી તરફ, ઇંધણના વધેલા ભાવે હોટેલ માલિકોને મુશ્કેલીમાં મૂકી દીધા છે. ઘણા હોટેલ માલિકોએ હવે મદદ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો તરફ મીટ માંડી છે.

હોટેલ ઉદ્યોગના એક અગ્રણીએ આ બાબતમાં વહીવટી વિલંબને જવાબદાર ઠેરવ્યો છે. રાજ્યના ઘણા રેસ્ટોરન્ટ્સે ખર્ચ ઘટાડવા માટે પાઇપ્ડ નેચરલ ગેસ (પીએનજી) પર સ્વિચ કરવાનો નિર્ણય લીધો છે. તેમણે તેના માટે અરજી પણ કરી છે અને ડિપોઝિટ પણ ચૂકવી છે. આ છતાં, તેમને કનેક્શન મળ્યું નથી. આ કારણે, ઘણી હોટલોને હજુ પણ મોંઘા કોમર્શિયલ ગેસ સિલિન્ડર પર આધાર રાખવો પડે છે. સરકારે આ કોમર્શિયલ ગેસ સિલિન્ડરો પર વિવિધ કર અને સેવા શુલ્કમાં વધારો કર્યો છે. હાલની મંદીમાં હોટલ માલિકો માટે આ ભાવ વધારો અસહ્ય બની રહ્યો છે. હવે આ ભાવ વધારો પાછો ખેંચવાની માગ જોર પકડી રહી છે. માત્ર ગેસ જ નહીં, પરંતુ હોટલ માલિકો અન્ય સમસ્યાઓનો પણ સામનો કરી રહ્યા છે. ■

# હોટેલ તાજ, ટ્રાઈડન્ટને આવ્યા ધમકીભર્યા કૉલઃ પનવેલનો રહેવાસી પકડાયો

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં આવેલી હોટેલ તાજ તેમ જ ટ્રાઇડન્ટમાં હુમલાની ધમકી આપવા બદલ કોલાબા પોલીસે પનવેલના રહેવાસીને તાબામાં લીધો હતો.

નવી મુંબઈના પનવેલમાં વિચુંબે ગામના રહેવાસી સંતોષ સાવંતને તાબામાં લેવાયો હતો અને તેને કોલાબા પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો, જ્યાં તેની પૂછપરછ કરાઇ હતી.

હોટેલ તાજ અને ટ્રાઇડન્ટને સોમવારે રાતે ૯.૩૦ વાગ્યાની આસપાસ ધમકીભર્યો કૉલ પ્રાપ્ત થયો હતો. અજાણી વ્યક્તિએ કૉલ કરીને બંને પંચતારક હોટેલમાં હુમલો કરવામાં આવશે, એવો દાવો કર્યો હતો.

ધમકીભર્યો કૉલ આવ્યા બાદ તેની જાણ પોલીસને કરવામાં આવી હતી અને પોલીસે તાત્કાલિક ત્યાં સુરક્ષા વધારી દીધી હતી. કોલાબા પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે બિનદખલપાત્ર ગુનાની નોંધ કરીને તપાસ હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન ધમકીભર્યો કૉલ જે નંબર પરથી આવ્યો હતો, તેને ટ્રેસ કરાયો હતો અને તેનું લોકેશન મળી આવ્યા બાદ પોલીસે સંતોષ સાવંતને તાબામાં લીધો હતો. પૂછપરછમાં સંતોષ સાવંતે કૉલ કર્યાનું કબૂલ્યું હતું. ધમકીભર્યો કૉલ કરવા પાછળનો હેતુ જાણવા પોલીસ તેની પૂછપરછ કરી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

## મુંબઈગરા સંભાળજો
# ગરમી સાથે જ આગનું પ્રમાણ વધ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરા હાલ આકરી ગરમી અને ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે અને આગામી દિવસમાં તાપમાનનો હજી વધારો થવાની શકયતા છે ત્યારે ઉનાળામાં દિવસમાં વધતા તાપમાનને કારણે ઘરમાં, ઓફિસમાં તેમ જ કમર્શિયલ એસ્ટાબ્લિશમેન્ટમાં વિદ્યુત યંત્રણામાં દબાણ આવીને શોર્ટ સર્કિટ, ઓવરલોડિંગને કારણે આગ લાગવાનું પ્રમાણ વધી રહ્યું છે. તેથી મુંબઈગરાને નિયમોનું પાલન કરીને તકેદારીના પગલાં લેવાની સલાહ મુંબઈ ફાયરબ્રિગ્રેડે આપી છે.

મુંબઈમાં બુધવારે સાંતાક્રુઝમાં મહત્તમ ૩૪.૧ ડિગ્રી અને લઘુતમ ૨૫.૩ ડિગ્રી તાપમાન તથા વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૬ ટકા નોંધાયું હતું. કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬ ડિગ્રી તેમ જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૭ ટકા નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાને કારણે ગરમી અને ઉકળાટનો અનુભવ નાગરિકો કરી રહ્યા છે. ગરમી વધવાને કારણે ઘરમાં, ઓફિસમાં તથા દુકાનોમાં પંખા, એરકંડિશન, કુલર, ફ્રિજ સહિત ઈલેક્ટ્રિક સાધનોનો ઉપયોગ મોટા પ્રમાણમાં કરવામાં આવી રહ્યો છે. તેથી આગ લાગવાની ઘટનામાં વધારો થયો છે.

એ સિવાય ઉષ્ણ અને સૂકા વાતાવરણ અને જ્વલનશીલ પર્દાથની અયોગ્ય રીતે સ્ટોક કરવાથી, કચરો બાળવાથી તેમ જ ગૅસના ગળતર જેવા કારણોથી પણ આગનું જોખમ વધી જાય છે. એ બાબતને ધ્યાનમાં રાખીને મુંબઈ ફાયરબ્રિગેડે નાગરિકોને સતર્ક રહીને આવશ્યક તકેદારી લેવાની અપીલ કરી છે. ■

**આગ લાગે ત્યારે અહીં ફોન કરો**

કોઈ પણ પ્રકારની આગની ઘટના ઘટે તો મુંબઈ ફાયરબ્રિગેડને ૧૦૧ અથવા ૦૨૨-૨૩૦૦૧૩૯૦, ૦૨૨-૨૩૦૦૧૩૯૩ નંબર પર સંપર્ક સાધવાની અપીલ ફાયરબ્રિગેડે મુંબઈગરાને કરી છે.

# પુણેમાં નવ વર્ષની પૌત્રીનો વિનયભંગ કરવા બદલ દાદાની ધરપકડ

## ઘટના બાદ લોકોમાં રોષ ફેલાયોઃ રસ્તા પર ઊતરી આવીને કર્યું વિરોધ પ્રદર્શન

પુણેઃ પુણેમાં દાદા અને પૌત્રીના સંબંધને કલંકિત કરતી ઘટના મંગળવારે રાતે બની હતી. અહીંના પર્વતી વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટીમાં નવ વર્ષની પૌત્રીનો વિનયભંગ કરવા પ્રકરણે ૭૦ વર્ષના દાદાની ધરપકડ કરવામાં આવી હતી. ઘટના બાદ રોષે ભરાયેલા સ્થાનિકો રસ્તા પર ઊતરી આવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેને પગલે વાતાવરણ તંગ બનતાં આખા વિસ્તારમાં પોલીસ દ્વારા (જુઓ પાનું ૪) ▶▶

# સરકારી કર્મચારીઓ માટે હિન્દીની પરીક્ષા મુલતવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ફરી હિન્દી વિરુદ્ધ મરાઠીનો વિવાદ વિકરાળ સ્વરૂપ પકડે તે પહેલાં જ મહારાષ્ટ્ર સરકારે પારોઠનાં પગલાં ભરીને સ્થિતિને નિયંત્રણમાં લેવાનો પ્રયાસ શરૂ કર્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. અગાઉ હિન્દીના વિષય પર થયેલા આંદોલનોને કારણે સરકારને જે નુકસાન ઉઠાવવું પડ્યું હતું તેને કારણે હવે વિવાદ વધે તે (જુઓ પાનું ૪) ▶▶

## ઉદ્ધવ ઠાકરે જૂથમાં અસ્વસ્થતા
# પક્ષના વિધાનસભ્ય - સાંસદ વચ્ચેના મતભેદથી રાજકીય ભૂકંપનો સંકેત

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં હાલમાં ઓપરેશન ટાઈગરની ચર્ચા ચાલી રહી છે. વારંવાર કહેવામાં આવી રહ્યું છે કે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં શિવસેનાના સંસદ સભ્યોનો એક મોટો સમૂહ અલગ થઈ શકે છે. મંગળવારે પ્રધાન અને શિવસેનાના નેતા સંજય શિરસાટે કહ્યું હતું કે આજે નહીં તો આવતી કાલે એ થઈને જ રહેશે. ઓપરેશન ટાઈગર ક્યારે અને ક્યાં કરવું એ એકનાથ શિંદે સાહેબ બરાબર જાણે છે. જે દિવસે જરૂર પડશે, એકનાથ શિંદે સાહેબ ઓપરેશન ટાઈગરને સફળ બનાવશે. ઉદ્ધવ ઠાકરે જૂથના ઘણા (જુઓ પાનું ૪) ▶▶

# ઘોડબંદરના નવાનક્કોર રસ્તા પર ખોદકામ

થાણેઃ ઘોડબંદરના રહેવાસીઓ મુશ્કેલી વગર મુસાફરી કરી શકે એ માટે મુખ્ય અને સર્વિસ રોડ કનેક્શન પ્રોજેક્ટમાં રસ્તાઓનું કોંક્રિટિંગ કરવાનું કામ ચાલી રહ્યું છે. ઘણી જગ્યાએ રસ્તાનું કામ પણ પૂર્ણ થઈ ગયું છે અને આ નવા ખાલી થયેલા રસ્તા પર કેટલીક જગ્યાએ ખોદકામ ચાલી રહ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે રસ્તાના કામ દરમિયાન દટાયેલા ઇલેક્ટ્રિકલ કેબલના સમારકામના કામને કારણે આ ખોદકામ થઈ રહ્યું છે. આ પ્રસંગે રસ્તાના કામમાં આયોજનમાં ઠેકાણા ન હોવાનું ચિત્ર ફરી એકવાર સામે આવ્યું છે.

ઘણી જગ્યાએ રસ્તો સાંકડો થઈ ગયો છે. સર્વિસ રોડ પર ગેરકાયદેસર પાર્કિંગ પણ વધી ગયું હતું. આને ધ્યાનમાં રાખીને, ઘોડબંદરના મુખ્ય અને સર્વિસ રોડ કનેક્શન પ્રોજેક્ટનું કામ હાથ ધરવામાં આવ્યું છે અને આ રસ્તાઓનું કોંક્રિટીકરણ કરવામાં આવી રહ્યું છે. જોકે, આ નવા ખાલી રસ્તા પર ખોદકામ કરવામાં આવી રહ્યું હોવાનું જોવા મળી રહ્યું છે. ઘોડબંદરથી થાણે જતા રસ્તા પર રોડના આનંદનગર, માનપાડા વિસ્તારોમાં નવો નક્કોર રસ્તો ખોદવામાં આવ્યો છે અને કેટલીક જગ્યાએ ખોદકામ કર્યા પછી ફરીથી સમારકામ કરવામાં આવ્યું છે. કેટલીક જગ્યાએ યોગ્ય રીતે સમારકામ કરવામાં આવ્યું નથી.

ઘોડબંદર મુખ્ય અને સર્વિસ રોડ કનેક્શન કાર્યમાં કાપુરબાવડીથી ગાયમુખ સુધીના ૧૦.૫૦ કિમીના મુખ્ય અને સર્વિસ રોડને એકબીજા સાથે જોડવામાં આવી રહ્યો છે. આ કાર્યનો ખર્ચ ૫૬૦ કરોડ થવાનો અંદાજ છે. આ કાર્યમાં ૨ હજાર ૧૯૬ જેટલા વૃક્ષોને અસર થઈ છે. આ ઉપરાંત અહીં મહાવિતરણના બોક્સ, ઇલેક્ટ્રિક થાંભલા અને હાઇ-પ્રેશર નળીઓ ખસેડવા માટે ૬૯ કરોડનો ખર્ચ થવાની ધારણા છે. ■

## એમએમઆરડીએના પ્રોજેક્ટ સાઈટ પર અકસ્માતનો સિલસિલો ચાલુ જ
# હવે વરલી-શિવડી એલિવેટેડ રોડ પ્રોજેક્ટ સાઈટ પર એક્સિડન્ટઃ એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ના પ્રોજેક્ટ સાઈટ પર એક્સિડન્ટ થવાની વણઝાર કઈ થોભતી નથી. સોમવારે મોડી રાતે એલિવેટેડ રોડના કામ દરમ્યાન લોખંડની ફ્રેમ ક્રેન એક જગ્યાથી બીજી જગ્યાએ લઈ જતા સમયે એક મજૂરના પેટ અને છાતીમાં તે લાગી જતા તે ઘટના સ્થળે જ બેભાન થઈ ગયો હતો. સારવાર દરમ્યાન મંગળવારે તેનું મૃત્યુ થયું હતું. ભોઈવાડા પોલીસે ક્રેનના ડ્રાઈવર સહિત સુપરવાઈઝર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

દક્ષિણ મુંબઈથી અટલ સેતુ ઝડપથી પહોંચી શકાય તે માટે એમએમઆરડીએ દ્વારા વરલી-શિવડી એલિવેટેડ રોડનું કામ કરવામાં આવી રહ્યું છે. સોમવારે મોડી રાત પરેલમાં કેઈએમ હૉસ્પિટલ નજીક આચાર્ય દોંદે માર્ગથી પરેલ ટીટી દરમ્યાન ચાર લોંખડના ફ્રેમ ક્રેન લઈને જવાનું કામ કામગારો કરી રહ્યા હતા. બે ફ્રેમ પહોંચ્યા બાદ બાકીની ફ્રેમ ઊંચકીને લઈ જતા સમયે ક્રેનના ડ્રાઈવરની બેદરકારી કારણે ક્રેન હલી જતા લોંખડની ફ્રેમ પણ હલી ગઈ હતી અને નજીક કામ કરી (જુઓ પાનું ૪) ▶▶

# કલ્યાણની જેલમાં આરોપીનું મૃત્યુઃ તંત્રની બેદરકારીનો પરિવારનો આરોપ

થાણેઃ કલ્યાણની આધારવાડી જેલમાં તમ્મર અને શ્વાસ લેવામાં તકલીફ પછી આરોપીનું મૃત્યુ થતાં જેલના સત્તાવાળાઓની બેદરકારીને કારણે યુવાને જીવ ગુમાવ્યાનો આરોપ પરિવારજનોએ કર્યો હતો.

જેલમાં મૃત્યુ પામેલા યુવાનની ઓળખ હૃષીકેશ પવાર (૨૭) તરીકે થઈ હતી. ડોમ્બિવલીમાં રહેતા પવારનો સાપ્તાહિક માર્કેટમાં વિવાદ થયો હતો, જેને કારણે ગુનો નોંધી પોલીસે તેની ધરપકડ કરી હતી. પવારને આધારવાડી જેલમાં રાખવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ મંગળવારે એકાએક પવારનું સ્વાસ્થ્ય લથડ્યું હતું. ચક્કર આવવાની સાથે તેને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. પહેલાં તેને જેલ હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. ત્યાંથી ઉલ્હાસનગરની સેન્ટ્રલ હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. રાતે ૯.૩૦ વાગ્યે તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતાં પવારના પરિવારના સભ્યો અને રહેવાસીઓ (જુઓ પાનું ૪) ▶▶

# સંરક્ષણ સંસ્થાઓ નજીક બાંધકામો માટે NOC માટે મોડેથી આગ્રહ કરી શકાય નહીંઃ હાઈ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઈકોર્ટે આઈએનએસ ટ્રાટાની નજીક સ્થિત બે નિવાસી ઇમારતોને ઓક્યુપન્સી સર્ટિફિકેટ આપવાનો આદેશ આપતાં કહ્યું છે કે સંરક્ષણ સંસ્થાઓ નજીક બાંધકામો માટે નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) માટે મોડેથી આગ્રહ રાખી શકાય નહીં.

ન્યાયાધીશ જી.એસ. કુલકર્ણી અને આરતી સાઠેની બેન્ચે પાંચમી મેના ચુકાદામાં નોંધ્યું હતું કે સંરક્ષણ અધિકારીઓ તરફથી એનઓસી મેળવવા માટે સંબંધિત અધિકારીઓ દ્વારા કાયદાની જરૂરિયાત મુજબ યોગ્ય બિન-મનસ્વી, ન્યાયી અને વાજબી અભિગમની જરૂર છે, જેની નકલ બુધવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

બેન્ચે અવલોકન કર્યું હતું કે જો સુરક્ષા ચિંતાઓ અને ખતરાની ધારણા અંગે બચાવ પક્ષની દલીલનો કોઈ આધાર હોય, તો કાયદા (જુઓ પાનું ૪) ▶▶

# મેટ્રો-થ્રીના ઈન્ટરનેશનલ ઍરપોર્ટ સ્ટેશનમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રો-થ્રીના અંડરગ્રાઉન્ડ સ્ટેશન ટર્મિનલ-ટૂ એટલે કે ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર બુધવારે બપોરના આગ લાગી હતી. મેટ્રો પ્રશાસને તાત્કાલિક મેટ્રો સ્ટેશનમાં રહેલા પ્રવાસીઓને સ્ટેશનની બહાર કાઢ્યા હતા. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું.

મેટ્રો પ્રશાસનના જણાવ્યા મુજબ આરે જેવીએલઆર અને કફપરેડ વચ્ચે દોડતી મેટ્રો-થ્રી ઍકવા લાઈનના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ ટી-ટૂ સ્ટેશનના ટેક્નિકલ રૂમમાં સાંજના લગભગ ૪.૧૦ વાગે આગ લાગી હતી. આગ લાગવાની સાથે જ (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર).
ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**